# વિ – વિદ્યાનગર

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**


ડિસેમ્બર, ૨૦૧૧

વર્ષ : ૧૩ અંક : ૧૨

(સળંગ અંક ૪૮૨)

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

***સ્થાપના વર્ષ***

૧૯૪૫





***તંત્રી***

રાજેન્દ્રસિંહ જાડેજા • હરિ દેસાઈ

***પરામર્શન***

રમેશ એમ. ત્રિવેદી • જયન્ત ઓઝા

***સંપાદન***

ભગીરથ બ્રહ્મભટ્ટ • સુધીર મુખરજી

***સંપાદન-સહાય***

શૈલેષ ઉપાધ્યાય • ગિરીશ ચૌધરી

***પ્રકાશક***

પ્રિ. આર.પી.પટેલ

માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર - ૩૮૮ ૧૨૦

•

***આવરણ***

અજિત પટેલ

•

***મુદ્રક***

આણંદ પ્રેસ, ગામડી

कर्मण्येवाऽधिकारस्ते

***અધ્યક્ષ***

ડૉ. સી.એલ. પટેલ

***માનદ મંત્રી***

પ્રિ. આર.પી.પટેલ

***માનદ કાર્યકારી મંત્રી***

પ્રિ. એસ.એમ. પટેલ

***માનદ સહમંત્રીઓ***

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ


## *વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ*

**પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો,કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી**


**અંકની છૂટક કિંમત રૂા. ૧૫/- • રવાનગી ખર્ચ રૂા. ૧૦/**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ. સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણવિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય; વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ. સી.એલ.પટેલની નિસ્બત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

સ્વર્ણિમ ગુજરાત
1960-2010

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**<u>આ માસની કાવ્યકણિકા</u>**

**વેળ હતી, ને આવિયા અમે,**
**વેળ થઈ છેઃ હીંડતા થશું,**
**મળિયાં એવાં દિલ અહીં કે**
**મ્હેક બધે એ ચીંધતા જશું.**

**• હસિત બૂચ**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ડિસેમ્બર, ૨૦૧૧
વર્ષ : ૧૩ અંક : ૧૨
(સળંગ અંક ૪૮૨)


**आयुषः क्षण एकोऽपि**
**सर्व रत्नैर्न लभ्यते ।**
**नीयते स वृथा येन**
**प्रमादः सुमहानहो ॥**

**આયુષ્યની એક ક્ષણ પણ બધાં રત્નો વડે મેળવી શકાતી નથી. જે માણસથી તે નકામી વેડફાય છે, તેની, અરેરે! ખૂબ મોટી ભૂલ છે.**

**(સંકલિત)**


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ શિક્ષકનું ગુરુમાં અવતરણ ★ ડૉ.સી.એલ.પટેલ
॥ પ્રાથમ્ય ॥ ડિસેમ્બરનું મહાત્મ્ય ★ હરિ દેસાઈ
॥ આપણો વારસો અને વૈભવ ॥ પદ્ય વિભાગ ॥ / 2
॥ ગદ્ય વિભાગ ॥ 'ભારતીની આત્મકથા'નો એક અંશ ★ કનૈયાલાલ મુનશી / 3
॥ નવાં કાવ્યો ॥ ★ સુધીર પટેલ, જતીન મારુ, પરાજિત ડાભી, કિશોર મોદી, જિગર જોષી 'પ્રેમ', નીલેશ પટેલ, જિતેન્દ્ર પ્રજાપતિ, અલ્પેશ 'પાગલ' / 4
॥ લઘુકથા ॥ પ્રયત્ન ★ રવીન્દ્ર અંધારિયા / 6
॥ લઘુકથા ॥ થેંક યુ! ★ ફિલિપ ક્લાર્ક / 7
॥ નવલિકા ॥ હડફેટ ★ ડૉ. પ્રભુદાસ પટેલ / 8
॥ ચિંતન ॥ સરદારની ચરોતરને શીખઃ ગુલામોને વળી કુળ કેવાં? ★ હરિ દેસાઈ / 12
॥ વ્યક્તિવિશેષ ॥ હૂંફાળા વિનોદી માનવીઃ મહારાજા કૃષ્ણકુમાર સિંહ ★ ગંભીરસિંહ ગોહિલ / 14
॥ ગ્રંથાંશ ॥ ઝીણાના દાદા પૂંજા વાલજી ઠક્કરનું મનોમંથન ★ દિનકર જોષી / 20
॥ રમન્તે તત્ર દેવતા ॥ કન્યાવિવાહની ઉંમર સોળ વર્ષ ★ પારુલટીના દોશી / 31
॥ મરક મરક ॥ સવળા શબ્દોના અવળા અર્થ ★ રતિલાલ બોરીસાગર / 34
॥ પ્રસંગપરાગ ॥ સુધીર મુખરજી / 35

# શિક્ષકનું ગુરુમાં અવતરણ

શિક્ષક એટલે આદર્શ વ્યક્તિ જે જ્ઞાન પ્રાપ્ત કરીને બીજાઓમાં જ્ઞાનનો પ્રસાર કરે. શિક્ષકનો વ્યવસાય કોઈ સામાન્ય વ્યવસાય નથી. એ પવિત્રતા સાથે જોડાયેલો છે. એટલે જ ભારતમાં જ્ઞાનની દેવી સરસ્વતીની એ જ પવિત્ર ભાવથી પૂજા-આરાધના કરવામાં આવે છે. શિક્ષક એટલે કર્મચારી નહીં, પરંતુ વિદ્યાર્થીના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ યાને કે તે ગુરુના દરજ્જાને પ્રાપ્ત કરે છે. જો તે પોતાના વ્યવસાયમાં પવિત્રતા જાળવે તો આવું શક્ય છે. પહેલાંના સમયમાં આ જવાબદારી બ્રાહ્મણોને સોંપવામાં આવતી. બ્રાહ્મણગુરુ જ્ઞાન તેમ જ બીજા આયુધો જેવા કે ધનુષ્યવિદ્યા કે બીજી વિદ્યાઓમાં પોતે પારંગત થતા અને તેમની પાસે જે કોઈ વિદ્યા પ્રાપ્ત કરવા આવતા તેમને જાતિ-વર્ણ પ્રમાણે વિદ્યા પ્રદાન કરવામાં આવતી. આપણે કૃષ્ણ-સુદામાની વાત કરીએ તો કૃષ્ણ રાજકુમાર હતા, તો સુદામા ગરીબ બ્રાહ્મણ હતા, છતાં બંને પોતાની જ્ઞાનપિપાસા માટે ગુરુના એક જ આશ્રમમાં વિદ્યાભ્યાસ કરી શકતા હતા. આ જ રીતે જે ક્ષત્રિયકુળમાંથી આવતા હોય તેમના માટે જરૂરી રાજનીતિ અને યુદ્ધશાસ્ત્રનો અભ્યાસ આ જ આચાર્યો અને ઋષિઓ પોતાની જવાબદારી સમજી નિભાવતા હતા. જે તે વખતે આવા આશ્રમોને અને આવી જ બીજી જવાબદારીઓમાં રાજ્યસત્તા તરફથી સહાય પૂરી પાડવામાં આવતી હતી. એ જમાનામાં આચાર્યો, ઋષિઓ અને આવા ગુરુઓ જ્ઞાનપિપાસુ મહાનુભાવોને યોગ્ય જ્ઞાન પ્રાપ્ત થાય તેના માટે સુસજ્જ રહેતા અને સામાન્ય સમાજથી માંડીને રાજ્યસત્તા સુધીનો બધો જ વ્યવહાર આવી જ્ઞાનસભર વ્યક્તિઓ મારફત સુચારુ રીતે ચાલતો, કારણ કે એ તંત્ર ચલાવનાર વ્યક્તિને યોગ્ય માર્ગદર્શન મળી રહેતું.

હાલ શિક્ષકની વ્યાખ્યા બદલાતી જઈ રહી છે. આપણે સમજી શકીએ છીએ કે દરેકને પોતાની અને પોતાના કુટુંબની જવાબદારી માટે આજીવિકા રળવાની જરૂર હોય છે. એટલે તે રીતે શિક્ષકોની ભરતી થતી હોય ત્યાં પગાર વગેરે મેળવવા પ્રયત્ન થાય, પરંતુ જે શિક્ષકનો વ્યવસાય સ્વીકારે, તે તેની પવિત્રતા જાળવે. આ તેની પ્રથમ જવાબદારી બને છે.

આ સમજીને ફરજ બજાવે તે શિક્ષક ગુરુની વ્યાખ્યામાં આવે. આજે જે શિક્ષક માત્ર પગારવાંચ્છુ બને તે માત્ર કર્મચારીની શ્રેણીમાં આવે છે એવું મારું માનવું છે.

જે શિક્ષક પોતાની જવાબદારી નિભાવી ના શકે તેનામાં સ્વાર્થવૃત્તિ વધારે હોવાથી પરમાર્થની ભાવના ઓછી હોય. વ્યવસાયની પવિત્રતા નહીં જાળવનાર શિક્ષક ગુરુ ના બની શકે.

આપણા દેશમાં દરેક જણ ભ્રષ્ટાચાર વિશે વાતો કરે છે. પરંતુ પોતે પવિત્રતા જાળવે નહીં તે ભ્રષ્ટ ગણાય. જે શિક્ષક પોતાના વ્યવસાયમાં ગુરુપદ પ્રાપ્ત કરી શકે તે જ પવિત્રતાનો અધિકાર મેળવે. બાળકોના ઘડતર માટે પોતાના બાળકોની જેમ જ જવાબદારી નિભાવે. પોતાના ખર્ચનું આયોજન એવી રીતે કરવું જોઈએ કે જેથી પોતાને મળતા પગારમાં પૂરું ખર્ચ નીકળે. આવક કરતાં વધુ ખર્ચ કરનારા શિક્ષકો પોતાની જવાબદારી ચૂકે છે, તેથી જ સમાજને અન્યાય કરે છે. તેમને જે જવાબદારી સોંપી હોય તેવાં બાળકોના ઘડતર માટે કૃતનિશ્ચય નથી હોતા. ભ્રષ્ટાચારની વાત કરનારે વર્ગમાં પૂરી જવાબદારી સંભાળી વિદ્યાર્થીનું ઘડતર કરવું પડે, જેથી માબાપે ટ્યુશન કે બીજા માટે નાણાં ખર્ચવા પડે નહીં. સમાજે જાગવું પડશે, નહીં તો નુકસાન બાળકોને થશે. બાળકોનું ઘડતર યોગ્ય રીતે નહીં થાય તો ૨૧મી સદીમાં જે નાગરિકોને દુનિયાની હરોળમાં પોતાનો વિકાસ અને પ્રગતિ કરવાની હોય તેનાથી વંચિત રહેશે. આપણો દેશ જે રીતે ઈચ્છે છે તેવી પ્રગતિ નહીં થાય.

શિક્ષક કામકાજમાં નિયમિતતા જાળવે. હાજરી વિગેરેમાં ચોક્સાઈ રાખે, જે તે વિષયનું જ્ઞાન પ્રાપ્ત કરીને નિપુણતા કેળવે, તો જ યોગ્ય ઘડતર શક્ય બને. સમાજે જાગૃત થઈને આવા કોઈ કર્મચારી થકી અન્યાય ના થાય તેની તકેદારી રાખવી પડશે. શિક્ષક બની ગુરુની વ્યાખ્યામાં આવનારાઓને બળ પૂરું પાડવું એ સમયની માંગ છે. જેટલી જવાબદારી મોડી તેટલું સમાજને નુકસાન વધુ એટલે જ સમાજ અને શિક્ષકોએ જ્ઞાનમાં ઉચ્ચ શિખરો સર કરનાર ગુરુ-શિષ્ય પરંપરાને પુનઃસ્થાપિત કરવાની જરૂર છે. આજના યુગમાં શિક્ષકોની વિશેષ જવાબદારી રાષ્ટ્રપ્રેમના પ્રસારની છે. રાષ્ટ્રપ્રેમી સમાજપ્રેમી બને. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ કેળવવા માટે શિક્ષણ મૂલ્યનિષ્ઠ બનાવવું જોઈએ.

(૧૯ નવેમ્બર ૨૦૧૧)

સી.એલ.પટેલ

## ડિસેમ્બરનું મહાત્મ્ય

ઈશુના વર્ષ ૨૦૧૧નો અંતિમ મહિનો વીતેલા વર્ષની સમીક્ષા અને આત્મનિરીક્ષણ ઉપરાંત જાન્યુઆરી વર્ષથી શરૂ થતા નવા વર્ષ ૨૦૧૨ માટેના સંકલ્પોનો મહિનો તો ખરો જ. સાથે જ અનેક મોટાં વ્યકિતત્વો સાથે એનો સંબંધ પણ ખરો. ઈશુના જન્મદિન ૨૫ ડિસેમ્બરને નાતાલ તરીકે ઉજવવામાં હવે ખ્રિસ્તી- ખ્રિસ્તેતરના ભેદ રહયા નથી. ૨૫થી ૩૧ ડિસેમ્બરનું મહાત્મ્ય વિશ્વવ્યાપી છે. એમ તો ૬ ડિસેમ્બરે મહોરમનો પણ તહેવાર આવે છે. આ જ દિવસ અયોધ્યામાં બાબરી ધ્વંશ સાથે ઈતિહાસમાં અંકાયો છે.ગીતા જયંતી પણ ડિસેમ્બરમાં જ આવે છે.

અખંડભારતના શિલ્પી અને ભારતરત્ન સરદાર વલ્લભભાઈ પટેલનું અવસાન ૧૫ ડિસેમ્બર ૧૯૫૦ના રોજ થયું હોવાથી સરદાર પટેલ યુનિવર્સિટીનો દીક્ષાંત સમારોહ પણ આ જ દિવસે યોજવામાં આવે છે. બોચાસણવાસી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા(બીએપીએસ)ના આરાધ્યપુરુષ પૂ.પ્રમુખસ્વામી મહારાજના જન્મ દિવસ ૨ ડિસેમ્બરને તેમના પ્રાગટય દિવસ તરીકે મનાવાય છે.

૨૫ ડિસેમ્બર જ ભારતીય રાજપુરુષ અને પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો જન્મ દિવસ. સાથે જ પાકિસ્તાનના રાષ્ટ્રપિતા અને 'પ્રતિનાયક' કાયદેઆઝમ મોહમ્મદઅલી ઝીણાનોય એ જન્મ દિવસ. ૬ ડિસેમ્બર ૧૯૫૬ના રોજ ભારતીય બંધારણ ઘડનારી સમિતિના અધ્યક્ષ ભારતરત્ન ડૉ.બાબાસાહેબ આંબેડકરે અંતિમ શ્વાસ લીધા. એટલે બંધારણ ઘડવામાં સરદાર પટેલ સાથે જોડાયેલા આ મહામનાનું સ્મરણ થવુંય સ્વાભાવિક છે. ભારતના સૌથી વિદ્વાન રાજપુરુષ તરીકે જેમની ગણના થતી રહી એવા ચક્રવર્તી રાજગોપાલાચારી(રાજાજી)નું આ વિશ્વમાં અવતરણ ૧૦ ડિસેમ્બર ૧૮૭૮ના રોજ થયું હતું. પ્રથમ ભારતીય ગવર્નર-જનરલ, કેન્દ્રમાં ગૃહમંત્રી, મદ્રાસના મુખ્યમંત્રી અને બંગાળના રાજયપાલ રહેલા રાજાજી કયારેક પંડિત જવાહરલાલ નેહરુના લાડકા હતા, તો સ્વતંત્ર પક્ષની સ્થાપના કર્યા પછી નહેરુને સૌથી વધુ કઠતા પણ રહયા. સાહિત્યસ્વામી રાજાજીએ તમિળ અને અંગ્રેજીમાં સાહિત્યસર્જક તરીકે પણ પોતાનો સિકકો જમાવ્યો હતો.

ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિમાં જે શિરમોર લેખાયા એ કનૈયાલાલ માણેકલાલ મુનશી ૩૦ ડિસેમ્બરના રોજ જે વર્ષમાં એટલે કે ૧૮૮૭માં જન્મ્યા એ જ વર્ષમાં બહુચર્ચિત ગુજરાતી નવલકથા 'સરસ્વતીચંદ્ર'નું (ગો. મા.ત્રિપાઠીકૃત) પણ પ્રકાશન થયું. મુનશીની સવાસોમી જન્મજયંતીની ઉજવણી આ વર્ષના ડિસેમ્બરથી શરૂ થાય ત્યારે ગુજરાતી સર્જક મુનશીના સરદાર પટેલ સાથે રહીને સોમનાથ જીર્ણોધ્ધાર અને હૈદરાબાદને ભારતસંઘ સાથે જોડવાના મહાયોગદાનનું પણ સ્મરણ થવું સ્વાભાવિક છે. મુનશી જેવા જ મહારથી ઉમાશંકર જોશી પણ સાહિત્યસેવાથી સમાજ અને રાજકારણ સુધી પ્રભાવ પાથરી શકયા. ૧૯ ડિસેમ્બર ૧૯૮૮ના રોજ એમણે જીવનલીલા સંકેલી ત્યાં લગી તો ઈડર સ્ટેટના બામણા ગામથી લઈને ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરના શાંતિનિકેતન અને રાજયસભા સુધી ગુજરાતી સંસ્કૃતિના આ પ્રણેતાએ પોતાનાં સદ્‌કર્મોની સુવાસ પ્રસરાવી હતી.

ડિસેમ્બર ૨૦૧૧ના 'વિ-વિદ્યાનગર'માં અમે રાષ્ટ્રનાયક સરદાર પટેલ અને પ્રતિનાયક મોહમ્મદઅલી ઝીણાના વ્યકિતત્વને સ્પર્શતા બે અભ્યાસલેખ મૂકવાની સાથે જ ભાવનગરના પ્રજાવત્સલ રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજીના હૂંફાળા વિનોદી વ્યકિતત્વનાં દર્શન કરાવતા અભ્યાસલેખને તેમના શતાબ્દી વર્ષના તર્પણ તરીકે મૂકયો છે. ઉ.જો.કૃત નવલકથા 'સ્વપ્નદ્રષ્ટા' માંથી 'ભારતીની આત્મકથા' નો અંશ પણ મૂકયો છે. આપના પ્રતિભાવો અને સૂચનોની અપેક્ષા જરૂર છે.

(૨૧ નવેમ્બર ૨૦૧૧) • **હરિ દેસાઈ**

## કાવ્યકણિકાઓઃ ઉમાશંકર જોશી

### (૧૯ ડિસેમ્બર, કવિની પુણ્યતિથિએ)

'સૌન્દર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'

●

'વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવીઃ
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ.'

●

'મને વ્હાલી વ્હાલી કુદરત ઘણી, કિંતુ અમૃતે
મનુષ્યે છાયેલી પ્રિયતર મને કુંજ ઉરની.'

●

'ત્રણ વાનાં મુજને મળ્યાંઃ હૈયું, મસ્તક, હાથ,
બહુ દઈ દીધું, નાથ! જા, ચોથું નથી માગવું.'

●

'સ્વયંવરે જીવન સુંદરીના
જોવાય ના જન્મ, પરંતુ પૌરુષ,
– એ સ્થાપવા જીવું છું ને મરીશ.'

●

'બારણાં બંધ હું જ્યારે કરું છું, ચિત્તમાં રહ્યું
કોક ત્યાં બોલી ઊઠે છેઃ 'કોણ બ્હાર રહી ગયું?''

●

'નથી મેં કોઈની પાસે વાંછ્યું, પ્રેમ વિના કંઈ,
નથી કે કોઈમાં જોયું વિના સૌંદર્ય કૈં અહીં.'

●

'બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત, સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન
તેને.'

●

'અન્નના ભક્ષનારા તે થશે ભક્ષ જ અન્નના;
ખાઈ ખાઉધરાં સૌને, ભૂખ્યાંને અન્ન ખોજશે.'

●

'અશક્તિ આત્મહત્યાની તેને આશા કહે જનો;
મૃત્યુથી ત્રાસતાં તોયે જિંદગી અર્ક મૃત્યુનો.'

●

'મળી ત્યારે જાણ્યુંઃ મનુજ મુજશી, પૂર્ણ પણ ના;
છતાં કલ્પ્યાથીયે મધુરતર હૈયાંની રચના.'

●

'આંહી લોકે લખલખ જનોમાંય એકાકી રહેવું,
મૂંગામૂંગા સહન કરવું, ના હયાનેય કહેવું.'

●

'બધો પી આકંઠ પ્રણય, ભુવનોને કહીશ હું;
રહ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'

'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી;
માથે ધરું ધૂળ વસુંધરાની.'

●

'પરાગ જો અંતરમાં હશે તો,
એ પાંગરીને કદી પુષ્પ ખીલશે;
મનોરથો સ્વપ્ન મહીં હશે તો
સિદ્ધિરૂપે કાર્ય વિશે જ જન્મશે.'

●

'મારા અરે મૌનસરોવરે આ
કો ફેંકશો ના અહીં શબ્દકાંકરી;
મારું વીંટાશે સ્થિર પ્રાણપુષ્પ
તરંગની વર્તુલ શૃંખલામાં.'

●

'મારી ન્યૂનતા ના નડી તને,
તારી પૂર્ણતા ગૈ અડી મને.'

●

'જે જે થતો પ્રાપ્ત ઉપાધિયોગ,
બની રહો તે જ સમાધિયોગ.'

●

'સંપૂર્ણતા હુંથી પરી રહો સદા;
આનંદ માગું હું અપૂર્ણતાનો.'

●

'પરાર્થે તરે આંખમાં આંસુ જ્યારે,
મળે મર્દને સ્ત્રીની ઊંચાઈ ત્યારે.'

●

'પી જાણે હાલાહલો હોઠથી જે
હૈયે તેણે અમ્રતો છે પીવાનાં.'

●

'ધુરા વહે જે જનતાની અગ્રીણો,
તે પંગતે હો સહુથી ય છેલ્લા.
ને બ્રાહ્મણો, સૌમ્ય વિચારકો, તે
સત્તા તણા રે ન પુરોહિતો બને.'

●

'મરે છે મરે છે મરે છે રાત દિન
પૂરતું મરતાં નથી આવડતું માનવીને.'

●

'ભમ્યાં કર્યું છે વળી ને ભમીશ
પૃથ્વી પરે દેશવટે ગયા સમો.'

(લોકમિલાપ ટ્રસ્ટ ભાવનગર પ્રકાશિત 'કાવ્ય-કણિકા'માંથી સાભાર)

# ‘ભારતીની આત્મકથા’નો એક અંશ

‘...ઓ ભાઈ! એનાં (મારા પ્રાણનાં) દર્શન કરવા, એનું સ્વાગત કરવા, એનાં પાયવંદન કરવા હું તલસું છું – પણ ક્યારે આવશે? – ને આવશે તો આવી અધમને સ્વીકારશે? આવા વિચારે વ્યાકુળ બની હું આ એકાંત વનમાં વાટ જોતી બેઠી છું, બાપુ! તું જ્યાંથી આવ્યો ત્યાં ચાલ્યો જા. મારી કથનીમાં બહુ સાંભળવા જેવું નથી.’

સુદર્શન આ વાત સાંભળી દિંગ થઈ ગયો. તેને આ સુંદરીની ઓળખાણ જાણે પહેલેથી પડી હોય એમ લાગતું હતું, પણ તે કોણ હતી તે સ્પષ્ટ સમજાયું નહિ.

‘મા! ગભરાશો નહિ. હું તમારા પ્રાણને શોધી આપીશ. હું પ્રતિજ્ઞા કરું છું. પણ એ કેમ જડે? એ કેમ ઓળખાય?’

આંસુ સારતી સુંદરીનાં મ્લાન નયનોમાં તેજ આવ્યું.

‘મારા પ્રાણને કેમ પિછાનવો? બેટા, એને પિછાનવો સહેલ છે, કેમ કે સૃષ્ટિમાં એનો સમોવડિયો કોઈ નથી.’

‘જ્યારે ગગનવિહારી ને મહત્ત્વાકાંક્ષી માનવતા જુએ – જ્યારે રૌદ્રરસપ્રેમી ને વિનાશવિસી પ્રભાવ જુએ – જ્યારે સર્વાંગસંપૂર્ણ વ્યવસ્થાત્મક સર્જકતા જુએ ત્યારે ઓળખજે મારા પ્રાણને.’

‘જ્યારે મર્યાદાવિહોણું ને ભ્રાંતિ વિનાનું જ્ઞાન જુએ – જ્યારે સૂક્ષ્મ ને વિશાલ દૃષ્ટિ જુએ – જ્યારે અંધકાર ભેદવાની સતત ઉત્કંઠા જુએ ત્યારે ઓળખજે મારા પ્રાણને.’

‘જ્યારે આચાર ને વિચારની બેપરવાઈ જુએ – જ્યારે ઉગ્ર ને અવિચળ આત્મનિષ્ઠા જુએ ત્યારે – સમય ને સ્થિતિનું સ્વામિત્વ મેળવાનો નિશ્ચય જુએ ત્યારે ઓળખજે મારા પ્રાણને.’

‘જ્યારે મનોહર ભાવનાની સતત સેવા જુએ – જ્યારે સ્થૂળ ને સૂક્ષ્મ સૌન્દર્યની અવિરત ભક્તિ જુએ – જ્યારે તેને વ્યક્ત કરવાની સર્વભક્ષી મહેચ્છા જુએ ત્યારે ઓળખજે મારા એ પ્રાણને.’

‘જ્યારે દુષ્પ્રાપ્ય કીર્તિની વૈશ્વાનરસમી ભૂખ જુએ – જ્યારે સર્વોપરી સત્તાનો સીમા વિનાનો મોહ જુએ – જ્યારે અપાર સમૃદ્ધિ સરજાવવાનો અને સંચય કરવાનો શોખ જુએ – ત્યારે ઓળખજે એ મારા પ્રાણને.’

‘જ્યારે રસઘેલી મસ્તીનો મોહક નશો જુએ – જ્યારે ક્ષણેક્ષણનો વિલાસ અનુભવવાની અધીરતા જુએ – જ્યારે સ્થળ, કાળ ને દેહના ભેદ છતાં મેળવેલી પ્રેમની પરમ સિદ્ધિ જુએ ત્યાં ઓળખજે એ મારા પ્રાણને.’

‘જ્યારે દેશને જાતિથી પર એવો ન્યાય જુએ – જ્યારે વર્ણ ને યોનિથી પર એવું ઔદાર્ય જુએ – જ્યારે દાનનો જ નિરંકુશ લોભ જુએ ત્યારે ઓળખજે એ મારા પ્રાણને.’

‘જ્યાં આ બધાં લક્ષણો એકાગ્ર થાય – જ્યાં પળેપળમાં જીવનનો રસ જણાય – જ્યાં પ્રાપ્તિ, કર્તવ્ય ને ઉપભોગમાં જ પળેપળની તપશ્ચર્યા સમાપ્ત થતી જણાય – જ્યાં પ્રફુલ્લ શક્તિનો નિષ્કામ આવિર્ભાવ જણાય ત્યાં જડશે એ મારા પ્રાણ!’ કહી પેલી સુંદરી ગર્વથી ચોમેર જોઈ રહી...

સુદર્શને માથું નમાવ્યું ને બોલ્યોઃ ‘ઓળખું છું. ઓળખું છું. મા! ગભરાશો નહિ. અને લઈ આવીશ. પણ તમે ક્યાં મળશો?’

પેલી સુંદરીએ ઊંચું જોયું. તેની ભવ્ય મુખમુદ્રા પર અવર્ણનીય વેદના જણાઈ...

‘હું ઓળખું છું – ઓળખું છું’ કહેતો સુદર્શન ‘મા’ની પાસે જવા ગયો... ચારે તરફ જોયું તો નિર્જન ટેકરી પર તે બેઠો બેઠો આંખો ચોળતો હતો... ‘જ્યારે જુએ ત્યારે ઓળખજે મારા એ પ્રાણને...’ કહી સ્વપ્નમાં સાંભળેલાં વાક્યો તે યાદ કરી રહ્યો.

‘મા! મા! હું તમારા પ્રાણ પાછા લઈ આવીશ’, તે ઠમકીને ઊભો, ‘ નહિ તો પ્રાણ જતા કરીશ’, કહી તે ત્યાંથી ચાલ્યો, અને દોડતો દોડતો ટેકરી પરથી ઊતરતાં બોલ્યોઃ ‘વંદે માતરમ્.’

(ગુજરાતી ભાષાના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યસર્જક કનૈયાલાલ મુનશી કૃત નવલકથા ‘સ્વપ્નદૃષ્ટા’માંથી દેશના સ્વાતંત્ર્યસંગ્રામની ઘટનાનું આ ભાવચિત્ર છે. આ માસમાં ક.મા. મુનશીના જન્મસવાશતાબ્દીનો આરંભ થાય છે તે પ્રસંગે.)

## ઝળહળ

**સુધીર પટેલ**

બિરાજે જળ પર ઝળહળ ઝળહળ!

ફૂલ પર, ઝાકળ પર ઝળહળ ઝળહળ!
દીપ નથી પ્રગટાવ્યાં ઝાડ ઉપર,

આતો કૂંપણ પર ઝળહળ ઝળહળ!
સૂરજ નહિ, છે કોઈનું આંસુ;

એની ઝળહળ પર ઝળહળ ઝળહળ!
કોઈ ચહેરે ખુશી ફરકાવું
એવી એક પળ પર ઝળહળ ઝળહળ!

આગમન તણો અંદાજ કરી જો
એની અટકળ પર ઝળહળ ઝળહળ!

ઉકેલે ગઝલ અગમને 'સુધીર',
એવા અંજળ પર ઝળહળ ઝળહળ!

(7504, Double Springs Court,
Charlotte - NC - 28262, USA)

## ગઝલ

**જતીન મારુ**

જશો કેમ? વચ્ચે સનમ રોકશે,
તમારા જ, તમને કદમ રોકશે.

થશે લાગણીનીય થોડી અસર,
વધારે તો એની કસમ રોકશે.

ક્ષણોમાં રચાયેલ સંબંધ છે,
છતાં એ જ જન્મોજનમ રોકશે.

નજરનો જુગારી ભલે હારતો,
નવા દાવે તગડી રકમ રોકશે.

પુકારે છે સપનાં, ગઝલ કોઈ લખ,
'જતીન' ક્યા સુધી તું કલમ રોકશે?

(ખારવા ચકલો, ઝંડુ ભટ્ટની શેરી, સેન્ટ્રલ બેંકની સામે,
જામનગર – ૩૬૧ ૦૦૧)

## પ્રશ્ન જૂનો એ જ

**પરાજિત ડાભી**

દાખલો ખોટો હતો ગણતો રહ્યો.
ગ્રંથ તો કોરો હતો ભણતો રહ્યો.

સ્વપ્નનો પાયો હતો મજબૂત પણ,
હું હવાથી મ્હેલને ચણતો રહ્યો.

એક ટીપું દર્દ આખર ના મળ્યું,
ઝખ્મ આળા રોજ હું ખણતો રહ્યો.

હું સ્વયમની નગ્નતાને ઢાંકવા,
પારદર્શક વસ્ત્રને વણતો રહ્યો.

કોણ છું ને કેમ છું બસ એ કહો,
પ્રશ્ન જૂનો એ જ સણસણતો રહ્યો.

(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં. ૩૪/એ,
ગુરુકુળ વિદ્યાલય પાસે, ફુલસર, ભાવનગર – ૩૬૪ ૦૦૪.
મો.: ૯૮૨૪૯૦૩૯૦૩)

## સાત દરિયા

**કિશોર મોદી**

લાગણીથી આવજે તું,
સાત દરિયા લાવજે તું.

એક પરવટાતા ત્યજીને,
હોંશને સોહાવજે તું.

કૈં ગણ્યું ભૂલ્યું કરીને,
રાજીપો રેલાવજે તું.

ગાન તમરાંનું સુણીને,
ચાંદની બોલાવજે તું.

મનની બારી ખોલી નાંખી,
તેજને તેડાવજે તું.

(1407, New York Ave, Glen Allen VA 23060-3816)

## સફર છે ખેડી

**જિગર જોષી 'પ્રેમ'**

કોણ અહીંથી ચાલ્યું આખી વસંતને અંગોમાં તેડી,
મહેક મહેકથી ફાટફાટ છે ગામ, ગલી, ફળિયું ને મેડી.

શ્વાસ સતત મુંઝાય બિચારા કેવી ફરતી કાળ-ચકેડી,
રોજ વધે છે પગ ઈચ્છાના; ટૂંકી પડતી રોજ પછેડી.

''હાથ'' હોત તો શસ્ત્ર બનીને ''મૂળ'' તુરંત જ દેત ઉખેડી,
''આંખ'' બિચારી ભટાક ભોળી સમણાંને ના શકે તગેડી.

અલગ હશે એ માર્ગ જીવનનો કે જ્યાં સહુએ સફર છે ખેડી,
નથી કોઈ આગળ કે પાછળ ''અમે નિરંતર નવી જ કેડી''.

મુજ અણસમજુને પહેરાવીને સમજણની ખોટી બેડી,
સાચ્ચું કહું છું હરિ તમોને તમે જ આખી રમત બખેડી.

હડધૂત કીધી, ગાળો બાંડી, ઘરથી એને રોજ તગેડી,
કેવી નફ્ફટ છે આ ઉદાસી રોજે ખેંચે તોય પછેડી.

રોમ રોમ રણઝણવા લાગ્યું; આજ બધું ઝળહળવા લાગ્યું,
આજ હયાતીના તારોને બોલો કોણ ગયું આ છેડી?

પહાડ જેવી પીડા આપી એનું દુઃખ સહેજેય નથી પણ,
હાથ નથી આપ્યા તેં ઈશ્વર! નહિતર લઉં એને પણ તેડી.

નથી ભરાતું એક કદમ પણ શ્રદ્ધા નામે અહીંયા છૂટથી,
કૈંક યુગોથી બંધાઈ છે પગમાં આ શંકાની બેડી.

છતાંય એની નજાકતો પર આંચ જરીકે ''જિગર'' ન આવી,
સલામ છે એ પતંગિયાને ફૂલો પર શું સફર છે ખેડી!

('પ્રેમ', ૫૯/ગંગોત્રી પાર્ક, યુનિ. રોડ, રાજકોટ-૫.
મો.: ૯૯૨૫૧૫૭૪૭૫)

## હાલત નહીં રહે

**નીલેશ પટેલ**

ઈચ્છા જો પૂર્ણ થાય તો આહત નહીં રહે,
મનમાં અધૂરી કોઈ શિકાયત નહીં રહે.

શ્રીમંતના તો લાખ ગુના માફ થઈ જશે,
પણ રંકની તો ખાનગી બાબત નહીં રહે.

જખ્મો જ જાનહાનિ પહોંચાડશે કદી,
જીવીશ ત્યાં સુધી તને રાહત નહીં રહે.

હમણાં તો મળવા જાય છે એને ખબર નથી,
કે પાછા વળતા સ્ફૂર્તિલી હાલત નહીં રહે.

ગઝલો ઘુટાયલી લખે કવિઓ તો સારું છે,
નહિતર મુશાયરામાં ય ચાહત નહીં રહે.

(શ્રી કલ્યાણી ટ્રેડર્સ, સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ,
પો. સાયણ, તા. ઓલપાડ, જિ. સુરત – ૩૯૪ ૧૩૦. મો.:
૯૯૦૯૬૩૨૨૯૧)

## ચહેરા ઉપર

**જિતેન્દ્ર પ્રજાપતિ**

વેદના નિર્મળ હતી ચહેરા ઉપર;
શૂન્યતા કેવળ હતી ચહેરા ઉપર.

અર્થભીના આંસુઓ ટપક્યા હતા;
શબ્દની સળવળ હતી ચહેરા ઉપર.

કો' વિચારે આમ એ બેઠા હશે?
તર્જની નિર્બળ હતી ચહેરા ઉપર.

આંગળી વેઢે ગણ્યા વર્ષો અને;
આખરી કો' પળ હતી ચહેરા ઉપર.

સભ્યતા મારી છતાં ટૂંકી પડી;
લાગણી ખળખળ હતી ચહેરા ઉપર.

(મુ.પો. બગદાણા, તા. મહુવા, જિ. ભાવનગર, પીન-
૩૬૪ ૧૪૫. મો.: ૯૬૨૪૬૫૭૩૫૪)

## ફંદા કરતો'તો

**અલ્પેશ 'પાગલ'**

કાગળ જેવી જાત લઈને હોડી હોડી રમતો'તો
મારો બેટો માણસ જીવવા કેવા ફંદા કરતો'તો.

ઘૂઘવાટ છિપલાની અંદર કેદ બનાવી લેવો છે,
પાછો એને છિપલાનો એક હાર પરોવી લેવો છે,
માછલી-ઘરમાં માછલિયું છે પણ એને સંતોષ નથી
ઉછળતા દરિયાને એના કાચની પાછળ જોવો છે,
તરસ, તરસ પર ગોઠવતો'તો, મૃગજળ મૃગજળ રમતો'તો,
મારો બેટો માણસ જીવવા કેવા ફંદા કરતો'તો.........

આખો દિ એ આંખ મીંચી રૂપિયાની પાછળ ભાગે છે,
આખી રાત એ છટકી જાતા સપના પાછળ જાગે છે,
ફાસ્ટ-ફૂડ-ખાઈને ફેટ બને છે ઈચ્છાઓ,
ફિગર જાળવી રાખવા માટે દોડતી એને રાખે છે,
એક જ સપનાની ચ્યુંઈંગમ આખી રાત ચગળતો'તો...
મારો બેટો માણસ જીવવા કેવા ફંદા કરતો'તો.........

વૃક્ષોની સાથે પંખીનો કલરવ કાપી નાખે છે,
રોજ સવારે અખબારોમાં ચીસો છાપી નાખે છે,
ને દુભાતી લાગણિયુંને હૂંફ આપવા માટે – તો,
જ્યાં જ્યાં ઘર બળતું જોવે છે ત્યાં ત્યાં તાપી નાખે છે,
ડ્રોઈંગ રૂમની ભીંત ઉપર એ ટહુકાઓ ચીતરતો'તો...
મારો બેટો માણસ જીવવા કેવા ફંદા કરતો'તો.........

(એ.પી. પાઠક, 'અમિપ્રભા', ૧૦૧-એ, કિડવાઈનગર,
મેઈન રોડ, ઉત્સવ એપા. સામે, રૈયા ચોકડી, રાજકોટ – ૩૬૦

# પ્રયત્ન

## રવીન્દ્ર અંધારિયા

મને કલ્પના ન હતી કે અમારા પ્રેમનું પારિજાત આટલું જલ્દી કરમાઈ જશે. નથી રહ્યો કોઈ રોમાંચ કે નથી રહ્યો કોઈ ઉમંગ. બસ... સ્વાતિની કચકચ ને સુદીપની શરારત... પણ સ્વાતિ આટલી શુષ્ક તો કદી ન હતી, તો પછી આ પરિવર્તન શાથી? પ્રશ્ને મને અંતર્મુખ બનાવ્યો... મેં જ્યારથી પ્રમોશન લીધું છે, કદાચિત્ ત્યારથી આ રામાયણ શરૂ થઈ છે, પણ મારી આવકનો વધારો અન્તતોગત્વા તેની સુખાકારીના વધારાની ગેરન્ટી જ છે ને? તો પછી આમ કેમ? નીરસ બની રહેલા મારા દામ્પત્ય જીવનનું વિશ્લેષણ કરતાં હું થાક્યો એટલે મેં રેડિયો ઑન કર્યો. તો સાંભળ્યું, 'પ્રેમ એ કદી ન કરમાય એવું પુષ્પ છે કારણ કે તે વ્યક્તિની ઈચ્છા પર અવલંબે છે.' ને મારા મનમાં ઝબકારો થયો.

તેના સંદર્ભે રાત્રિભોજન સમયનો રાબેતા મુજબનો સન્નાટો ભંગ કરતાં મેં જાહેર કર્યું, 'સાતમ-આઠમની રજાઓ આપણે આબુ ઉપર ગાળીશું' ને સ્વાતિને અંતરાસ ગયો. તેને પાણી ધરતાં મેં પૂછ્યું, "સ્વાતિ! મારો વિચાર ન ગમ્યો કે!!"

તેણે જવાબ આપવાને બદલે માથું ધુણાવ્યું.

પાંચમની સાંજે અમે આબુ પર હતાં. ફૂલગુલાબી ઠંડીમાં મેં સ્વાતિને કહ્યું, "વાહ, સ્વાતિ! આ સ્વેટર તને ખૂબ શોભે છે, યુ લુય બ્યુટીફૂલ!!"

તે વિસ્મયથી મારી તરફ તાકી રહી. પળવાર પછી બોલી, "ઓહ! તો હવે મેનેજર સાહેબની નજર આ સ્વેટર પર પડી! આ સ્વેટર તો આ પહેલા પણ હું ઘણીવાર પહેરી ચૂકી છું, નામદાર!!"

તેમ છતાં નિરાશ થયા વગર મેં તેનામાં રસ લેવાનું ચાલુ રાખ્યું. પ્રેમના પારિજાતને સજીવન કરવાના સંકલ્પ સાથે મારા તમામ આગ્રહો – અભિમાન વગેરેને ભાવનગર મૂકીને હું આબુ આવ્યો હતો. તેથી જ હું સ્વાતિ–સંદીપના તમામ પ્રસ્તાવ સ્વીકારે જતો હતો... સ્વીકારે જતો હતો. એવું ન હતું કે મારા આ વર્તન પરિવર્તનની નોંધ સ્વાતિએ લીધી ન હતી. પરંતુ તે હજુ સાવ તાણમુક્ત થઈ શકી ન હતી. પરિણામે તેને ખુશ કરવા હું અછો અછો વાના કરતો રહ્યો. આથી જ આબુની વિદાય વેળાએ સ્વાતિએ ધડાકો કર્યો કે વાતાવરણ કેટલું બદલાયેલું છે! શું હજુ વધુ એકાદ દિવસ આપણે અહીં રોકાઈ ન શકીએ?

"કેમ નહિ?... એકાદ દિવસ શા માટે? તારી ઈચ્છા હોય તો એકાદ અઠવાડિયું ય ખરું... વાતાવરણ ખરેખર ખુશનુમા છે!!... અને વળી મેં તો પંદર દિવસની લીવ પણ સેંક્શન કરાવી છે." મેં ઉત્સાહથી જાહેર કર્યું. પરંતુ તેની નજરમાં ચોર પકડ્યાની મગરૂબીએ ડોકિયું કર્યું, ને તે મરકી.

અમારી કોટેજ ખુશીની ખુશ્બૂથી મઘમઘી ઉઠી.

રાત્રે સ્વાતિએ મારી છાતી પર માથું મૂક્યું ત્યારે જ મને ખબર પડી કે સ્વાતિ રહી રડી હતી. મેં તેના વાળમાં આંગળીઓ ખોસી પસરાવતા પસરાવતા પૂછ્યું, "સ્વાતિ! અહીં નથી ગમતું? તો આપણે કાલે સવારમાં જ અહીંથી નીકળી જઈશું."

સ્વાતિથી ડૂસકું મુકાઈ ગયું. મેં તેને છાતીસરસી ચાંપી દીધી, કપાળે ચૂમી લઈ થોડીવાર સુધી તો તેની પીઠ થાબડતો રહ્યો. તેના શ્વાસે અને મારા શ્વાસે એક સરખી રીધમ પકડી. ત્યારે તે બોલી, "સંજય! શું એવી કોઈ બાબત છે કે જે મને નથી જણાવવાની?"

હું તો આશ્ચર્યચક્તિ થઈ ગયો. મારાથી બોલાઈ ગયું, "શું વાત કરે છે તું? તારાથી કશું છુપાવાનું હોય!!"

"તો ખાવ મારા સંદીપના સોગંદ" એકદમ બેઠી થઈ ઉત્તેજનાપૂર્વક બોલી, "હું જે પૂછીશ તેનો સાચ્ચો જ જવાબ આપશો, કશું છુપાવશો નહિ."

આ અપ્રત્યાશિત વર્તને મને મૂંઝવ્યો. તો પણ તેને આશ્વાસન દેવા બોલ્યો, "અરે પગલી... તારાથી કશું..."

"ના... એમ નહિ ખાવ મારા સંદીપના સોગંદ" જાણે કે તેને મારામાં વિશ્વાસ જ રહ્યો ન હતો.

"ભલે... લે સંદીપના સમ હું કશું નહિ છુપાવું."

"એવું તો નથીને... કે બે મહિના પહેલા મારી તબિયતનું ચેકિંગ કરનાર ડૉક્ટરે... મારી બાબતમાં કશું... ગંભીર તો કહ્યું નથી ને?" પછી મને વળગીને તે બોલી, "સંજય! હું જોઉં છું કે છેલ્લા બે અઠવાડિયાથી તમો મને કેટલો પ્રેમ કરવા લાગ્યા છો!... શું મારું મો..."

(૧-બી, પૂજા પાર્ક, વરલ હાઉસ પાસે, વાઘાવાડી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૨)

# થેંક યુ!

## ફિલિપ ક્લાર્ક

કવિસંમેલન પુરું થયું. મોટા ગજાના અને ખાધેપીધે સંપન્ન એવા કવિઓ પોતાની બૅગ અને ચીજ વસ્તુઓ સંભાળી, ગાડીઓમાં રવાના થવા લાગ્યા.

તેની પાસે કંઈ હતું નહીં, તે પ્લાસ્ટિકની થેલીમાં પોતાનો કાવ્યસંગ્રહ લઈ ઘેરથી ચાલીને તેમજ બબ્બે શટલિયાં બદલીને આવ્યો હતો. પણ બધા કવિઓમાં શ્રોતાઓની દાદ અને તાળીઓના ગડગડાટ એને મળ્યાં હતાં.

જોકે ઉજળા વર્ગના અને બની બેઠેલા કવિઓની આંખમાં આ કણાની જેમ ખૂંચ્યું હતું. છતાં નિર્દોષ ભાવે તે બધાને મળતો હતો અને પરિચય કેળવતો હતો.

છૂટા પડતી વખતે કવિ સંમેલના સંચાલક અને મોટો હોદ્દો ધરાવતા કવિએ તેની પીઠ થાબડીને કહ્યું હતું કે, તમારી ગઝલો સુંદર હતી. ક્યારેક આવો તો મારી ઑફિસે મળજો અને આપનો નવો ગઝલસંગ્રહ પણ લેતા આવજો.

તે ખુશ થઈ ગયો. આટલા મોટા અધિકારી અને કવિ, પોતાનો ગઝલ સંગ્રહ માગે એ વાતે એને શેર શેર લોહી ચડ્યું. સાહેબે, આપેલું વિઝિટીંગ કાર્ય તેણે વારંવાર વાંચી ખૂબ જ કાળજીથી પોતાના ખિસ્સામાં મૂક્યું.

બીજે દિવસે તે ઉપડ્યો. સાહેબને મળવા. સારાં કપડાં પહર્યાં. પોતાના નવા ગઝલસંગ્રહના પ્રથમ પાને "ફલાણા સાહેબને સપ્રેમ" લખી. સંગ્રહ થેલીમાં મૂક્યો. પૂછતાં પૂછતાં તે નિર્ધારિત સ્થળે પહોંચી ગયો. સાહેબની કેબિન, આગળ આવીને ઊભો રહ્યો. બહાર લગાવેલા પાટિયા પર સાહેબનું નામ અને હોદ્દો જોઈ લીધો.

પટાવાળાએ તેને પૂછ્યું ભાઈ, કોનું કામ છે? તેણે ધીમેથી કહ્યું, મારે સાહેબને મળવું છે.

મળવાનો સમય સાંજે ૪-૦૦ થી ૫-૦૦ છે. અત્યારે સાહેબ મળશે નહીં. પટાવાળાએ કહ્યું.

છતાં તેણે થોડી હિંમત એકઠી કરીને અંદર ચિઠ્ઠી મોકલાવી પણ તેની કંઈ અસર પડી નહીં. સાહેબ અને કહેવાતા કવિશ્રી પોતાની અંગત સચિવ અને રૂપાળી એવી સ્ત્રી સાથે વાતોમાં મશગૂલ હતા.

સાંજના ૪-૦૦ વાગ્યે એ ફરીથી આવ્યો. પછી એની એ જ દશા. તે હિંમત કરીને સાહેબની ચેમ્બરમાં ઘૂસી ગયો. સાહેબ તેને જોઈને આભા બની ગયા. તેની પ્રતિભા અને સર્જનની ખુમારીથી તેમનું અહંમ ઘવાયું.

આવો આવો કહી તેમણે ઔપચારિકતા માત્ર નિભાવી. તેણે ધીમે રહીને થેલીમાથી ગઝલ સંગ્રહ કાઢી ટેબર પર મૂક્યો.

એવામાં તેમનાં અંગત સચિવ પરવાનગી સિવાય વાવાઝોડાની જેમ ચેમ્બરમાં ધસી આવ્યાં.

સાહેબે ખાસ પરવા કર્યા સિવાય ગઝલ સંગ્રહનું ટાઈટલ ભાગ જોઈ ટીપોઈમાં મૂકી દીધો અને ઠાવકાઈથી કહ્યું, બોલો બીજું કાંઈ? હવેથી આવો તો જાણ કરીને આવજો...

તે સમજી ગયો. સાહેબની નજર જેમની અંગત સચિવ ઉપર મંડાયેલી હતી. ઝાઝું લંબાવ્યા સિવાય તે થેંક યુ કહીને ઝડપથી બહાર નીકળી ગયો.

(૩૪૨/૨, ૨-બી, ગાંધીનગર – ૩૮૨ ૦૦૭)

## હડફેટ

**પ્રભુદાસ પટેલ**

કાળિયાની ચિંતા ને લ્હાયમાં ગામ જાણે આઘું ને આઘું ઠેલાયે જતું લાગતું'તું. ને અડધો ડુંગરો વટાવતાં તો વાલજી હાંફળોફાંફળો થઈ ગયો હતો. બાકી, આ જ ડુંગરો જુવાનીમાં વાલજીને પોતે માત્ર આઠ-દસ ફર્લાંગમાં જ વટાવી દેતો હોય તેવું લાગતું! આ તો ઘણાય સમય પછી, નાછૂટકે જ આવવું પડ્યું હતું. જો મોહને છાલ લાવી આપવાનો ઉમળકો દાખવ્યો હોત તો...? પણ એણે નન્નો ભણ્યો એટલે જ... 'પાં...ણ પોતે આજે જ અ્યમ આટલો હાંફી પડ્યો?...' એવા વિચારે વાલજીની છાતી ભરાઈ આવી. તેણે છાલનું પોટલું ખભે ટેકવતાં જ, જમણો હાથ તેની છાતીએ ભીંસી દીધો ને તેનાથી મનોમન જ બબડી જવાયું: "ઈ ટેમે તો આઠ-દહ ફર્લાંગ જ લાગે ને?"

– પણ ભીતરમાંથી જાણે કોઈ બોલી પડ્યું:

"અ્યમ વાલા એ...વું?"

– ને એ સાથે જ તેની નજરમાં નવનવેલી શાંતાડી રમી ઊઠી; હોઠમાં ઊગી નીકળેલો મરક મરક મલકાટ... ગાલમાં ફૂટી નીકળેલી આછી આછી શરમ કૂંપળો... પોતાને ચડી આવેલી તેના કૂણા કૂણા ગાલને ચૂંટલી ખણી લેવાની ચાનક... ને તેના જવાબરૂપે શાંતાડીમાં ઊભરી આવેલા અમથા અમથા છણકા ને છાસિયાં... અને તેની એ વણખૂટી વાતો? એકાદ ક્ષણ અટકી પડેલા વાલજીના મનમાં એવું યે થઈ આવ્યું:

"અ્યમ એટલા વરહે આજે...જ ઈ બધું ઈયાદ...?" ઘડીભર તો તેણે બધાય વિચારો ખંખેરી નાખીને ચાલવાનો પ્રયત્ન કર્યો પણ – 'કાળિયો શાંતાડીને ય અ્યેટલો વા'લો હતો?' – ના સવાલ ફણગાએ તેને મૂળ દુઃખમાં જ ઘેરી પાડ્યો.

તેની નજરમાં ટૂંટિયું વાળીને બેઠેલા અ...ને પોતાને દુખિયારી નજરે ટગરટગર તાકી રહેલા કાળિયાની ઝાંખી થઈ આવી.

કાળિયાની ચૂંતી આંખો અને નરમાશ ચહેરો જોતાં જ આકળવિકળ થઈ જતો વાલિયો ફેંટા વતી તેની આંખોને લૂછ્યા કરતો, ને ક્યાંય સુધી શિંગે-ખાંધે ને પૂંછે પંપાળ્યા કરતો ને એ જોઈને બે ફાડિયે વહેંચાયેલા ઘરના તોબરા ચડી જતા...! વાલિયાનાં કાળજાં કપાઈ જતાં... માથું ભમી જતું ને પગ ઢીલા પડી જતા.

– ને વાટના મોટા પથરાને કાળિયો હોય તેમ, ઝૂડ વાળીને બેસી પડેલો વાલિયો લવવા માંડેલો:

"ભઈ કાળિયા, શાંતાડીને પણ તું ઓસો વા'લકો હતો?"

અ...ને ખાસ્સી વારે વાલિયો જ્યારે ભાનમાં આવ્યો ત્યારે કોઈ જાણે તેને સચેત કરી રહ્યું'તું: "ઊઠ, વાલા ઊઠ, આ ડુંગરામાં જ દન કાઢીશ તો કાળિયાને...?"

ને ઓચિંતો જ જાણે શક્તિનો સંચાર થઈ આવ્યો હોય તેમ, તેણે ઝટપટ ચાલવા માંડેલું. પગ તો પગનું કામ કરી રહ્યા'તા... કો મન પણ ક્યાં ઝાલ્યું...?

કાળિયાની બીમારી માટે પોતે શું શું નહોતું કર્યું?! વાયરા ઝપટાવ્યા... ડાકલાં કૂટાવ્યાં... ને દાક્તરેય...

કોઈએ કહ્યું: "વાલાભઈ, ધરતીમાતાની બાધા... ફલાણીની... ઢેકણાની..." તો કોઈ વળી કહ્યું: "આવા દરદમાં તો સાદડની છાલને ગોળનો ઉકાળો.. પાં...ણ એ વાતે મોહનનો ગુસ્સો ને છાસિયું...? ... જોણે વકરાઈએ ચડી ગ્યેલો આખલો ફેટમાં લેવા ન આવ્યો હોય!"

..."ભઈ, છાલ લાબ્બાનું કીધું ઈમાં શ્યું મોટો ગનો (ગુનો)...?" કાળિયાએ તો વરહાં લગણ હોળ ને ગાડાં...

– ને વાલિયાને તાડૂકી પડવાનું મન થઈ આવેલું:

"હાળા રાંડવાઓ... ના, ના. બૈરીઓએ જણ્યા હોવ ઈમ કાતરિયાં લેતા ફરો સો? ... જાવ્ આજથી તમારા નૉમનું... 'થૂ'ને આજથી ઉં મારા...!"

– પણ એ હોઠે ચડે તે પહેલાં તો દૂર દૂર આકાશમાં શાંતાડી – કરગરવા માંડેલી: "ના. બચુના બાપા, નઈ. આટલા આકરા નથ્થ થાઓ... ઑમ બૂધે માર્યાં પૉણી કંઈ અળગાં થોડાં...?"

વાલિયાને બાખડી પડવાનું મન થઈ આવ્યું: "તમે છૉનાં ર્યૉ બચુનાં આઈ. ઑમ આભલે ચડીને કે'વું સે'લ

વાત.. પાં...ણ ઑય આઈને દીકરા ને વૌવો (વહુઓ) નાં કરતૂત તો જુઓ.!"

– ને નજર સામે વાટ ને ઝાડઝાંખરાં જોતાં જ વાલિયો હસવું ન રોકી શકેલો.

પણ જેવો ડુંગરાની ટોચે પહોંચ્યો, ને પેલું આંબળીનું ઝાડ જોયું કે તેનાથી પથરા પર બેસી પડાયું. એ પથરો આજેય અકબંધ હતો જ્યાં પોતે ને શાંતા ચારની મૂળી કે લાકડાનો ભારો આંબળીએ અઢેલીને બેસી પડતાં. શાંતાડી યે અડોઅડ જ બેસી પડી હોય... ને...!

– જ્યાં પહેલપહેલી જ શાંતાડીએ વધામણી આપેલી. પણ એ સમયની એની શરમ ને લજ્જા કઈ...!

ઊંડા પાણીમાં ડૂબકી મારીને આવી હોય તેમ, તેણે કહેલું: "હાંભળો સો?"

"ના, ના. તમે કૈંક બોલો તો હાંભળું ને!"

– પાંપણો નમી ગયેલી. ગાલ ને નાકનું ટેરવું ગુલાબી ગુલાબી શરમ... ને... "ઉં એવી લાગું સું?"

તો પોતે હસી હસીને બેવડ વળી જતાં – "તું? એવી એટલે?... તું તો હાવ ભોળકી મારી શાંતાડી."

પ...ણ ત્યાં જ પોતાને રોકી પાડતાં – "એ શ્યું બોલ્યા તમે? આદમીના હોઠે બૈરાનું નૉમ??"

"તે ઈમાં શ્યું? લે પાછું લઉં. શાંતા... શાંતાડી..."

– ને તેના મોઢાનો સિક્કો ઝાંખો મૉખો થઈ આવતાં – "તું નરાશ થેઈ ગઈ?... પાંણ લાજનાં લાડી! ઈ તો કહો. અમારે તમાંને કીયા નૉમે બોલાબ્બાં?"

"ના, ના. અવે (હવે) ક્ત્તી યે પાપમાં પડવાની જરૂર નથ્થ. અવે...

અવે તો નૉમેય ના લેવું પડે એવું કો'ક... એવું કો'ક...

પોતે ક્યાં સમજી શકેલો?"

"શ્યું આ અવે.. અવે... ને 'કોક... કોક...'ની લવરી કરવા બેઠી સો?"

શાંતાડીની સરત બહાર જ તેનો હાથ પેટ ઉપર ફરી વળેલો અને એ વધું કઈ ચોખવટ કરે એ પહેલં તો –

"ઈમ વાત સે? બેટ્ટમ... અમારાથી છોનાં....!" કહેતાં શાંતાને કેવો વળગી પડેલો?

પછી તો સંસારનું ગાડું કેવું ગબડવા માંડેલું?

એ પહેલા ખોળાનો મોહન.. પછી ભીખલો ને એક કીકલીની આશા તો અધૂરી જ... એ બેય પરણાવ્યા... ને લીલી વાડી...

બધાંય એકીહંગાત્યે બેહીને ખાતાં. બેસતાં ને ગમ્મતને ઠઠારે મા'ણતાં કેવું હરગ... હરગ?... પાંણ શાંતાડી રોતાં મેલીને ગઈ એના પૂંઠે...? કટમ્બનાં બે બે ફાડિયાં?... હાળાં ભૂંડલાં, કાળિયાની દશા જોઈને ઉં વરતી ગ્યો કે તમે મારીયે...! પાંણ મોટાં તો શાંતા હતી ઈ ટેમે ય પીઠ વાંહે એવું એવું...?

"ના, ના. ભીખલો એક વા'લો... તે ભણાઈને શે'રમાં... અમે કાંય વેઠિયાં શીએ?

પાંણ શાંતાડીના દલાસા યે કેવું હાચવી લેતા?"

"જો ભઈ, તું ભણ્યો નઈ ઈમાં માવતર શ્યું કરે? ને ભીખલો યે કાંય પારકો થોડો સે?... નકી એ તમારાં છોકરાંને શે'રમાં..."

– ને ઉભરા ટાઢાહેમ થઈ જાતા. પાં...ણ શાંતાડીને... એક વરસે નાથ્યું કે – બધું યે બે-બેના ભાગમાં! ને પોતે ને કાળિયો?

કાળિયાનું કૂણ? – પોતે. ને પોતાનું?

પોતે? – એક મઈનો (મહીનો) મોહનનો તો એક મઈનો ભીખલાનો વાળી!

– તો પોતાના માટે બે મણનું ખેતર?

"હાળા વૈણ સંકરો... ઉં તો ઘૈડપણાનો ઓધાર માગું. ને ઈ તમારા હંપ (સંપ)માં... ને એ નઈ આલી શકો તો આજ કાળિયાનો ઓધારે છોડાબ્બા બેઠાં સો?... જાવ્... જાવ... તમારી રગમાં માવતરની નઈ બૈરાંની મતિ દોડે સે..."

"પાંણ ભીખલો તોં કૈંકે સારો..."

"શ્યેનો સારો? ઈ યે હાવ પોમલો જ, ના, ના. બાપના વારા કાઢવાની ને કાળિયાને કટાઈખૉને આલવાની મતિ ઈની બૈરીને જ સૂઝી'તી ને! એવા બૈરાની તો જીભ ના વાઢી લેવી જોવ્વે?"

ફાડ્યા બેયો દીકરા જૉણે એક જ ચણાનાં બે ફાડિયાં જ... ઈમાં જ ફાડ પાડવાનું સૂઝે કે?

– ને અચાનક આવી ગયેલા વંટોળિયાએ વાલિયાના વિચારો વિખેરી નાખેલા. તે મન કાઠું કરીને ચાલવા

માંડેલો. છેક ગામગોદરે, વડ નીચે આવ્યો – ત્યારે તેની બીડી સાંભરી આવેલી!

ઉનાળાના દા'ડે ગામનાં ઢોરાં વડ છાંયે બેસીને વાગોળતાં હોય... તેમાં કાળિયોય... વાગોળતા કાળિયાને જોઈ રહેતાં.. બીડી ફૂંકતાં.. આખોય ઉનાળાનો બપોર ફૂદાની પેઠમ...

ને બીડીઓના કશ ઉપર કશ ખેંચતાં, જેવી તેની નજર ગોટો થઈને વેરાયેલી ધુમાડાસેર પર પડી કે તેનું મન બોલી પડ્યું:

"એવો સે આ ધુમાડો? અસ્સલ મનખા જેવો જ નઈ! હાળો, બંધાયો હોય ઈમ લાગે. ને નજર ઠરવા જેવું લાગે તૈસ તો વિખરાવા યે માંડે!"

અને વાલિયાને વિચારવાયુ વધી પડે, તે પહેલાં તો ગોવાળું કરીને આવતા ખીમલાના બોલે તે ઝંઝેડાઈ પડેલો –

"વાલાભઈ, શ્યું વચારમાં પડી ગ્યેલા સો?"

"વચારમાં? કાંઈ નઈ ખીમાભાઈ... ઈ તો અમથો અમથો..."

પણ ખીમલો યે વાલિયાના અમથા અમથાથી ક્યાં અજાણ હતો? ત્રણ ત્રણ પિંડદાતાઓ વચ્ચે પોતેય ક્યાં...? ને 'સાલ્લા ઘેર ઘેર માટીના ચૂલા સે' – એમ બબડી પડેલો ખીમલો નવી પેઢી ઉપર વરસી પડેલો:

"હાળી આ નવી પેઢીના છોકરાઓને મન ફાટેલાં લૂંગડાં, જીવ જનાવર કે માવતરમાં કૉય ફરજ જ નઈ? જોણે ઈ તો ઘયડા થવાના જ નથ્થ!"

પણ વાલિયાના – "ખીમાભઈ માં તો સેલસેલ્લું તયણું (તરણું) શોધી લીધું સે." બોલ સામે ખીમો 'શ્યું?... વાલા, શ્યું?' પૂછે તે પહેલાં તો ગામે આવી ગયેલું. ને વાલિયો "લ્યો ખીમા ભૈ, સાંજે બધાને મળું પછે વાત..." કહેતાં પોતાના ફળિયા તરફ વળી ગયેલો.

વાલિયો છાલ કૂટીને ઉકાળો તૈયાર કરે, ને સાંજ પડે તે પહેલાં તો તેણે ઘણું ઘણું અનુભવી લીધું હતું. શે'રમાંથી આવતાં જ કાળિયાને જોઈ પોતાને શોધવા નીકળી પડેલા ભીખલાને કોણે રોક્યો-ટોક્યો હતો તેનાથી અજાણ્યું નહોતું. તો પોતાને છાલ કૂટતો જોઈને ઘરમાં પાછો ધસી ગયેલો મોહન પણ ક્યાં અજાણ્યો હતો! છતાંય તાલ જોવાના બહાને તેણે મનને કાઠું કરી રાખ્યું'તું. સાંજ પડી કે વાલિયો કાળિયાને દવા પીવડાવવાના બહાને માણસો બોલાવવા ગામમાં નીકળી પડ્યો. જ્યાં - જેવી - જેટલી જરૂર હતી તેટલી વાત ચર્ચી, તો કાળિયાને દવા પીવડાવવાની વાત કરીને જ્યારે પાછો ફર્યો ત્યારે વાલિયો હળવોફુલ થઈ ગયો હતો. સાંજ જામી કે વાલિયાના વાડામાં માણસો એકઠા થવા લાગ્યા. તેમાં સૌથી વધુ છોકરાંની પછી ઘરડાંની તો છેલ્લા ક્રમે આધેડ જુવાનિયાઓની હાજરી હતી! વાલિયાના ઘરમાંથી બે-ત્રણ નાનાં છોકરાં સિવાય કોઈ ફરક્યું નહોતું. ઘરમાં જાણે કોઈ રહેતું જ ના હોય તેવી નિરવ શાંતિ હતી. બળદને ઉકાળો પાયા પછી, બરાબરનો – લાગ પારખીને નાથા મુકીએ મમરો મૂક્યો:

"વાલાભઈ, કાલે ગૉમનો વૉણિયો તમાંને ઈયાદ કરતો'તો તે ઈને કૉય ખૉનગી કૉમ સે?"

વાલિયાએ ઘર સાંભળે તેમ, જોરથી ગળું ખોખાર્યું ને કહ્યું:

"હા. ખૉનગી ડેવું જ મુખી પાં...ણ બધું પતે પછે વાત..." ઘરમાં પહેલાં તો ફુસાફુસ થઈ આવી. ને તે પછી તો ઉંદરોએ જાણે ધમાચકડી મચાવી દીધી! એક જોડું ઘરના બીજા જોડાને ખેંચી લાવ્યું. હવે આઠે આઠ કાન સરવા થઈ... લમણા તાકીને...

મુખીએ થોડો ક ફોડ પડે એ રીતે પૂછ્યું:

"વાલાભઈ, વરસ પેલ્લાં તમે કે'તા તા. એ જ ટુકડાની વાત ને?"

"પાંણ દીકરાઓને પૂશ્યું સે ખરૂ?"

ને ટટ્ટાર થઈ ગયેલા વાલાએ ગરજતા સૂરે કહ્યું:

"મુખી, ઈમાં પૂશવાનું શ્યું? એ મારા ધણી ઓસા સે?... એ મારું સે... ને ગમે તે કરું!"

– અ...ને જાણે ડેમમાંથી પાણી ધસી આવ્યાં હોય તેમ, આઠે કાન બહાર ધસી આવ્યા. આગળ પિંડદાતાઓ અને પાછળ તેમની...

વાલિયો જેને કૈંક સારો સમજતો હતો તે શે'રવાળો જ પહેલાં તાડૂક્યો: "આ ડોહલાની તો હાવ જાવા બેઠી સે. ને મુખી તમે બધા શ્યું કરવા બેઠા સો ઈની ખબર સે? ક્યાંક પોક મેલાવશો..."

ડોસામંડળીમાં સોપો પડી ગયો. આધેડ જુવાનિયા ધીમેધીમે ભીખલા ને મોહન તરફ સરકવા લાગ્યા. ને મોહનને ઝનૂન થઈ આવ્યું:

“ના, ના. દીકરાઓની મિલકતમાં સોકરાવનોયે ભાગ ઓય કે નઈ? જોઈએ શીએ.. કૂણ લે સે ને કૂણ...?”

માથું હલાવીને સમર્થન આપતા જુવાનિયાઓની આંખોમાં લાલાશ ઉભરતી દેખાઈ. તાકતી નજરો ને ફણા ધ્રૂજતી...

ડોસામંડળીને જાણે કેટલાય આખલાઓ તેમને હડફેટે લેવા તૈયાર હોય તેવી દહેશત થઈ આવી. પણ વાલિયો તો ગભરાવાને બદલે ગર્જી ઊઠ્યો: “ઉં તો પુલીસ હંગાત્યે રાખીને... પછે કેની મજાલ સે કે મને...”

ને લોઢું બરાબર તપી ગયેલું ભાળતાં જ મુખીએ ખરો ઘાટ બેસાડી જાણ્યો: “ભઈ મોહન ને ભીખા, આટલા દા’ડાથી બળદ બીમાર સે તે તમે – કૉય કર્યું? વાલાનો એક જ સવાલ સે: ‘આજ તો કાળિયાની દશા.. પછે વાલિયાનું યે એવું નીં થાય એનો શ્યું ભરૂસો?’”

અ...ને મોહન ને ભીખો એકબીજાને તાકી રહ્યા. આંખો નમી ગઈ. જીભ ઠરી ગઈ ને નરમઘેસ મોઢાં...

ઘરડાઓના તગતગી ઊઠેલા ચહેરાઓ જોઈ જુવાનિયાઓનાં મોઢાં પડી ગયાં. તેઓ અનુભવી રહ્યા: “તેઓ જૉણે ઘયડા બળદિયાઓની હડફેટમાં આઈ ગ્યા ના હોય!”

જુવાનિયાઓમાં ગણગણાટી મચી ગઈ. ને બેય દીકરાઓ ડોસાઓ આગળ નમી પડ્યા:

“અમારાથી મોટી ભૂલ... પાંણ અવેથી એવું નીં તાય એ ઈસ્ટેમ પર લખી આલીયે.”

પરિસ્થિતિ વરતી ગયેલા મુખીએ બંને વહુઓને કડક કડક ચા બનાવવાની સજા ફરમાવી દીધી ને વાતાવરણે જાણે અસર કરી હોય તેમ, એ જ સમયે કાળિયાએ કાન ફફડાવ્યા... શિંગડાં ડોલાવ્યાં ને ઘણા દહાડે પડખું ફેરવવાની કોશિશ કરી. ને હરખાઈ ઊઠેલો વાલિયો દોડીને, તેની ડોકને બાથમાં લઈને પંપાળવા માંડ્યો.

(સુ.જો.સા.ફો.ના ૨૮મી વાર્તાશિબિર-સાયલામાં રજૂ થયેલી ટૂંકીવાર્તા)

(આર્ટ્સ કૉલેજ, વડાલી, જિ. સા.કાં., સંપર્ક: ૯૯૭૯૦૫૫૯૦૫)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર ‘વિ-વિદ્યાનગર’ માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં ‘વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી’ એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. ‘વિ-વિદ્યાનગર’માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

‘વિ-વિદ્યાનગર’ સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલ: editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

# સરદારની ચરોતરને શીખઃ ગુલામોને વળી કુળ કેવાં?

**હરિ દેસાઈ**

સરદાર વલ્લભભાઈ પટેલનું નામ પડે અને આપણું સૌનું મસ્તક ગર્વથી ઉન્નત થાય એવી આ રાષ્ટ્રનાયકની કીર્તિ આજેય જળવાઈ છે. કરમસદના સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા આ મહામાનવે વર્તમાન ભારતનો નકશો રચ્યો. સાથે જ ભારતથી જે ટુકડો અલગ થયો છે એ પાકિસ્તાન અને આજના બાંગલાદેશ વિશે 'એક દિવસ પાકિસ્તાન ફરીને આપણામાં સમાઈ જશે' એવી આશા વ્યક્ત કરતાં ભવિષ્યના ઘટનાક્રમનાં તેમણે જુલાઈ ૧૯૪૭માં જ દર્શન કર્યાં હતાં.

૩૧ ઑક્ટોબરને આપણે આપણા રાષ્ટ્રનાયક એવા આઝાદીની લડતના અગ્રક્રમના સરદાર, પ્રથમ નાયબ વડાપ્રધાન તેમ જ ગાંધીજી અને નેહરુ સાથે ખભેખભો મિલાવીને આઝાદી પછીના અધ્યાયમાં રાષ્ટ્રનિર્માણમાં જોતરાઈ ગયેલા મહાપુરુષના જન્મદિવસ તરીકે મનાવીએ છીએ. હકીકતમાં આ જન્મદિવસ તો વલ્લભભાઈએ મેટ્રિકની પરીક્ષાનુનં ફોર્મ ભરતી વખતે તેમણે 'ઠોકી દીધેલો' જન્મદિવસ હતો. એમની જીવનકથા લખનાર રાજમોહન ગાંધી સરદાર સાહેબનો જન્મદિવસ '૩૦ એપ્રિલ ૧૮૭૬ અથવા ૭ મે ૧૮૭૬' ગણાવે છે. જોકે વલ્લભભાઈ નોંધે છેઃ "મનમાં આવ્યું તે સન ૧૮૭૫ના ઑક્ટોબરની એકત્રીસમી તારીખ ઠોકી દીધી હતી. મારી ઉંમર પૂછવામાં આવે ત્યારે મારે ગપ્પું મારવું પડે છે. સોગંદ લઈને કહેવું પડે ત્યારે હું હંમેશાં આશરે એવો શબ્દ ઉમેરી દઉં છું."

સરદાર પટેલની પ્રેરણાથી ચરોતરમાં ત્રણ ક્રાંતિ થયાનું ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલ ઉલ્લેખે છેઃ રિવોલ્યુશન ઓફ લાઈટ એટલે કે શિક્ષણક્રાંતિ, ગ્રીન રિવોલ્યુશન એટલે કે હરિયાળી ક્રાંતિ અને વ્હાઈટ રિવોલ્યુશન એટલે કે શ્વેતક્રાંતિ. જોકે સરદારનું વ્યક્તિત્વ ચરોતર પૂરતું સીમિત કરવાનો એમાં ભાવ નથી, પણ પોતીકા પ્રદેશના ઉત્થાન માટે આ વિરાટ રાષ્ટ્રીય પ્રતિભાનું યોગદાન નોંધવાનો જ એમાં હેતુ છે. વતન કરમસદ અને જન્મસ્થળ નડિયાદ સહિતના ચરોતર પ્રદેશ માટે સરદારનું આ ત્રિવિધ ક્રાંતિમાં તર્પણ જોવા મળે છે. એમણે ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબને છેક ૧૯૪૫-'૪૬માં ચારુતર વિદ્યામંડળની સ્થાપનાની પ્રેરણા આપીને શિક્ષણક્રાંતિની શરૂઆત કરી. આજે સમગ્ર ગુજરાતમાં સૌથી મોટા શિક્ષણસંકુલના નેજા હેઠળ જ સરદાર પટેલ ભણી ઋણસ્વીકાર તરીકે તેમના જીવન અને કાર્યો માટે અધ્યયન-સંશોધનની સમગ્ર દેશમાંની સર્વપ્રથમ સંસ્થાના સંસ્થાપક નિયામક તરીકે ચરોતર પ્રદેશમાં આવવાનું થતાં રાષ્ટ્રનાયકના યોગદાન અને તેમણે વાવેલાં બીજમાંથી થયેલા વટવૃક્ષનો નિકટથી પરિચય થયો. ચારુતર વિદ્યામંડળની સ્થાપના અને સંવનનકાળના ગાળામાં જ સરદાર પટેલની પ્રેરણાથી અને ત્રિભુવનદાસ પટેલના વડપણ હેઠળ અમૂલ પેટર્નનો પાયો નંખાયો. ડૉ. વર્ગીસ કુરિયનનો એમાં સાથ મળ્યો અને શ્વેતક્રાંતિમાં સમગ્ર ગુજરાતે ભારતને જ નહીં, વિદેશોને પણ પ્રેરણા બક્ષી. એ પૂર્વે ૧૯૪૨માં સરદાર સાહેબની નજર પૂણેમાં કાર્યરત ત્રિવેદી સાહેબ પર પડી. 'મેં એમને કહ્યું કે ઘણાં વર્ષ પૂનામાં સેવા કરી. હવે પોતાના પ્રાંતની સેવા કરવા વખત આવ્યો છે... મેં ત્રિવેદી સાહેબને કહ્યું કે આપણે સારા માણસનું જૂથ નહીં પેદા કરીએ તો સંસ્થા સારી નહીં ચલાવી શકીએ. એમણે માણસો શોધવા માંડ્યા અને આજના ડિરેક્ટર મગનભાઈ (પટેલ) મળી ગયા.' આણંદમાં કૃષિ મહાવિદ્યાલય ખાતે ૬ એપ્રિલ ૧૯૪૭ના રોજ સરદાર પટેલે હરિયાળી ક્રાંતિના પ્રારંભિક દિવસનું સ્મરણ કર્યું હતું. આજે ગુજરાતમાં ચાર-ચાર કૃષિ યુનિવર્સિટીઓ સરદારે ૧૯૪૨માં વાવેલા એ બીજમાંથી કાર્યરત છે.

૧૯૪૭ના એપ્રિલ મહિનામાં સરદાર પટેલ ચરોતરના પ્રવાસે આવ્યા હતાઃ 'મારે માથે ત્રણ કામ હતાં એ પૂરાં કરવા હું દિલ્હીથી ગુજરાત આવ્યો છું. મારે માથે એક પ્રકારનું ઋણ હતું ને એ દેવું પૂરું નહીં કરું તો મારી સદ્ગતિ નહીં થાય એમ મને લાગતું હતું.' આ પ્રવાસમાં સરદારે ૪ એપ્રિલે ચારુતર વિદ્યામંડળ તરફથી સ્થપાયેલા વિઠ્ઠલભાઈ પટેલ મહાવિદ્યાલય (વી. પી. કૉલેજ)નો ઉદ્ઘાટનવિધિ સંપન્ન કર્યો. સરદારનું એ વ્યાખ્યાન ભૂલથી 'ચારુતર ગ્રામોધ્ધાર મંડળ'ના કાર્યક્રમને નામે ચડ્યું એટલે ગુજરાતી અને અંગ્રેજી

ગ્રંથોમાં એ ક્ષતિ આજેય ચાલતી રહી છે. સરદારની પ્રેરણાથી જ ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબની બેલડીએ ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળની સ્થાપના કરી હતી એટલે બંને મંડળો એકાકાર લાગવાં સ્વાભાવિક હતાં. રાસમાં આશાભાઈ પટેલે કસ્તૂરબા પ્રસૂતિગૃહનું ખાતમુહૂર્ત ૫ એપ્રિલે સરદારના શુભહસ્તે કરાવ્યું. બીજા દિવસે વતન કરમસદમાં એમને માનપત્ર અપાયું અને એ જ દિવસે આણંદમાં કૃષિ મહાવિદ્યાલયના મકાનનું પણ ખાતમુહૂર્ત તેમણે કર્યું. ૭ એપ્રિલે નડિયાદમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં વિઠ્ઠલભાઈની પ્રતિમાનો અનાવરણવિધિ ક.મા. મનશીની ઉપસ્થિતિમાં થયો અને સરદારે વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની વિદ્યાર્થિનીઓને પણ આ દિવસે સંબોધન કર્યું. એ જ દિવસે ખેડા જિલ્લાના કાર્યકરો સાથે પ્રશ્નોત્તરી પણ થઈ. આ તમામ પ્રસંગે સરદાર પટેલનાં સંબોધન ઉપરાંત ૧૯૪૨માં ૭ અને ૯ માર્ચે તેમણે આણંદ, કરમસદ અને નડિયાદમાં આપેલાં ભાષણો ચરોતરને સરદારની શીખને સમજવા ખૂબ નિર્ણાયક ગણી શકાય.

'હું નાતજાતને ભૂલી ગયેલો માણસ છું. આખું હિંદુસ્તાન મારું ગામ છે, અઢારે વર્ણ મારાં ભાઈભાંડું છે.' એવું ૧૯૪૨ની ૯ માર્ચે વતન કરમસદમાં માનપત્રના ઉત્તરમાં કહેનાર વલ્લભભાઈએ સંપીને રહેવા અને કોરટ કચેરીઓ છોડી દેવા પ્રેમના માર્ગનું અનુસરણ કહ્યું હતું. તેમના શબ્દો હતાઃ ''કુળ બાપદાદાથી અપાયું અપાતું નથી. જે ચારિત્ર્યવાળો સજ્જન છે, નીતિમાન છે એ ગમે તેટલા કુળવાનને પણ વશ કરી શકે છે. હલકું કુળ ને નાનું કુળ, ઊંચું કુળ ને મોટું કુળ એ બધું ભૂલી જાઓ. આજે બાદશાહી ધૂળમાં રગદોળાઈ રહી છે. બાપદાદાઓએ ગામ વસાવ્યાં ત્યારે તેઓ બાદશાહ ગણાતા પણ 'આજે તો સાપ ગયા ને લિસોટા રહ્યા'ની સ્થિતિ હોવાનું સ્પષ્ટ કર્યું હતું.

કરમસદવાસીઓને એ વખતે સરદારે કહ્યું હતુંઃ ''આપણે ત્યાં રેલ આવી ત્યારે મોટાં મોટાં ઝાડની ડાળ ઉપર પચીસ પચીસ જણ બેઠા હતા. જે મળ્યું તે ખાધું. તે વખતે કોઈ અભડાતું નહોતું. અત્યારે પણ એવું પૂર જ આવ્યું છે. એમાંથી આપણે બચી જવું હોય તો સંપ કરો, નીડર બનો, એકબીજાને મદદ કરો, ગામનું રક્ષણ કરવાની તૈયારી રાખો. પૈસો તો આજે છે ને કાલે જતો રહેશે. સટ્ટાના બજારમાં ઘણા માણસો પૈસા ગુમાવે છે, પણ સેવાના બજારમાં કોઈ દિવસ ગુમાવવાનું નથી હોતું.''

૧૯૪૭ની એ મુલાકાત વખતે કન્યાશાળાનું મકાન કરમસદવાસીઓએ સરદાર પટેલ પાસે ખોલાવ્યું ત્યારે 'કુરિવાજો કાઢી નાંખવાને સાચી કેળવણી' લેખાવતાં સરદારે કહ્યુંઃ ''અમે મોટા ગામના છીએ એવું મિથ્યાભિમાન, અમે ઊંચા કુળના છીએ એવું મિથ્યાભિમાન, આપણે છોડવું જોઈએ. ગુલામોને વળી કુળ કેવાં? જેમણે સરકારની ખુશામત કરેલી, પોતાના સમાજનું નુકસાન કરીને સરકારને મદદ કરેલી એમને દેસાઈગીરીઓ મળેલી. એનું અભિમાન શું? ખરાં કુળ તો હવે રચવાનાં છે. આપણી સ્ત્રીઓ પ્રત્યેનો આપણો વ્યવહાર પણ બદલવો જોઈએ. આપણી સ્ત્રીઓ આપણી સાથે ચાલી શકે એવી થવી જોઈએ. જુવાનિયાઓ હજુ પણ આશા રાખે છે કે સ્ત્રી દાગીના લઈને આવે, ખાવાનું લઈને આવે, તો એ બધું ભૂલી જાઓ. જે સેવા કરે અને જે ચરિત્રવાન હોય એ જ સાચા કુળવાન છે.''

'હિંદુસ્તાનને સાચું સ્વરાજ અનુભવવાનું હોય તો ગામડાંની સિકલ, ખેડૂતની સિકલ બદલવી જોઈએ. ગુજરાતમાં અથવા હિંદુસ્તાનમાં ગમે ત્યાં જાઓ તો ગામડાંમાં ભાગોળે ઉકરડાની બદબો આવે છે. જ્યાં બગીચો જોઈએ ત્યાં આસપાસ લોકો ખુલ્લી રીતે પાયખાને બેસે છે. એ દશા સુધારવામાં આ સંસ્થાએ ફાળો આપવાનો છે.' એવું કહી કૃષિ મહાવિદ્યાલયના સંબોધનમાં સરદારે ઉમેર્યુંઃ 'જુવારના ખેતરમાં તાળીઓ પાડી ચકલાં ઉડાડીએ તેમ ધાંધલ કરી સરકારને ભગાડી છે, પણ ખરી મહેનત હવે કરવાની છે. તો જ આપણી સ્થિતિ સુધરશે.' 'આપણે સત્તા માટે સત્તા નથી જોઈતી, નવી રચના કરવા માટે જોઈએ છે. એ નવી રચના આપણે કરી બતાવીએ.' 'દુનિયામાં ગાયની પૂજા થાય છે, પણ એની દશા સૌથી ખરાબ છે. ખેડૂતના શરીર જેવાં હાડપિંજર છે, તેવી આપણી ગાયો છે. મરણ-પથારીએ પડ્યા હોઈએ ત્યારે ગાયને ખરીદી ગોદાન કરીએ. પછી એ ગાયનું દાન લેનાર એને કતલખાનામાં વેચી એના પૈસામાંથી બીજી ચાર ગાય ખરીદી ત્યાં વેચવાનો ધંધો કરે છે. આજ તે ગાયનું નામ રહ્યું છે. સૌ ભેંસ રાખે છે, કહે છે ગાય પોસાતી નથી. તો ગાય પોસાય એ પ્રયોગ અહીં કરી બતાવવો છે.'

વિઠ્ઠલ કન્યા વિદ્યાલમાં અસ્પૃશ્યતાનિવારણ અને હિંદુ-મુસલમાન એકતા પર સરદાર પટેલે ભાર મૂક્યો. 'સ્વરાજનો અર્થ એ છે કે આપબળ પર ઊભા રહેવું.

કોઈના ઉપર આધાર ન રાખવો. પાડોશી ભૂખે મરતો હોય તો અડધો રોટલો એને પોતાનામાંથી આપવો.'

વિઠ્ઠલ કન્યા વિદ્યાલયની બાળાઓના આચારવિચારમાં વિનય અને વિવેક, વાણીમાં મીઠાશ, ઊંચા પ્રકારની સભ્યતા અને હિંદુ સંસારમાં શોભે એવી ચરિત્રવાન બાળાની છાપ પડે એવી અપેક્ષા દેશના આ સપૂતે કરી હતી. 'ભણવાથી છોકરીઓ વંઠી જાય એવો વહેમ ઝપાટાબંધ નાબૂદ થતો જાય છે.' એવો ઉલ્લેખ કરીને અંગ્રેજ મહિલાઓ અને ખ્રિસ્તી પાદરી ડૉક્ટરો થકી અસ્પૃશ્યતા નાબૂદ થાય એવું વર્તન સરદારને ગમે છેઃ 'ખ્રિસ્તીઓ અસ્પૃશ્યતા કાઢવા આટલું કરે એ આપણે માટે શરમ ભરેલું છે.' 'આપણા વિદ્યાલયમાં અસ્પૃશ્યતા ન જ હોવી જોઈએ. નાતજાતના ભેદ પણ ન હોવા જોઈએ. તમારે સૌએ એક માબાપની છોકરીઓ હોય એમ રહેવું જોઈએ. આપણે એક કુટુંબી થઈને રહેવું જોઈએ.' સરદાર આ બોધ આપતાં પાછા ઉમેરે પણ છે કે આમાંથી જેટલું પચાવી શકાય એટલું પચાવજો અને તે પ્રમાણે આચરણ કરજો. ખેડાના કાર્યકરોને 'ગઈ ગુજરી ભૂલી જઈને પ્રજાની સેવા કરતા થઈ જાઓ.'

'અત્યારે તો શિક્ષકોનું મોટે ભાગે ધ્યાન ખેંચાયું છે એમના પોતાના પેટ તરફ. એ કેટલે દરજ્જે યોગ્ય છે એ હું નહીં કહી શકું. પણ એટલું કહું કે હડતાળો શિક્ષકોને શોભા આપતી નથી. હડતાળ એ મજૂરનું કામ છે.' બોચાસણ વલ્લભ વિદ્યાલયમાં શિક્ષણ તાલીમ વર્ગ અને બીજાઓને ૪ એપ્રિલ ૧૯૪૭ના રોજ સંબોધતાં સરદારે 'શિક્ષણના ચારિત્ર્ય' અને 'નિર્મળ જીવન' પર ભાર મૂક્યો હતો. ચારુતર વિદ્યામંડળની પ્રથમ કૉલેજના ઉદ્‌ઘાટન ટાણે સરદાર સાહેબે કહ્યુંઃ 'તમે બધા મારી પાસે પ્રાથનામાં જોડાઓ કે ભાઈલાલભાઈના મનોરથ પૂરા થાય અને આ સંસ્થા આખા હિંદુસ્તાનમાં જોવા જેવી થાય.' ભાઈલાલ અને ભીખાભાઈ તથા હીરુભાઈ (એચ.એમ.)ની પુણ્યાઈ સાથે આજે ચારુતર વિદ્યામંડળનું સુકાન સંભાળતા ડૉ. સી.એલ. પટેલ ચરોતરના એ સપૂતનું સ્વપ્ન સાચું પાડે છે.

(નિયામકઃ ચારુતર વિદ્યામંડળસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા – સેરલિપ, વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ. મો.: ૯૮૯૮૫૪૩૮૮૧)

*// વ્યક્તિવિશેષ //*

## હૂંફાળા વિનોદી માનવીઃ મહારાજા કૃષ્ણકુમાર સિંહ

**ગંભીરસિંહ ગોહિલ**

*(ભાવનગરના પ્રજાવત્સલ રાજવી મહારાજાશ્રી કૃષ્ણકુમારસિંહ પોતાનું રાજ્ય ભારત સંઘ સાથે જોડવામાં અગ્રેસર હતા. મહારાજાનું શતાબ્દી વર્ષ ઉજવાઈ રહ્યું છે ત્યારે પ્રકાશિત થનારી તેમની જીવનકથાના અભ્યાસુ લેખકની કલમે જરા નોખા વ્યક્તિત્વની ઝલક અહીં રજૂ કરી છે.)*

'તમે એમને જોયા છે? તેઓ હસતા ચહેરે ફરે છે કે મારા જેવા ઉદાસી મોઢે? તેમણે મને કહ્યું છે કે હું જેમ હસતે મોઢે ફરું છું તેમ મારા લોકો પણ હસતે મોઢે ફરે તેવું કરી દો.' સર પ્રભાશંકર પટ્ટણીના આ શબ્દો છે. ૧૯૩૭માં ભાવનગર રાજ્યની વહીવટી સમિતિના પ્રમુખપદેથી નિવૃત્ત થઈને તેમણે રાજ્યના હિત ખાતર વસૂલાતી અધિકારી જેવા નાના પદે કામ કરવાનું સ્વીકાર્યું હતું. તે માટેના રાજ્યના ગ્રામવિસ્તારોના પ્રવાસ વખતે કુંબણના ગામ લોકો સમક્ષ મહારાજાની ઇચ્છા વિશે તેમણે ઉપર પ્રમાણે જણાવ્યું હતું.[૧] મહારાજા જ્યારે શહેર કે ગ્રામવિસ્તારમાં જાય ત્યારે તેમનું મરક મરક હસતું મુખ તે એક જાણીતું દૃશ્ય હતું.

એક વાર મહારાજાએ દીવાન અનંતરાય પટ્ટણીને ફોન કર્યો કે પોતે યંગ ક્લબનાં નાટકો જોવા આવવા ઇચ્છે છે. અનંતરાય કહે, 'ભલે, પધારો. રાત્રે આઠ વાગે શરુ થાય છે. શિશુવિહારમાં હોય છે.' મહારાજા નિયત સમયે પહોંચવાના આગ્રહી. તે એટલે સુધી કે કોઈ કાર્યક્રમમાં મહેમાન તરીકે ઉપસ્થિત રહેવાનું હોય ત્યારે પ્રથમ ડ્રાઈવરને મોકલે. આવવા-જવાના સમયનું માપ કઢાવે અને એટલો સમય બાદ કરીને નીકળવાનું

ગોઠવે. પરંતુ નાટકના સમયે પહોંચવામાં કોઈ અનિવાર્ય કારણ આવી પડતાં મહારાજા સારા એવા મોડા પડ્યા.

યંગ ક્લબનાં નાટકો તે વખતે ભાવનગરમાં પ્રખ્યાત હતાં. બહાર પણ તેની નામના હતી. કાર્યક્રમના આરંભે નૃત્ય હોય. તેનું આયોજન સપ્તકલાઓના જાણતલ જગદીપ વીરાણી કરતા. પ્રથમ નાટક સત્યઘટનાત્મક રહેતું. બીજું રહસ્ય નાટક અને ત્રીજું મોટે ભાગે સામાજિક. છેલ્લે 'દાદાઝ' નામે હળવી શૈલીમાં રજૂઆત આવતી. તેમાં દાદા તરીકે ઓળખાતા લોકોનો અભિનય આવતો. તેઓ ભાવનગરથી આરંભીને જગતભરના બનાવો પર વિનોદી શૈલીથી ટિપ્પણીઓ કરતા. તે કોઈ સળંગસૂત્ર નાટક નહિ હોવા છતાં લોકોને તેમાં ખૂબ રસ પડતો.[૨]

મહારાજા કાર્યક્રમમાં પહોંચ્યા તે પછી યંગ ક્લબનો નિયત ઘટનાક્રમ ચાલતો રહ્યો. છેલ્લે 'દાદાઝ' રજૂ થયું. એક દાદા આવી ગયા પછી બીજાએ આવવામાં મોડું કર્યું. પહેલો કહે, 'કેમ મોડો આવ્યો? તારી જાતને તું મહારાજા સમજે છે?'[૩] કટાક્ષ મહારાજ પર હતો. તેઓ મોડા આવ્યા હતા. આવા બૌદ્ધિક પ્રતિભાવથી મહારાજા ઘણા રાજી થયા. તેમણે પણ તાળીઓ પાડી પોતાના ઉપરના કટાક્ષને વધાવ્યો.

યંગ ક્લબની આ 'દાદાઝ'ની પ્રથા ઉપરથી મહારાજાએ પોતાના દ્વારા સંચાલિત બે શિક્ષણ સંસ્થાઓના કાર્યક્રમોમાં પણ આવો શિરસ્તો અપનાવ્યો હતો. શ્રી મનહરકુંવરબા રાજપૂત વિદ્યાલયમાં 'બાપુનો ડાયરો' આવે. તેમાં બાપુ, કામદાર અને હજામ વાલિયો. રાજપૂત સમાજ સંસ્થા, ભાવનગર શહેર અને જગતભરના બનાવો પર તે કટાક્ષો કરે. શ્રી નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયમાં 'બૈજી' નામનું આવું જ હળવું નાટ્યરૂપ આવતું. તે સંસ્થામાં તો એવો શિરસ્તો હતો કે કાર્યક્રમ વખતે દીકરીઓના વાલીઓ પધાર્યા હોય તેમને પણ તત્કાળ અભિનયની રજૂઆત માટે સ્ટેજ પર આવવું પડતું. એક ડબ્બામાં ચિઠ્ઠીઓ મૂકેલી હોય. વાલીએ આવીને કોઈ એક ચિઠ્ઠી ઉપાડવાની. ચિઠ્ઠીમાં જે શબ્દ નીકળે તે પ્રમાણેનો અભિનય તેમણે તત્કાળ કરી બતાવવાનો. મહારાજાના ત્રણ કુંવરીઓ સંસ્થામાં ભણતાં હતાં. એટલે વાલી તરીકે પોતાને અપવાદ ગણી મુક્ત રાખવામાં આવે તેવું તેઓ ક્યારેય ન ઇચ્છે. એટલે ક્રમ પ્રમાણે ઊભા થઈને તેમણે એક ચિઠ્ઠી ઉપાડી. તેમાં શબ્દ લખેલો હતો : 'ઊંટ'. મહારાજાએ સુરવાલ, અચકન અને સુઈબાલની કાળી ટોપીના પહેરવેશ સાથે સ્ટેજ પર આવીને એક હાથ વાળીને ઊંચો કર્યો. બીજો નીચે રાખ્યો અને ઊંટની જેમ લચકતી ચાલે વારંવાર ચાલી બતાવ્યું. પ્રેક્ષકોએ તાલીઓના ગડગડાટથી બાપુના અભિનયને વધાવી લીધો.[૪]

મનહરકુંવરબા રાજપૂત વિદ્યાલયના સાંસ્કૃતિક કાર્યક્રમ વખતે એક વાર મહારાજા હાજર હતા અને આગળની ખુરશીમાં બેઠા હતા. ત્યારે 'બાપુના ડાયરા'નું પૂર્વરૂપ 'આપા હુદડ' એ જ રીતે ભજવાતું હતું. (આપા તરીકે દિલાવરસિંહ ચુડાસમા (વાગડ), કામદાર ખુમાનસિંહ ગોહિલ (ખોખરા) અને વાલિયા તરીકે લક્ષ્મણસિંહ ગોહિલ (ચમારડી) વિનોદી રજૂઆતથી જમાવટ કરતા હતા). આપા હુદડ હૉકો પીતા વાલિયાને કહે, 'જો તો ખરો, આ હૉકામાં કાંઈ દમ નથી. માળું કંઈ મજા જ આવતી નથી.' વાલિયો કંઈ કરે કે બોલે તે પહેલાં સામેની ખુરશી ઉપર બેઠેલા મહારાજાએ કહ્યું, 'આપા, તમારી "ને" તો નીચે પડી છે.' (ને એટલે હૉકાની નળી) તે હોકાથી છૂટી પડી હોકાની બેઠકથી નીચે પડી ગયેલી હતી. તેની આપાને ખબર નહોતી. છતાં તેમણે અનુમાનથી સંવાદ ઉમેર્યો હતો. પણ મહારાજાની સદાજાગૃત વિનોદવૃત્તિએ તેમને વચ્ચે બોલવા પ્રેર્યા હતા. આપાએ વાત ઉપાડી લીધી, 'અલ્યા વાલિયા, તને ક્યારનો કહું છું કે હોકાનું ધ્યાન રાખ પણ તું ક્યાં ગોથાં મારે છે? સામે બેઠા છતાં બાપુને દેખાય છે કે ને પડી ગઈ છે ને તારું કંઈ ધ્યાન નથી? હાલ્ય, હાલ્ય, ઝટ હોકો સરખો કર. મને જરાય મજા આવતી નથી.' પ્રેક્ષકવર્ગને આ હાજરજવાબીથી ઘણી રમૂજ પડી. મહારાજાએ પોતે પણ આ વિનોદ માણ્યો.[૫]

મહારાજાને વિનોદવૃત્તિનો વારસો તેમના પિતાશ્રી મહારાજા ભાવસિંહજી બીજા તરફથી મળ્યો હતો. મહારાજા ભાવસિંહજી તો ઘણી વાર આકરી રમૂજો પણ કરતા. પણ કૃષ્ણકુમારસિંહજી ક્યારેય મર્યાદા ઓળંગતા નહીં. તેમને ખાસ કરીને પોતાની જાત પરની રમૂજ

ઘણી પસંદ હતી. એ રીતે તેઓ ક્યારેક પોતાની જાત પર કટાક્ષો કરવામાં ઘણો આનંદ અનુભવતા. ગૌરીશંકર તળાવ પર જે 'ભાવવિલાસ' પેલેસ આવેલો છે ત્યાં પોતે ક્યારેક રહેવા પધારતા. તેની બાજુમાં આવેલા બે ટેકરાઓ, તળાવમાં પાણી પૂરું ભરાય ત્યારે, ટાપુ બની જાય. એક વાર કહે, 'આ બે ટેકરા મેં મારી ખાનગી મિલકતમાં કેમ રાખ્યા છે તેની તમને કોઈને ખબર છે? આ નજદીકનો ટેકરો છે ત્યાં મારે બેન્ડ સ્ટેન્ડ બનાવવું છે અને તેની પછીના ટેકરા પર મારે ગીબન્સ જાતનાં વાંદરાં છૂટાં મૂકવાં છે. એટલે કે પૂનમની રાત હોય અને બેન્ડ વાગતું હોય તો મને અને તળાવે ફરવા આવેલાં લોકોને પણ મઝા પડે. તેમ જ અહીં બગીચામાં બેઠાં બેઠાં હું મરજી પડે ત્યારે પેલાં વાંદરાંઓની ખાસિયતોનો અભ્યાસ પણ કરી શકું. આ બધો મેળ મળી જાય તો રાજા, વાજા અને વાંદરાંની કહેવત પણ તાદૃશ થાય.'[૬]

નંદકુંવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલયના એક રાતના ગરબાના કાર્યક્રમ વખતે મહારાજાને પ્રમુખસ્થાને ઉપસ્થિત રહેવા નિમંત્ર્યા હતા. પણ કાર્યક્રમ નિયત સમય પ્રમાણે પૂરો થયો નહિ. ખૂબ લાંબો ચાલ્યો. તેના એનાઉન્સરે અંતે જાહેર કર્યું, 'હવે સમારંભના પ્રમુખસ્થાનેથી નામદાર મહારાજા સાહેબ બે શબ્દો કહેશે.' મહારાજાએ એનાઉન્સરના છેલ્લા શબ્દો પકડી લીધા. તેમણે જોયું કે સૌ કંટાળ્યા છે. પ્રવચન સાંભળવાનો મૂડ નથી. એટલે કહ્યું, 'આટલી મોડી રાતે મારે બે શબ્દો કહેવાના આવ્યા છે એટલે બે શબ્દો કહું છું, Good Night.'[૭]

દેશના ખ્યાતનામ વૈજ્ઞાનિક ડૉ. પી.સી. રૉયની જન્મશતાબ્દીનું વર્ષ ચાલતું હતું. ભાવનગરની સેન્ટ્રલ સૉલ્ટ એન્ડ મરીન કેમિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટમાં જન્મશતાબ્દી સમારોહનું પ્રમુખસ્થાન સંભાળવા માટે મહારાજાને આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે મારી લાંબા સમયથી એક માન્યતા રહી છે કે સર્વે વૈજ્ઞાનિકો ઘણા ગંભીર હોય. પરંતુ મને લાગે છે કે ડૉ. કપન્ના (ઈન્સ્ટિટ્યૂટના ડાયરેક્ટર અને વૈજ્ઞાનિક)નો તેમાં સમાવેશ થતો નથી. આપ સૌ મારી સાથે સંમત થશો કે ડૉ. કપન્ના એક ખરેખરા હાસ્યરસિક પુરુષ છે. નહીંતર તેમણે મારા જેવા વિજ્ઞાનના એક અલ્પજ્ઞાતાને આજના પ્રસંગે પ્રમુખ થવા નિમંત્ર્યો ન હોત! પરંતુ આપણે સૌ આજે એક ભારતીય મહાપુરુષને સન્માન અંજલિ આપવા એકઠા થયા છીએ અને એ કારણે ડૉ. કપન્નાનું માયાળુ આમંત્રણ સ્વીકારવાની મારી ફરજ છે એમ મને લાગ્યું. મહારાજાએ ઉમેર્યું કે ડૉ. પી.સી. રૉય માત્ર વૈજ્ઞાનિક નહિ પણ દેશભક્ત, આર્ષદૃષ્ટા આચાર્ય તથા એક સફળ ઉદ્યોગપતિ હતા.[૮]

ભાવનગર રાજ્યમાં એક એવી માન્યતા ઘર કરી ગયેલી હતી કે દીવાન અનંતરાય પટ્ટણીના તંત્ર નીચે દેવ જેવા રાજા કૃષ્ણકુમાર લાચાર બની રહે છે. પરંતુ એ માન્યતાને ખોટી પાડતા પ્રસંગો પણ બનતા હતા. ભાવનગરમાં સરદાર વલ્લભભાઈ પટેલ પર હુમલો થયેલો તેની તપાસ માટે મહારાજાએ પ્રખ્યાત પોલીસ અધિકારી છેલભાઈ દવેને ખાસ બોલાવેલા અને પછી તેમને જ રાજ્યના પોલીસ વડા તરીકે નિમણૂક આપી હતી. છેલભાઈ સ્વતંત્ર રીતે કામ કરનારા અધિકારી હતા. દીવાન અનંતરાય પટ્ટણીને તેમની સાથે બનતું નહિ. આથી એક વખત દીવાને મહારાજા પાસે ભારપૂર્વક રજૂઆત કરીઃ 'છેલભાઈને સેવાનિવૃત્ત કરીએ. કારણ કે હયાતખાન બહારવટિયો હજુ પકડાતો નથી. પ્રજામાં અસંતોષ વ્યાપેલો છે. વળી છેલભાઈને દમ છે. એટલે એ વ્યાધિના કારણે છેલભાઈ હયાતખાન બહારવટિયાને પકડવા અસમર્થ બન્યા છે. એટલે હાલના તબક્કે જ તેમને સેવાનિવૃત્ત કરીએ તેવી દરખાસ્ત છે.'

મહારાજાએ સીધો જવાબ આપવાનું ટાળ્યું. મરકમરક હસતાં શ્લેષ કરી જણાવ્યુંઃ 'દીવાન સાહેબ, આપણા રાજ્યમાં દમદાર અમલદારો માત્ર બે જ છે. એક આપ અને બીજા છેલભાઈ.' દમદારનો સીધો અર્થ તો દમામદાર, શક્તિશાળી કે પાણીદાર. બીજો અર્થ જેમને દમનો વ્યાધિ છે તેવા. છેલભાઈને દમનો વ્યાધિ હતો, તેમ અનંતરાય પટ્ટણીને પણ હતો. આવો તીવ્ર કટાક્ષ કરીને મહારાજાએ અનંતરાય પટ્ટણીને ચૂપ કરી દીધા. ફરી તે વાત આગળ ચાલી નહિ. ઊલટાના છેલભાઈએ ચારે બાજુથી વ્યૂહરચના ગોઠવી, પાલીતાણા રાજ્યના પોલિસ અમલદાર હવેવાલાનો સહકાર મેળવ્યો અને હયાતખાન બહારવટિયાને તેની ટોળી સાથે ખતમ કર્યો.[૯]

રામજીભાઈ કલ્યાણભાઈ વીરડિયા પાંચ તલાવડાના વતની. ડૉ. આર.આર. વીરડિયાના પિતા ભાવનગરની પટેલ બોર્ડિંગ (પટેલ વિદ્યાર્થી ભવન)માં રહીને ભણ્યા. ઈજનેરીનો કોર્સ કરી કરાંચી ગયા અને કારકિર્દી વિકસાવી. દેશના ભાગલા પડ્યા ત્યારે રેફ્યુજી તરીકે દેશમાં પરત આવ્યા. તેઓ પટેલ બોર્ડિંગમાં હતા ત્યારે તેના વિદ્યાર્થી મંડળના સેક્રેટરી હતા. પટેલ બોર્ડિંગ રેલ્વે સ્ટેશનથી ખૂબ નજીક હોવાથી ગાડીઓની આવજાથી અભ્યાસમાં ઘણી ખલેલ પડતી. આથી એક વાર સૌએ મળીને મહારાજાની મુલાકાત માગી. વિદ્યાર્થીઓ, ટ્રસ્ટીઓ વગેરે સૌ આપેલા સમયે નીલમબાગ પહોંચી ગયા. પ્રભાશંકર માસ્તરે સૌને એક રૂમમાં બેસાડ્યા. તેઓ ઇચ્છતા હતા કે મુલાકાત જલદી પૂરી થાય. પણ મહારાજાએ તો એકએકની ઓળખાણ પૂછી અને વડીલોને નામ સહિત યાદ કરી ખબરઅંતર પૂછ્યા. તેમાં જ ઘણી વાર થઈ. પછી રજૂઆત કરવામાં આવી. પટેલ વિદ્યાર્થી ભવનનું મકાન રેલ્વે સ્ટેશન પાસે હોવાથી ગાડીઓની આવજાને લીધે અવાજ બહુ આવે છે. વિદ્યાર્થીઓના અભ્યાસમાં તેથી ખલેલ પડે છે. મહારાજાએ પૂછ્યું કે મકાન તો સારું છે ને? મહારાજાએ જ તે બંધાવી આપ્યું હતું. વિદ્યાર્થીઓ કહે કે મકાન તો સારું છે. એ સાંભળીને મહારાજા ખૂબ હસ્યા. વિદ્યાર્થીઓનું કહેવાનું એમ હતું કે બીજી જગ્યા આપો. મહારાજાએ ખૂબ હસીને કહ્યું કે હું વિચારી જોઈશ. પણ ફરી ખૂબ હસીને કહ્યું કે 'આપણે એમ કરીએ. તમારું મકાન સારું છે તો તેને પૈડાં કરાવીએ. પછી જ્યાં લઈ જવું હોય ત્યાં લઈ જઈ શકાશે. દરિયાકાંઠાની હવા ખાવી હોય તો ત્યાં પણ લઈ જઈ શકાશે. માત્ર પૈડાં કરાવવાં પડશે.' સાથે મળીને સૌ ખૂબ હસ્યા.[૧૦]

મહારાજા એકવાર મુંબઈ ગયેલા ત્યારે વળતી મુસાફરીમાં તેમનું સલૂન વડોદરા રોકાયું. રેલ્વે સ્ટેશન પરના બચુભાઈ મીઠાઈવાળાના રેસ્ટોરાંમાં જમવાની તેમની ઇચ્છા થઈ. રસોઈનાં વખાણ સાંભળેલાં. મહારાણી સાથે જમતાં જમતાં પૂછ્યું, 'આવી સરસ રસોઈ કોણે બનાવી?' 'સેવક આપની સમક્ષ હાજર છે', બચુભાઈએ બે હાથ જોડી કહ્યું, 'બાપુ, હું આપનો જ પ્રજાજન છું, ભાવનગરનો છું. બાપુ, આપને રસોઈ તો ગમી પણ હું રહ્યો અભણ માણસ. બરાબર બોલતાં ન આવડે તો માફ કરશો.' મહારાજા હાથમાં કોળિયો થંભાવીને હસતાં હસતાં જવાબ વાળે છેઃ 'મારા કરતાં તો સારું બોલી શકો છો.' મહારાજામાં આવી એક અજબ જાતની નમ્રતા હતી.[૧૧]

મીઠાપુર ભાલ ગામે મહારાજાની જમીન હતી. ભાવનગર રાજ્યની સરહદ ઉપરનું તે છેલ્લું ગામ. મહારાજાએ પોતાના ખેડૂતોને ત્યાં વસાવેલા. તે ગામે બંધાયેલ ચોરાનું મહારાજાના વરદ હસ્તે ઉદ્‌ઘાટન કરવાનું હતું. બેએક હજાર માણસો ભેગાં થયાં હતાં. શરૂમાં ગામના સરપંચ નાનુ જસાભાઈ અને ડેપ્યુટી કલેક્ટર બોલ્યા. તે પછી મહારાજાએ કહ્યુંઃ 'હું અહીં મારું ઘર છે એમ સમજું છું. મારી અહીં જમીન છે. એટલે વરસમાં એકાદ બે વખત આવું છું. અહીં મારે પ્રવચન કરવાનું હોય ત્યારે લખીને લઈ જાઉં છું. મારા સેક્રેટરીએ મને કહ્યું પણ ખરું. પણ મેં કહ્યું કે મારે ભાષણ કરવું નથી. મારા લોકો સાથે વાતચીત કરવી છે. ખૂબ ભણેલા અને ભાષણ કરનારા ઘણા લોકોને મેં જોયા છે, સાંભળ્યા છે. મેં જોયું છે કે અભણ ભરવાડો પણ પોતાનાં ઘેટાંનાં મોઢાં ઓળખે છે. પણ કૉલેજના મોટા પ્રોફેસરો ભાષણો આપે છે ત્યારે વિદ્યાર્થીઓ તે સાંભળે છે કે નહિ, તેમના મગજમાં પોતાની વાત ઊતરે છે કે નહિ તે જોયા વિના તેઓ તો બોલ્યે જ રાખે છે. એટલે મને લાગે છે કે ખૂબ જ ભણેલા કરતાં અભણ ગામડિયા વધુ સમજદાર હોય છે અને તેઓ આચરણમાં વધારે સારા હોય છે. એટલે ફક્ત શાળાનું ભણતર ભણ્યો એટલા માત્રથી તે ભણેલો કે સમજુ કહેવાય નહિ.'[૧૨]

ગુજરાત સંગીત નાટક એકેડેમીએ સંગીતવર્ય પંડિત ઓમકારનાથ ઠાકુરનો મોટો સંગીત જલસો ભાવનગરમાં યોજ્યો હતો. પંડિતજીનો ઉતારો માજીરાજ સ્ટેટ ગેસ્ટ હાઉસમાં જ હતો. કાર્યક્રમ વખતે પંડિતજીના સંગીત પ્રત્યેની ચાહનાથી આખું ગધેડિયા ફિલ્ડ ખીચોખીચ ભરાઈ ગયું હતું. પંડિતજીએ ગાન શરુ કરતાં પહેલાં સામે જ બેઠેલા મહારાજાને સહેજ રીતે પૂછ્યું, 'મહારાજા સાહેબ, આપની કોઈ ફરમાઈશ નથી ને?' મહારાજાએ તરત જ સીધો જવાબ આપ્યો, 'હું તો દરબાર છું. રાગ દરબારી સિવાય મારી બીજી કઈ ફરમાઈશ હોઈ શકે?'

પંડિતજીએ ખુશ થઈને રાગોમાં સૌથી મોટા ગણાતા દરબારી કાનડામાં ગાનની શરુઆત કરી. લગભગ સવા કલાક સુધી શાસ્ત્રીય ગાનની રમઝટ બોલાવી શ્રોતાઓને મંત્રમુગ્ધ બનાવી દીધા.[૧૩]

એક વાર મહારાજા મૉટરકારમાં ગ્રામવિસ્તારમાં જઈ રહ્યા હતા. એક નેળ(સાંકડી ગલી)માં મૉટર સામે બળદગાડું આવી ગયું. પસાર થઈ જવાની જગ્યા નહોતી. ડ્રાઈવરે ગાડાવાળાને સહેજ કડકાઈથી કહ્યું, 'બાપુ ગાડીમાં છે, તેમને ઉતાવળ છે. ગાડું પાછું લઈ લે.' ગાડાવાળાએ બાપુની મૉટર જોઈ, આગળ ફરકતો વાવટો જોયો, અંદર બેઠેલા બાપુની પણ ઝાંખી કરી. પણ નેળ એટલે સાંકડી હતી કે ગાડું પાછું લઈ શકાય તેવી જગ્યા જ નહોતી. આથી તે ગભરાઈ ગયો. ઘણી મહેનત કરી છતાં તે ગાડું પાછું લઈ ન શક્યો. સમય વીતતો જતો હતો તેમ ડ્રાઈવર ગાડાવાળા પર ગુસ્સે થતો હતોઃ 'જલદી ગાડું પાછું લઈ લે. બાપુને જલદી આગળ જવાનું છે. આવી રીતે રસ્તો રોકી રહ્યો છે તે કેમ ચાલે?' બાપુ આ વાર્તાલાપ સાંભળી રહ્યા હતા. તેમણે સૂચવ્યું કે આપણી ગાડી પાછી લઈએ તો કેમ? પણ બાપુની ગાડી તકલીફમાં મૂકાય તે ડ્રાઈવરને અજુગતું લાગતું હતું. બાપુએ ડ્રાઈવરને પૂછ્યું, 'ગાડાને રિવર્સ ગિયર હોય છે?' ડ્રાઈવર કહે, 'ના બાપુ.' 'આપણી ગાડીનો તો છે ને?' 'ડ્રાઈવર કહે, 'હા, બાપુ.' 'તો પછી આપણી ગાડી પાછી લઈ લો. ગાડાવાળો કઈ રીતે ગાડું પાછું લઈ શકે?' આખરે ડ્રાઈવરે ગાડી પાછી લીધી. તે સમજી ગયો કે બાપુને સામાન્ય માણસની મુશ્કેલીની સૌથી વધુ ચિંતા હોય છે.[૧૪]

આઝાદી પછી દેશી રાજ્યોના વિલીનીકરણની પ્રક્રિયા ચાલી રહી હતી. રાજવીઓ વધુમાં વધુ મિલકતો પોતાન કબજામાં રહે તેવા પ્રયાસો કરતા હતા. દરમ્યાન રિયાસતી ખાતાના પ્રધાન વલ્લભભાઈ પટેલે ખાતાને એક ખાસ સૂચના આપી. રાજાઓની કઈ મિલકતો કેન્દ્ર સરકાર હસ્તગત કરવી અને કઈ તેમની પાસે રહેવા દેવી તેનાં આપણે ધોરણો ઠરાવેલાં છે. પણ કેટલીક મિલકતો એવી હોય છે જે રાજાઓની રાણીઓને તેમનાં માતાપિતાઓ તરફથી મળેલી હોય છે. આ સ્ત્રીધન કહેવાય. આવી મિલકતો કે કિંમતી ચીજો સરકારે લઈ લેવી નહિ. તે રાજાઓની અંગત મિલકત ગણીને તેમની પાસે જેમની તેમ રહેવા દેવી. આ માટેનો પરિપત્ર પણ સરકારે બહાર પાડ્યો હતો. તેનો અમલ પણ થવા લાગ્યો. તે વખતે મહારાજાને કોઈ જાણકારે જણાવ્યું કે આપની મિલકતોમાંથી કોઈ આવી હોય તો તે આપ પરત મેળવી લો. સરકારી ધોરણે તે પરત મળી શકે. મહારાજાએ તેમને બહુ લાક્ષણિક જવાબ દીધોઃ 'હાથીના હાથી આપી દીધા પછી આટલા થોડાક માટે શી માગણી કરવી? આપ્યું તે આપ્યું. તેમાંનું કંઈ ફરી માગવાનું ન હોય. એ તો હાથી આપી દીધા પછી તેનો અંકુશ (મહાવતનું સાધન) પાછો માગવા જેવું થાય.'[૧૫]

મહારાજા મદ્રાસ પ્રાંતના રાજ્યપાલ તરીકે જોડાયા તે પછી નીલમબાગ પેલેસની જુદી જુદી વ્યવસ્થાઓ અંગે ખાનગી ખાતાના સુપ્રિન્ટેન્ડન્ટ ગજાનન ભટ્ટને સૂચનાઓ લખતા. કેટલીક વસ્તુઓ, કપડાં, પ્રાણીઓ વગેરે મદ્રાસ મોકલવા લખતા. તેમ કેટલુંક કાપડ સંગ્રહમાં હોય તેની યોગ્ય વ્યવસ્થા કરવા અથવા નિકાલ કરવા સૂચવતા. એવી પણ સૂચના આપતા કે કાપડ અથવા કપડાંમાં જંતુ ન પડી જાય તેનું ધ્યાન રાખવું. વળી લખતા કે તેને બે પગવાળા જંતુ પણ નુકસાન ન કરે તે જોતા રહેવું. એટલે કે બે પગવાળાં માણસો ચોરી કરી વસ્ત્રો, વસ્તુઓ વગેરે ઉપાડી ન જાય તેનું પણ ધ્યાન રાખવું તેવું વિનોદમાં જણાવતા. આમ સામાન્ય રીતની સૂચનાઓ લખતી વેળાએ વચ્ચે વચ્ચે વિનોદ કરી લેવાની મહારાજાને ટેવ હતી.[૧૬]

નંદકુંવરબા કન્યા વિદ્યાલયના એક વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમના નાટકમાં કૂવામાંથી સિંચીને પાણી ખેંચવાનું દશ્ય આવતું હતું. દીકરીએ અભિનય દરમ્યાન દોરડું ખેંચ્યું, ઘડો ઉપર આવતો દેખાયો અને તેની સાથે જ નીચેથી ઊડીને આવતાં પારેવાં દેખાયાં જે ઉપર ઊડી ગયાં. સામાન્ય રીતે કૂવામાંથી પાણી સિંચવામાં આવે ત્યારે અવાજ કે વસ્તુ આવતાં પારેવાં ઊડે. પારેવાં ઊડતાં જોઈને મહારાજાને નવાઈ લાગી. તેઓ ઊભા થઈને બહાર આવ્યા. સંસ્થાના સેક્રેટરી અને નાટકોના માર્ગદર્શક કિરીટસિંહજી ગોહિલે સ્થિતિ સ્પષ્ટ કરીઃ 'અહીં કૂવો તો છે જ નહિ, પણ પ્રેક્ષકોને વાસ્તવિક વાતાવરણનો આભાસ મળે તે માટે ખરેખરા કૂવામાંથી

ઘડો પસાર થતાં પારેવાં ઊડે તેવી ગોઠવણ કરવામાં આવી હતી. નીચે હિંમતસિંહે(શારીરિક તાલીમના શિક્ષક) પારેવાં પકડી રાખ્યાં હતાં. સમય આવ્યે દશ્ય વખતે તેમણે તે ઉડાડેલાં.'[૧૭]

મહારાજાએ જવાબદાર રાજતંત્ર સોંપી દીધું હતું. ભાવનગર રાજ્યના મુખ્યપ્રધાન તરીકે બળવંતરાય મહેતા હવાલો સંભાળતા હતા. એ દિવસોમાં મહારાજા દિલ્હી જઈ રહ્યા હતા. એ જ વિમાનમાં બળવંતરાય મહેતા પણ સાથે થઈ ગયા. બળવંતરાયને મહારાજા પ્રત્યે ઘણો ઊંડો આદર અને સદ્ભાવ હતો. તેમણે સહજ રીતે મહારાજાને પૂછ્યું, 'મહારાજા સાહેબ, આપની ઉંમર તો હજી નાની છે ને આપના વાળ ધોળા થવા લાગ્યા છે.' મહારાજાએ તરત જ જવાબ આપ્યો, 'તમારા હવે થશે.' મતલબ કે હું જવાબદારી સંભાળતો હતો એટલે મારા વાળ ધોળા થઈ ગયા. હવે જવાબદારી તમારે સંભાળવાની આવી છે તેથી તમારા વાળ ધોળા થશે.[૧૮]

'શંકર્સ વીક્લી'વાળા શંકર એક વિચક્ષણ રાજકીય સમીક્ષક હતા. તેમનાં કાર્ટૂન હસી-મજાકનાં નહિ પણ ઊંડી દૃષ્ટિવાળાં બની રહેતાં. મહારાજાએ જ્યારે સ્વેચ્છાએ પોતાનું રાજ્ય દેશની એકતા માટે સમર્પી દીધું અને તેઓ મદ્રાસ પ્રાંતના રાજ્યપાલ થયા ત્યારે શંકરે એક કાર્ટૂન પ્રગટ કર્યું હતું. એક ઊંચા સ્થાન પર તેમણે કૃષ્ણકુમારસિંહજીને બેસાડ્યા હતા. તેમની બાજુમાં બેસી શકાય તેવી ઘણી જગ્યા ખાલી બતાવવામાં આવી હતી. સામે નીચે ભારતના એ વખતના મુખ્ય રાજવીઓને બતાવ્યા હતા. વચ્ચે સરદારને ઊભા રાખીને એમ કહેતા બતાવ્યા હતા કે 'જગ્યા ઘણી છે, લાયક બનો.' માત્ર રાજ્યપાલ તરીકે જ નહિ, પણ એક સાચા માનવી તરીકે તેઓની યાદ સદાય તાજી રહેશે.

ઉપરનું કાર્ટૂન ઉદ્ધૃત કરીને 'ચેત મછંદર' લખે છે કે જો ભાવનગરના મહારાજાએ પોતાનું રાજ્ય ગાંધીજીના ચરણે ધરી દેવાની પહેલ ન કરી હોત તો કદાચ ભારત માતાના દેહ પર પાર વિનાનાં પીળાં ધાબાંઓની કરામત જોવા મળત. તે માટેની ખરી વેદના તો જૂનાગઢ જેવા રાજ્યની જેલની અમાનુષી હેવાનિયત જેમણે વેઠી હોય તેને જ સમજાય. 'ચેત મછંદર' વધુમાં લખે છે કે મહારાજા કૃષ્ણકુમાર સિંહજીને પ્રજા પ્રાણથી પણ વહાલી હતી. 'સાર્વભૌમત્વ' તો પ્રજાનું જ હોઈ શકે તેવી ઊંડી વિશદ રાજનીતિના તેઓ જ્ઞાતા હતા.[૧૯]

**સંદર્ભસૂચિઃ**


૧. જયંતીલાલ મોરારજી મહેતા, 'છેલ્લી મુસાફરી', પૃ. ૫૭-૫૮

૨. બટુકભાઈ પંડ્યા, વાતચીત, તા. ૧૨-૨-૨૦૧૦

૩. મુનિકુમાર પંડ્યા, વાતચીત, તા. ૧૨-૨-૨૦૧૦

૪. હિંમતસિંહ ગોહિલ, મુલાકાત. તા. ૫-૫-૨૦૦૩

૫. દિલાવરસિંહ ચુડાસમા, સંદર્ભઃ પ્રો. તખ્તસિંહ પરમાર, તા. ૨-૧૦-૧૯૯૮

૬. કિરીટસિંહજી ગોહિલ, 'ભાવનગર સમાચાર', દીપોત્સવી અંક, ૧૯૬૬, પૃ. ૩૨-૬ અને ૭

૭. રાજમાતા બ્રિજરાજનંદિની દેવી, મુલાકાત, તા. ૧૦-૧૦-૨૦૦૩

૮. 'ભાવનગર સમાચાર', તા. ૧૨-૮-૧૯૬૧

૯. નરેન્દ્ર દવે, 'ઊર્ધ્વક્રાંતિ યાત્રા', પૃ. ૫૧૪

૧૦. રામજીભાઈ કલ્યાણભાઈ વીરડિયા, મુલાકાત, તા. ૨૦-૧૧-૨૦૦૯

૧૧. શનિ, "પુણ્યશ્લોક મહારાજા", 'ચેતમછંદર'.

૧૨. 'ભાવનગર સમાચાર', ૪ ફેબ્રુ., ૧૯૫૬

૧૩. પ્રિયવદન પાઠક, વાતચિત, તા. ૧૨-૨-૨૦૧૦

૧૪. અજિતસિંહ એમ. રાણા (મુંબઈ), મુલાકાત, તા. ૨-૫-૨૦૦૪

૧૫. ઘનશ્યામસિંહ એમ. ગોહિલ, મુલાકાત, તા. ૧૭-૧-૨૦૦૩

૧૬. મહારાજાની ખાનગી ખાતાની ફાઈલ, પત્ર તા. ૪-૧૨-૧૯૪૮

૧૭. હિંમતસિંહ ગોહિલ, મુલાકાત, તા. ૫-૫-૨૦૦૩

૧૮. 'ફૂલછાબ', તા. ૩-૪-૧૯૬૫

૧૯. 'ચેત મછંદર', તા. ૧૦-૪-૧૯૬૫



(ડી-૧૪૦, કાળવીબીડ, ભાવનગર.
ફોનઃ (૦૨૭૮) ૨૫૬૯૮૯૮.
ઈ-મેઈલઃ gambhirsinhji@yahoo.com)

## ઝીણાના દાદા પૂંજા વાલજી ઠક્કરનું મનોમંથન

### દિનકર જોષી

*(સૌરાષ્ટ્રના મોટી પાનેલીના ચુસ્ત વૈષ્ણવધર્મી લોહાણા પરિવારના પૂંજાએ માછલીનો વેપાર શરૂ કર્યો, પછી ઈસ્લામ કબૂલ્યો, જન્મના ધર્મમાં પાછા ફરવાના સઘળા દરવાજા બંધ થયા અને એ જ પરિવારના ફરજંદ મામદ થકી ઘૃણિત અનુભવોને પગલે ભારત વિભાજન અને પાકિસ્તાનની રચના શક્ય બની. 'પ્રતિનાયક' ઝીણાનો જન્મ દિન ૨૫ ડિસેમ્બર એટલે એ નિમિત્તે આ પરિવારની રસપ્રદ ગાથાનો અંશ લબ્ધપ્રતિષ્ઠ સર્જકની કલમે અહીં પ્રસ્તુત છે.)*

"મામદ!" ચાળીસેક વરસની વય ધરાવતા ઝીણાભાઈએ સોળ-સત્તર વરસની ઉંમરના પોતાના સહુથી મોટા પુત્ર મહમદને બોલાવ્યો. મહમદ તો એની મદરેસા કે શાળાના રજિસ્ટરમાં લખાવાયેલું નામ હતું, પણ ઝીણાભાઈનાં અડધો ડઝન જેટલાં સંતાનો તથા પરિચિતોમાં તો એમનો આ સહુથી મોટો પુત્ર મામદ તરીકે જ ઓળખાતો હતો.

ઝીણાભાઈ આ જ બપોરથી જ મામદની પ્રવૃત્તિઓ વિશે ચિંતિત થયા હતા. મદરેસામાં મઝહબી શિક્ષણ લેવા બેસાડેલો મામદ પઢાઈ કરતો નથી એવું મદરેસાના મૌલવીએ બે વરસ પહેલાં કહ્યું હતું. ઝીણાભાઈ ત્યારે ગળાડૂબ કામમાં હતા, પુત્ર મામદને ઠપકો આપીને પાછા ધંધામાં પરોવાઈ ગયા હતા, પણ એ પછી મૌલવીએ મામદને મદરેસામાં મોકલવાને બદલે બીજે ક્યાંક મોકલવાનું ઝીણાભાઈને સૂચન કર્યું હતું. કરાંચીની ડગ્લાસ ગ્રેહામ એન્ડ કંપની નામની એક બ્રિટિશ વ્યાપારી પેઢી સાથે ઝીણાભાઈનો આયાતનિકાસનો ધંધો સારી પેઠે વિકસેલો હતો. આ પેઢીના મેનેજર સર ફ્રેડરિક ક્રોફ્ટ જે રીતે ફટાફટ કામગીરી આટોપતા એનાથી ઝીણાભાઈને ઘણી વાર થતું કે આ સાહેબ લોકો સાથે કામ પાડવું હોય તો એમની ભાષા, નવાનોખા કાયદા અને કામ કરવાની પદ્ધતિ જો શીખી લીધાં હોય તો ધંધામાં ભારે ઉપયોગી થાય. ગુજરાતી અને સિંધી આ બે સિવાય બીજી કોઈ ભાષા ઝીણાભાઈ જાણતા નહોતા. જે ભાંગ્યુંતૂટ્યું હિંદી બોલતા હતા એમાં અર્ધાથીય વધારે શબ્દો ગુજરાતી અને સિંધીના જ અનાયાસે ભળી જતા. ગુજરાતી વ્યાકરણ, પૂર્વજીવનના મહાવરાને કારણે ઉપયોગમાં લેતા એટલું જ ગનીમત. ક્યારેક બે-ચાર શબ્દો જેમતેમ ગોઠવીને એકાદ અંગ્રેજી વાક્ય બોલવાનો પ્રયત્ન કરતા, પણ આ બધામાં વ્યાકરણના સનાતન નિયમો તો ગુજરાતી ભાષાના જ ઉપયોગમાં લેવાતા.

અને એટલે જો મદરેસામાં મામદ મઝહબ શીખી ન શકે, કુરાનની આયતો કે અલ્ફાતિહા પઢી ન શકે તો એ વિશે ઝીણાભાઈને ઝાઝો રંજ નહોતો. બીબી મીઠીબાઈના આગ્રહથી મામદને મદરેસામાં મૂક્યો હતો. ઝીણાભાઈની ઈચ્છા તો મદરેસા કરતાં કોઈ અંગ્રેજી શાળામાં ભણીને મામદ ફ્રેડરિક ક્રોફ્ટ જેવો બાહોશ અને કુશળ વેપારી પેઢીનો સંચાલક બને એવી જ હતી. મદરેસામાંથી મામદને ઉઠાડીને ઝીણાભાઈએ તરત જ ક્રિશ્ચિયન મિશન હાઈસ્કૂલમાં એની ભરતી કરાવી દીધી હતી.

•

ઓગણીસમી સદીની અધવચ્ચે, હિંદુસ્તાનના પશ્ચિમ કાંઠે કાઠિયાવાડ તરીકે ઓળખાતા નાનકડા દ્વીપકલ્પમાં બસ્સો જેટલા રાજવીઓ પોતપોતાના સીમાડા આંકીને દરબારગઢમાં લીલાલહેર કરતા હતા. મોટાભાગે 'કહુંબા-પાન,' સસલાં, તેતર કે કાળિયારનો શિકાર કરવો અને બાજરાના ફળફળતા રોટલા સાથે છાસ્યું પીવી – આ સિવાય કરવા જેવું કોઈ કામ એમના માટે બ્રિટિશ એજન્સીએ રહેવા દીધું નહોતું. રાજકોટ કાઠિયાવાડના નકશામાં કેન્દ્રસ્થાને હતું અને આ બસ્સો

કલગીઓધારી સાફાઓ ઉપર નજર રાખવા માટે બ્રિટિશ હકૂમતે અહીં એજન્સીનું થાણું સ્થાપ્યું હતું.

માંડ પાંચસોએક માણસની વસતિ ધરાવતું પાનેલી ગામ ગોંડલના રાજવીના સીમાડામાં આવેલું હતું. બ્રાહ્મણ-વાણિયા જેવાં ઉજળિયાત કોમનાં કુટુંબો સાથે રજપૂત, પટેલ અને કોળી સમાજના પરિવારો પણ અહીં વસ્યા હતા. આ બધા વચ્ચે લોહાણા જ્ઞાતિના પરિવારો ખાસ ધ્યાન ખેંચે એવા હતા. પાનેલીમાં ઇસ્લામ અંગીકાર કરીને ખોજા બનેલાં, વટલાયેલાં બે-ચાર કુટુંબો પણ વસતાં હતાં. ખેતીવાડી ઉપરાંત નાનામોટા છૂટાછવાયા ધંધામાં આ સહુ રોટલો રળી લેતા હતા. રેશમી સાફાધારી રાજવીઓની અંદરોઅંદર થતી ધિંગાણાબાજી હવે પ્રમાણમાં ઓછી થઈ ગઈ હતી અને બ્રિટિશ હકૂમતના તાપના પ્રતાપે નિરુપદ્રવી અને શાંતપ્રિય નાગરિકો માટે ધંધાધાપામાં જીવ પરોવવો સરળ થઈ ચૂક્યું હતું.

પૂંજા વાલજી ઠક્કરનો પરિવાર બહુ મોટો નહોતો, પણ પૂંજામાં ધંધાદારી સૂઝ ઠીકઠીક હતી. રાજકોટ એજન્સીનું થાણું બન્યા પછી ધંધાદારી કેન્દ્ર તરીકે પણ એનો ઝડપભેર વિકાસ થતો હતો. કાઠિયાવાડ તરીકે ઓળખાતા આ પ્રદેશમાં મુસલમાનોની વસતિ તો આ અગાઉ જ સારી એવી થઈ ચૂકી હતી. અને હવે આ ગોરા સાહેબો પણ અડિંગો લગાવવા માંડ્યા હતા. મેમણ, વોરા વાઘેર અને ખોજા – આ મુસલમાન વસતિ તથા દરબાર, કોળી અને બીજી કોમમાં ધીમેધીમે માછલીનો ખોરાક લોકપ્રિય થવા માંડ્યો હતો. પૂંજા ઠક્કરે ગણિત માંડીને જોયું કે બીજા બધા ધંધામાં પાનેલી અને આસપાસના વાણિયા કે લોહાણા વેપારીઓ લાંબા વખતથી કાઠું કાઢી રહ્યા છે. આમાં કોઈ માછલીના ધંધામાં પડ્યા નહોતા. આમ તો પાનેલી દરિયાકાંઠાથી ખાસ્સું દૂર, પણ વેરાવળ અને પોરબંદર જેવાં સ્થળેથી માછલીઓનો વેપાર ધમધોકાર થતો એ પૂંજા ઠક્કરે પોતાની સગી આંખે જોયું હતું. પૂંજા ઠક્કર હિસાબનો પાક્કો હતો. એણે વેરાવળ તથા પોરબંદર જેવા વિસ્તારમાંથી સૂકી માછલીઓનો ભાવતાલ મેળવ્યો અને રાજકોટ કે બીજાં શહેરોમાં આ સૂકી માછલીઓનો માલ કયા ભાવે વેચાય એનીય ખાતરી કરી લીધી. વાહનવ્યવહારનાં સાધનો સાવ ટાંચાં હતાં, એટલે આવો માલ સમયસર બજારમાં પહોંચતો નહિ એને કારણે હંમેશાં માલની તંગી રહેતી.

પૂંજાનું કુટુંબ લોહાણા પરંપરા મુજબ આમ તો વૈષ્ણવધર્મી હતું, પણ પુષ્ટાવેલા ઠાકરોજીની સેવા પૂંજાના ઘરમાં નહોતી અને દિવસના બદલાતા પહોરે મંગળા, શૃંગાર, રાજભોગ, આરતી કે શયનનાં દરશન માટે ઘરમાં દોડધામ થતી નહોતી. એક ગોખલામાં શ્રીનાથજીની છબી રાખી હતી અને પૂંજા ઠક્કરની પત્ની સવારે ઊઠતાંવેંત 'શ્રીકૃષ્ણઃ શરણં મમં'નો જાપ કરતી તથા સ્નાનાદિથી પરવારીને શ્રીનાથજીની છબીને સાકર ભેળવેલો ગળ્યા દૂધનો પ્રસાદ ધરતી તથા અગરબત્તીનો ધૂપ કરતી. આ વખતે આંખ બંધ કરીને થોડીક ક્ષણો 'ઓમ્ નમો ભગવતે વાસુદેવાય'નો પાઠ પણ થતો. પૂંજાના પિતા વાલજી ઠક્કર ચુસ્ત વૈષ્ણવધર્મી હતા અને પૂંજાની માતાએ છેલ્લા શ્વાસ સુધી ઠાકોરજીની ઝાંખી કે ઓચ્છવોનો વિધિ નિભાવ્યો હતો, પણ એનું અવસાન થયું એ પછી પૂંજાએ પૂજાસ્થાનકમાં રહેલા ઠાકોરજીને હવેલીમાં પધરાવી દીધા હતા.

પૂંજાએ જેવો સૂકી માછલીઓનો ધંધો શરૂ કર્યો કે તરત જ ગામના વૈષ્ણવ સમાજના તો ઠીક પણ મોટા ભાગના સવર્ણ હિંદુઓનાં નાકનું ટીચકું ચડી ગયું. વાલજી ઠક્કર જેવા મરજાદી વૈષ્ણવના કુટુંબમાં પૂંજા ઠક્કર જેવો દીકરો પેદા થાય એ વાતથી જ પાનેલીના લોહાણા પરિવારોએ તો ભારે અકળામણ અનુભવી. ગામના બેચાર વડીલોએ તો આવીને પૂંજાનો રીતસરનો ઊધડો જ લીધો.

"પૂંજા, દીકરા, પેટ ન ભરાતું હોય તો પેટ ફાડી નાખીએ, પણ વૈષ્ણવધર્મના બાપદાદાના સંસ્કારો ભૂલીને આ તુરકડા જેવા ધંધામાં પડતાં તને લાજશરમ નથી આવતી? આ તો મુસલમાની ધંધો કહેવાય."

આ અને આવાં-આવાં ઠપકાનાં વાક્યો પૂંજાના કાને લગભગ રોજ પડતાં, સૂકી માછલીઓનો માલ વેરાવળ કે પોરબંદરના ખારવાઓ બળદગાડા મારફતે પાનેલી પહોંચાડતા. પણ પછી પાનેલીથી રાજકોટ કે બીજાં બજારો સુધી આ માલ પહોંચાડવા માટે પૂંજો ૫

ાનેલીમાંથી કોઈ બળદગાડું ભાડે મેળવી શકતો નહિ. બળદગાડાં વખતોવખત ભાડે ફેરવનાર ઉભડિયા વર્ણના લોકો પાનેલીમાં નહોતા એવું નહિ, પણ માછલીની તીવ્ર ગંધથી જ આ ગાડાવાળાઓ પડખે ઢૂંકાતા જ નહિ. પૂંજાએ બળદગાડાં મેળવવા માટે બે પૈસા વધારે ભાડું ચૂકવવાની પણ તૈયારી બતાવી, છતાં ગામના તો શું પણ રાજકોટના ગાડાવાળા સુધ્ધાં પૂંજાના ધંધામાં સાથ આપવા તૈયાર થયા નહિ.

પૂંજાનો સ્વભાવ હઠીલો હતો. એક વાર કોઈ વાતે મમતે ચડી જાય પછી એને કોઈ કાળે પડતી મૂકવી એ એના લોહીમાં નહોતું. માછલીના આ ધંધામાં તો બે પૈસા મળતા પણ હતા. પોતાની આમદાની આ રીતે વધતી હોય તો પોતાના સમાજના લોહાણા પરિવારોએ કે પછી ગામનાં બીજાં સવર્ણ હિંદુ કુટુંબોએ ઈર્ષ્યા શું કામ કરવી જોઈએ? એમની નારાજીના કારણે જ ગામના ઉભડિયા બળદગાડાંવાળાઓ પૂંજાથી દૂર રહેતા હતા. પોતે એવો કેવો ઘોર અપરાધ કર્યો હતો કે આટલી પેઢીઓથી ગામમાં રહેવા છતાં આ એકમાત્ર ગુના માટે આવડી મોટી સજા કરવામાં આવતી હતી? ગમે તે થાય, પણ હવે પોતે આ જ ધંધો કરશે, પછી ભલે એમાં એને નુકસાની પણ થાય.

નુકસાની થવાની સંભાવના હતી જ, કેમ કે વેરાવળ-પોરબંદરના ખારવા તો સમયસર માલ પાનેલી પહોંચાડી દેતા અને પછી પૂંજો આ માલને બળદગાડાના અભાવે નક્કી થયેલાં બજારોમાં પહોંચાડી શકતો નહિ. આવો માલ પૂંજાના બાપીકાં ગોદામોમાં પડ્યો રહેતો એની સામેય શેરીમાં વસતા સવર્ણ હિંદુઓના પરિવારોએ ભારે શોરબકોર મચાવી દીધો હતો.

"પૂંજા, આ બ્રાહ્મણવાડો છે, ખાટકીવાડો નથી. આ ગંધાતી માછલીઓને અહીં ખડકવાનું બંધ કર. તારી આ મુસલમાની રીતભાત અમારી શેરીઓમાં નહિ ચાલે."

પૂંજો સળગીને ભડકો થઈ ગયો: આ ગામ મારું છે. આ ઘર પણ મારું છે. આ ધંધા સામે નાકનું ટીચકું ચડાવનારાઓ બધા કંઈ દૂધે ધોયેલા નહોતા. કેટલાકનાં સારાંનરસાં કામો પૂંજો જાણતો હતો. આ બધા નઠારાં કામો કરનારાઓ પણ જો ત્રિપુંડ કરીને કે પછી 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નો જાપ કરીને પોતાને પવિત્ર માનતા હોય તો એ પવિત્રતા ભલે એમની પાસે જ રહે. પૂંજાને તો રોજ સવાર પડ્યે પાંચ પેટની ભૂખ ભાંગવાની હતી. ત્રણ દીકરા અને બે માણસ પોતે. ગામનો કોઈ બ્રાહ્મણ કે વૈષ્ણવ પોતાની ભૂખ ભાંગવા આવે એમ નહોતું. જો પોતે પોતાની ગરીબી દૂર કરવા કોઈનેય કનડ્યા વિના ધંધો કરીને બે પૈસા રળતો હોય તો એમાં આ બધાએ પોતાને શા માટે ધુત્કારવો જોઈએ? પૂંજો ધૂંઆપૂંઆ થયે જતો હતો.

એવામાં અણધારી ઘટના બની.

આદમજી ખોજા સાથે પૂંજાને ઠીકઠીક ભાઈબંધી હતી. આદમજીનું કુટુંબ બે પેઢી પહેલાં જ લોહાણામાંથી વટલાઈને ખોજા બન્યું હતું. આદમજી કંઈ પાનેલીનો મૂળ વતની નહોતો, પણ હળવદની ઉપરવાસ સલાયા પંથકમાં તેઓ વસતા હતા. ખોજા બન્યા પછી અન્ય પરિવારો વચ્ચે રહેવું એમને રુચ્યું નહિ એટલે બાપીકા ગામેથી ઉચાળા ભરીને તેઓ અહીં પાનેલીમાં ઠરીઠામ થયા હતા. આ વાતને પણ બે પેઢી વીતી ચૂકી હતી, એટલે હવે તો આદમજી પણ પાનેલીનો જ મૂળ વતની હોય એમ એકાકાર થઈ ગયો હતો. ગામ સાથે અણબનાવ થયા પછી પૂંજો પોતાનો વધારાનો ઘણોખરો સમય આદમજી સાથે કાઢતો, પોતાની હૈયાવરાળ આદમજી પાસે ઠાલવતો. આદમજી એને હૈયાધારણ આપતો. પૂંજા માટે આ હૈયાધારણ ભારે સાંત્વન આપનારી હતી. ગામમાં આદમજીની ગણના એક ઠરેલ અને પૂછવાપાત્ર વ્યક્તિ તરીકે થતી હતી. ગામના નાનામોટા તમામ પ્રસંગોએ આદમજી તન તોડીને મહેનત તો કરતો જ પણ ગાંઠના પાંચ પૈસા પણ જોડતો.

આ દિવસોમાં આદમજીએ પૂંજાને એક સમાચાર આપ્યા:

"પૂંજા, આવતા મહિને નામદાર આગાખાનસાહેબ રાજકોટ પધારે છે."

•

આદમજીના ચિત્તમાં આગાખાનની એક મૂર્તિ હતી. આ મૂર્તિ હવે પ્રત્યક્ષ થવાની છે એવું જ્યારે એણે જાણ્યું ત્યારે એ રોમાંચિત થઈ ઊઠ્યો હતો.

માલની ખરીદી કે વેચાણ માટે આદમજી અવારનવાર રાજકોટ જતો. રાજકોટમાં જેમ એને ધંધાદારી સંપર્કો હતા, એમ મુલ્લાં-મૌલવીઓ સાથે મઝહબી સંબંધો પણ એણે જાળવ્યા હતા. કોઈક પીરની દરગાહ ઉપર ચાદર ઓઢાડવા કે પછી નમાજ પઢવા માટે મસ્જિદમાં જતો. આવા વખતે એણે જાણ્યું કે આગાખાન રાજકોટ પધારી રહ્યા હતા, રાજકોટના સહધર્મીઓને તેડાવ્યા હતા અને આગાખાનનાં ચરણે વિશિષ્ટ ભેટો ધરવા માટે આયોજન થઈ રહ્યું હતું.

આયોજનના આ ભાગરૂપે, પ્રત્યેક ઈસ્માઈલી ખોજાએ પાક પરવરદિગારનો સંદેશો જે એના રસૂલ મહમદસાહેબ પાસેથી સાંપડ્યો હતો એને વધુ એક કાફિર સુધી પહોંચાડવો એવો સંકલ્પ મનોમન દિવસોથી થઈ રહ્યો હતો. આદમજી તો આમાં ઝાઝું કંઈ જાણતો નહોતો, પણ જમાતખાનાના ઈમામે એને જે વાત કરી એનો એટલો જ અર્થ એ સમજ્યો કે જો એક ગૈરમુસલમાનને પોતે આ દિવસે મુસલમાન બનાવી શકે તો અલ્લાહતાલા એની ઉપર પ્રસન્ન થાય અને પેલા બિચારા જીવનો દોઝખમાંથી ઝન્નત તરફ ઉદ્ધાર થાય.

આદમજીને પૂંજા માટે ખૂબ સહાનુભૂતિ હતી. પૂંજો જે રીતે ભારે દબાણ હેઠળ જિંદગી ગુજારી રહ્યો હતો એનો એ સાક્ષી હતો. પૂંજાને દોષિત ઠરાવવા માટે એના સમાજ પાસે કોઈ કારણ હોય એમ આદમજીને લાગતું નહોતું. મસ્જિદના મૌલવીએ જ્યારે એક કાફિરની રુહને અલ્લાહતાલાના દરબારમાં લાવવાથી કેવી પરમ ખિદમત થઈ કહેવાય એ સમજાવ્યું, ત્યારથી આદમજીના મનમાં પૂંજાના જ વિચારો આવતા હતા. પૂંજો આમેય એના સમાજથી તરછોડાયેલો હતો. વળી આર્થિક રીતે પણ ઠીકઠીક ખેંચમાં રહેતો હતો. ત્રણ દીકરાઓને ભણાવવા તથા વરાવવા-પરણાવવાની જવાબદારી હજુ અદા કરવાની બાકી હતી. આ સંજોગોમાં પૂંજો જો કબૂલ થાય તો પોતાને એક પવિત્ર કામ કર્યાનો જશ મળે અને પૂંજાનો પણ આ યાતનામાંથી છુટકારો થાય. મહેરબાન આગાખાનસાહેબની દુઆથી એનાં સંતાનોનું ભણતર થશે અને ધંધોરોજગાર પણ થશે.

પૂંજો આ આગાખાન વિશે કશું જાણતો નહોતો. આદમજીએ જ્યારે એને આગાખાનના આગમનના સમાચાર આપ્યા ત્યારે એણે આ સમાચરને ખાસ કોઈ ઉત્તેજના વિના જ સાંભળ્યા.

“પૂંજા, તારી આ બધી ઉપાધિઓનો અંત આવી જાય એવો એક ઉપાય મને સૂઝે છે. તને જો માઠું ન લાગે તો કહું.” આદમજીએ હળવેકથી વાતનો પ્રસ્તાવ રજૂ કર્યો.

“ભલા માણસ, એવો જો કોઈ ઉપાય તારી પાસે હોય તો પછી સારા મૂરતની વાટ શા માટે જુએ છે? મારે પણ હવે આ કમબખ્તોને બતાવી દેવું છે કે હું પણ કંઈક છું.” પૂંજાએ સહેજ ઉશ્કેરાટ સાથે કહ્યું.

“જો, ભાઈ, મારા બાપદાદા પણ થોડાંક વરસો પહેલાં તમારા જ સમાજમાં હતા. તમારા સમાજે જ્યારે હડધૂત કર્યા ત્યારે અમને મહમદસાહેબનો પ્રકાશ સાંપડ્યો. હવે જો તું પણ મહમદસાહેબે ચીંધેલા આ માર્ગે અમારી સાથે જોડાઈ જા તો તારા ઉપર પણ ખુદાની દુઆ ઊતરશે.” આદમજીએ એકએક શબ્દ સાવધાનીપૂર્વક ઉચ્ચાર્યો.

“એટલે? હું સમજ્યો નહિ. જરાક ફોડ પાડીને કહે, ભાઈ!” પૂંજાએ ગરદન ટટ્ટાર કરી અને આંખ પહોળી કરી.

અને પછી આદમજીએ જે સમજાવ્યું એ સમજીને પૂંજો ઊંડા વિચારમાં પડી ગયો. આદમજીની વાત તો દીવા જેવી સ્પષ્ટ હતી. આગાખાનના આગમનને વધાવવા કાઠિયાવાડ પંથકમાંથી બીજા કેટલાક પોતાના જેવા જ કિસ્સાઓ તે દિવસે ઈસ્લામ-ધર્મ અંગીકાર કરવાના હતા એની માહિતી પણ આદમજીએ આપી. આમાં કોઈકનાં સંતાનોના અભ્યાસ માટે આગાખાન તરફથી છાત્રવૃત્તિ મળવાની હતી, તો કોઈકની પત્નીની સારવાર માટે મુંબઈની હૉસ્પિટલમાં સગવડ થવાની હતી. કેટલાક એવા પણ હતા કે જેઓ પેઢીઓથી ગામમાં વસવા છતાં ગામના કૂવેથી પાણી પણ સીંચી શકતા નહોતા કે ઠાકરદ્વારે રામજીનાં દર્શન કરી શકતા નહોતા. આદમજી કહેતો હતો એમ એક વાર જો આ બધા નામદાર આગાખાનની મહેરબાની અને દુઆ મેળવી લે તો પછી એમના માટે જન્નત હાથવગું જ હતું.

પૂંજાએ જ્યારથી સૂકી માછલીઓનો ધંધો શરૂ કર્યો હતો ત્યારથી, ગામના બ્રાહ્મણ-વાણિયા પરિવારો તો

ઠીક, પણ પોતાના લોહાણા પરિવારો અને રજપૂત, કોળી કે કણબી પરિવારો સુધ્ધાં એને માટે નાકનું ટીચકું ચડાવતા હતા એ વાત એ જાણતો હતો. પોતાના માટે આ સહુ ક્યારેક ખાનગીમાં 'વટલાયેલો તુરકડો' એવો શબ્દ પણ બોલતા હતા એ પણ પૂંજાની જાણકારીમાં આવ્યું હતું. માછલીઓનો જથ્થો પોતે પોતાના જ ગોદામમાં ભરતો હતો, તોય શેરીના એના પાડોશીઓ રોજ સવારસાંજ એની સામે થૂ-થૂ કરતા હતા. આવું ક્યાં સુધી ચાલે? તેઓને જડબાતોડ જવાબ આપી શકાય એવું કંઈક એ દિવસોથી વિચારતો હતો, પણ કંઈ સૂઝતું નહોતું. આદમજીની આ વાત જો –

આમેય પૂંજાની પ્રકૃતિ કંઈ ધર્મભાવનાના કોઈ ઊંડા ગુણવાળી નહોતી. ઠાકોરજીની જે સેવા ઘરમાં હતી એ તો એણે માતાના મૃત્યુ પછી તરત જ હવેલીમાં પધરાવી દીધી હતી. પત્ની ઘરમાં નજીવું પૂજન-અર્ચન કરતી ખરી, પણ એમાંય પૂંજાને કોઈ દિલચસ્પી નહોતી. પોતે જો, આદમજીએ સૂચવ્યું છે એમ, મુસલમાન બની જાય તો એનાથી એના મનોગતમાં તો કાંઈ ફેરફાર થાય એમ નહોતો. માત્ર ગામના જે પંચાતિયાઓ બકવાસ કરે છે એમનાં મોં ઉપર એક તમાચો પડે એમ હતું. આમાં પત્ની કે સંતાનોને પણ કંઈ પૂછવું પડે એ વાત તો પૂંજાની વિચારસૃષ્ટિમાં ક્યાંય પ્રવેશી શકે એમ નહોતી. કાયદાની બીજી કોઈ પળોજણ પૂંજો જાણતો નહોતો.

મોટો પુત્ર ગાંગજી તો પરણાવવા જેવડો થયો હતો. હવે જો નાતીલાઓ પોતાના ધંધાના કારણે જ ગાંગજીને કન્યા દેવાનું માંડી વાળે તો પૂંજાથી એ વાત સહન થાય એમ નહોતી. વચેટ દીકરો નથ્થુ પાનેલીમાં ભણી શકાય એટલું ભણીને બાપના ધંધામાં હાથ દેવા માંડ્યો હતો. પણ જો પોતાના ધંધાની પરિસ્થિતિ આવી ને આવી જ રહે તો આ દીકરાઓને પરણાવ્યા પછી એમની વહુઓનું પેટ પણ ભરવું પડે. આ બધું પૂંજા ઠક્કરને પરવડે એમ નહોતું. સહુથી નાનો પુત્ર ઝીણિયો હજુ અણસમજુ હતો, પણ બે વરસ પછી એય કાઠું કાઢશે. પૂંજા ઠક્કરને આ ઝીણિયાની સહુથી વધારે ચિંતા હતી. ગાંગજી અને નથ્થુ તો શરીરે તંદુરસ્ત અને હટ્ટાકટ્ટા હતા. જરૂર પડ્યે ક્યાંક ધોલધપાટ કરી શકે અને ક્યાંક ધોલધપાટ ખાઈ શકે એવો એમનો બાંધો હતો. પણ આ ઝીણિયો સાવ માયકાંગલો હતો. જન્મથી જ એનું કાઠું મુઠ્ઠીમાં સમાય એવું હતું, એટલે જ જ્યારે એનું નામાભિધાન કરવાનો દિવસ આવ્યો ત્યારે પૂંજા ઠક્કરની બહેન એટલે ઝીણિયાની ફોઈબાએ હસતાં-હસતાં કહ્યું કે ભઈલા, તારો આ દીકરો તો સાવ ઝીણકોક છે. ગાંગજી અને નથ્થુ તો જનમ વખતે તગડા હતા. હવે આ નાનકડાનું નામ આપણે ઝીણો જ રાખીએ. જો ને, દેખાવમાંય ઝીણિયો છે અને એની આંખ પણ કેવી ઝીણી-ઝીણી છે!

બસ, આમ પૂંજા ઠક્કરના આ ત્રીજા દીકરાનું નામ જન્મકુંડળીની કોઈ રાશિ પ્રમાણે નહિ પણ એના દેખાવ પ્રમાણે પડી ગયું. આ ઝીણિયો નાનપણથી જ નબળા બાંધાને કારણે અવારનવાર સાજોમાંદો પણ રહેતો. પૂંજા ઠક્કરને ક્યારેક ઝીણિયાની ચિંતા થતી તો ક્યારેક દયા પણ આવતી. આ દીકરો જો મોટો થઈને પણ આવો ને આવો રહેશે તો એનું જીવતર ભારે મુસીબતભર્યું બની જશે એવું એને લાગતું.

માછલીનો ધંધો શરૂ કર્યા પછી ગાંગજી અને નથ્થુ તો સમજદાર હતા એટલે કોઈ ફરિયાદ કર્યા વિના પોતાનો માર્ગ કાઢી લેતા, પણ ઝીણિયાએ પિતા પાસે ઘણીવાર ફરિયાદ કરી હતીઃ

"બાપુ, ગામના છોકરાઓ મને માછલીખાઉ, માછલીખાઉ એમ કહીને ચીડવે છે. આપણે કોઈ ઘરમાં માછલી ખાતાં તો નથી. આમ છતાં આ છોકરાઓ મારી સામે જોઈને થૂ-થૂ કરે છે." ઝીણિયાએ ચહેરા ઉપર દયાનો ભાવ લાવીને પૂંજા ઠક્કર સામે જોયું.

પૂંજાને ત્યારે થયું કે ધંધો તો પોતે કરી રહ્યો હતો, એમાં આ નિર્દોષ બાળકનો શો દોષ હતો? ગામના અને સમાજના પોતાના સમવયસ્કો કે વડીલો પોતાને ધુત્કારે એ તો જાણે સમજી શકાય, પણ એમનાં અણસમજુ સંતાનો સુધ્ધાં પોતાના આ મૂઆ વાંકે જીવતા દીકરા ઝીણિયાને આમ સતાવે એ તો હદ આવી ગઈ કહેવાય. એને પારાવાર રોષ વ્યાપ્યો. એક ક્ષણ તો થયું કે ઝીણિયાને આ રીતે ધુત્કારનારા આ સહુ શાહુકારના દીકરાઓને પોતે રહેંસી નાખે, પછી જે થવાનું હોય તે થાય.

પણ પૂંજો પોતાની મર્યાદા બરાબર સમજતો હતો. પોતે જો આવેશમાં આવીને કંઈક તોડફોડ કરી નાખે

તો સહન કરવાનું તો એના ભાગે જ આવવાનું હતું. ગામ આખું એને કાં તો ઉચાળા ભરીને ગામ છોડી જવાની ફરજ પાડે કે પછી એમના હાથે જે મારકૂટ થાય એ સહન કરવી પડે. વાણિયા-બ્રાહ્મણ તો ઠીક પણ પેલા દરબાર કે પટેલ ગામલોકો તો જીવ જ લે એવા માથાભારે હતા.

પૂંજો આવી ગડમથલમાં હતો એ જ સમયે આદમજીએ એની સમક્ષ આવો અણધાર્યો પ્રસ્તાવ મૂક્યો. પૂંજાને થયું કે એની ડૂબતી નાવને ઉગારી શકે એવું જો કોઈ હોય તો એ આદમજી જ હતો. આદમજીની વાત ઉપર એણે લાંબા વખત સુધી વિચાર કર્યે રાખ્યો. પોતે મુસલમાન બને એથી શો ફરક પડવાનો હતો? આદમજી કહેતો હતો એમ ગાંગજી અને નથ્થુના ધંધાધાપા માટે જો રાજકોટ કે મુંબઈમાં ગોઠવણ થઈ શકતી હોય તો એનાથી અધિક રૂડું વળી બીજું શું હોઈ શકે? પાનેલીની શાળાનું શિક્ષણ તો ઝીણિયાએ ક્યારયનુંય પૂરું કરી નાખ્યું હતું. પણ રાજકોટ બોર્ડિંગમાં રહીને વધુ અભ્યાસ કરી શકે એવી પૂંજાની પરિસ્થિતિ નહોતી અને ઝીણિયાનું એવું સ્વાસ્થ્ય પણ નહોતું. આવા સંજોગોમાં જો આગાખાનસાહેબની દુઆથી ગાંગજી અને નથ્થુ મુંબઈમાં કમાતા-ધમાતા થાય તો ઝીણિયાને ત્યાં મોકલીને ઓછામાં ઓછું મેટ્રિક સુધી તો ભણાવી શકાય. ઝીણિયો જો મેટ્રિક પાસ થઈ જાય તો એને ક્યાંક રજવાડી કે સરકારી ચાકરી પણ મળી જાય. નબળા બાંધાનો આ દીકરો ધંધાનો ભાર તો વેંઢારી શકે એમ નથી, એટલે સરકારી નોકરીમાં એ રોટલો રળી લે અને ક્યારેય ભૂખ્યો ન રહે. આવડત હોય તો બે પૈસા કેડેય ચડાવી શકે.

પૂંજાએ મનોમન નિર્ણય કરી લીધો. પોતાના આ નિર્ણયની વાત એણે આદમજીને કરી ત્યારે આદમજી ખુશખુશાલ થઈ ગયો. એણે પૂંજાને ગળે વળગાડીને એનું મોં મીઠું કરાવ્યું. માર્ગ ભૂલેલાઓ જ્યારે પોતાની પાસે પાછા ફરે છે ત્યારે ખુદાતાલા કેવી રહેમ કરે છે એની અનેક વાત આદમજીએ ભાવાવેશમાં આવીને પૂંજાને કહી સંભળાવી. પૂંજાના મનમાં ખુદાની આ રહેમ કે આદમજીનો આ ભાવાવેશ બેમાંથી એકેયનું ખાસ કશું મહત્ત્વ નહોતું. એને મન તો પાનેલીના ગામલોકો ઉપર વેર વાળવાનું આ સહુથી સહેલું હાથવગું શસ્ત્ર હતું. આ સહુનાં મોં ઉપર આડકતરી રીતે અડબોથ મારી શકાશે, એટલું જ નહિ, ગાંગજી, નથ્થુ અને ઝીણિયો આ ત્રણેયનું ભાવિ પણ ઉજ્જવળ થઈ શકશે – એ જ એકમાત્ર મકસદ હતો.

પણ આ વાત જ્યાં સુધી પૂંજા વાલજી ઠક્કર, રઘુવંશી લોહાણા મટીને પાક પરવરદિગારનાં કદમોમાં પોતાની કુફ્ર જિંદગીનાં પાપોનું પ્રાયશ્ચિત્ત ન કરે ત્યાં સુધી બીજા કોઈના કાને જવી જોઈએ નહિ. પૂંજો નહોતો ચાહતો કે એની પત્ની કે પુત્રો સુધ્ધાં આ વાતમાં ક્યાંય આનાકાની કરે. એક વાર એ ધર્મપરિવર્તન કરી નાખશે, પછી તો એ લોકો માટે પણ બીજો કોઈ વિકલ્પ જ નહિ રહે.

આદમજીએ પૂંજાને પૂરેપૂરી હૈયાધારણ આપી. પૂંજો તો જન્નતના દરવાજે પહોંચે ત્યારે ખરો, પણ આદમજીને થયું કે એક પવિત્ર કામ કરવામાં એ નિમિત્ત બન્યો છે અને એ માટે ખુદાતાલાની મહેરબાની એના ઉપર અચૂક ઊતરશે. નામદાર આગાખાનસાહેબને ભેટ ધરવા માટે જે તૈયારીઓ થઈ રહી હતી એમાં આદમજી જે ભેટ ધરવાનો હતો એનાથી એ અત્યંત પ્રસન્ન હતો. રખે ને પૂંજો ક્યાંક ઢચુપચુ થઈ જાય એની આગોતરી તકેદારી રાખવા એણે પૂંજાને કહ્યું:

"પૂંજા, શુક્રવારની બડી નમાજમાં મગરીબ વેળાએ નામદાર આગાખાનસાહેબ જમાતખાનામાં પધારીને તારા વતી ખુદાની દુઆ માંગશે. એ વખતે બધો જરૂરી વિધિ ઈમામસાહેબ કરશે. બે દિવસ હજુ બાકી છે. તું કહેતો હો તો આપણે અત્યારથી જ રાજકોટ જઈને બધો તાલ જોઈએ. જોઈએ તો માલ પહોંચાડવા રાજકોટ જવાના બહાને આપણે નીકળીએ. ત્યાં ઈમામખાનામાં આપણા રહેવા-ખાવાનો બંદોબસ્ત થઈ રહેશે."

પૂંજાને થયું કે આદમજીની વાતમાં તથ્ય છે. જે રીતે એના મન ઉપર રોજેરોજ ભાર વધ્યે જતો હતો એ જોતાં એને લાગ્યું કે હવે ભાર વધુ વેંઢારવા કરતાં ઝટ તડ ને ફડ કરી લેવું વધુ સારું હતું. એક વાર એ મુસલમાન બની જાય પછી આખા ગામની છાતી ઉપર એ પગ મૂકીને કહેશે: "હરામખોરો! તમે મને તુરકડો અને મુસલમાન કહેતા હતા ને! લ્યો, જાઓ, હવે હું સાચેસાચ મુસલમાન થઈને તમારી છાતી ઉપર ઊભો છું. જાઓ, તમારાથી થાય તે કરી લ્યો."

જોકે આટલું મનમાં બોલતાં એનું હૃદય એક ધડકન તો જરૂર ચૂકી જતું હતું. ઘરના ગોખલામાં રહેલી શ્રીનાથજીની છબી સામે જોવાનું એણે બે દિવસથી ટાળ્યું હતું. જે ઓરડામાં આ પૂજાસ્થાનક હતું એ ઓરડામાં એ બે દિવસથી ગયો જ નહોતો.

એણે તરત જ આદમજીની વાત સ્વીકારી લીધી. બીજે દિવસે વહેલી સવારે આ બંને મિત્રો પાનેલીથી રાજકોટ તરફ રવાના થઈ ગયા.

શુક્રવારની સાંજે રાજકોટથી પાછા ફરેલા આદમજી અને પૂંજો જ્યારે પાનેલી પહોંચ્યા ત્યારે શનિવારની સવાર થઈ ચૂકી હતી. આખે રસ્તે પૂંજો માંડ બેચાર વાક્યો બોલ્યો હતો અને એને વારંવાર બોલાવવા છતાં એ શાંતિથી ચૂપચાપ બેસી રહ્યો હતો. આદમજીની પ્રસન્નતાનો કોઈ પાર નહોતો અને આ પ્રસન્નતાનું કારણ પૂંજો છે એમ સમજીને એને એ વારંવાર વધુ ને વધુ લાડ-પ્યાર કરી રહ્યો હતો. પૂંજો જ્યારે ઘરના ઉંબરે આવીને ઊભો રહ્યો ત્યારે હવે એ રઘુવંશી વૈષ્ણવ લોહાણો નહોતો, પણ નામદાર આગાખાનની દુઆ જેને પ્રાપ્ત થઈ હતી એવો પાક પરવરદિગારનો બંદો ઇસ્માઈલી ખોજો હતો.

ઘરના બંધ ઓરડામાંથી પત્ની ગાઈ રહી હતી એ મંગલાષ્ટકના શબ્દો સાંભળીને પૂંજાના પગ દરવાજા પાસે થંભી ગયા.

•

પૂંજાના મનમાં એક આશંકા તો પહેલેથી જ હતી કે પત્ની અને પુત્રો પોતાના આ ધર્મપરિવર્તનને સહજભાવે સ્વીકારી નહિ લે. પોતે જે ગણતરીઓ આ ધર્મપરિવર્તનના કારણમાં માંડી હતી એ ગણતરીઓમાં ટોચના સ્થાને તો પાનેલી ગામના તથા આસપાસના પંથકના લોહાણા સમાજના મોભીઓ અને સગાંસંબંધીઓ ઉપર ક્રોધ ઠાલવીને વેર લેવાની વાત હતી. પૂંજાના મનમાં જેવો આ વૈરાગ્નિ ધધખતો હતો એવો એની પત્ની કે પુત્રોના ચિત્તમાં ધધખતો નહોતો. નાના પુત્ર ઝીણિયાને એના સમવયસ્કોએ હડધૂત કર્યો, પણ ઝીણિયો કંઈ એવી વેરભાવના રાખે એવો નહોતો. ઝીણિયો તો બાળક હતો. એણે હજુ કંઈ દુનિયા જોઈ નહોતી. પૂંજાએ તો આ જગતને અને અનાં વહેણોને સારી પેઠે જોયાં હતાં.પોતાના ધંધામાં આડખીલી નાખવાનું આ સહુનું પ્રયોજન, પોતે ક્યાંક બે પાંદડે થઈ જાય તો એને રોકવાનું જ હતું. એમની આ દ્વેષભાવના સામે પૂંજાના ચિત્તમાં વેરભાવના ન કેળવાય તો બીજું થાય પણ શું? આમ છતાં પોતાના આ પગલાનો વિરોધ પત્ની તથા પુત્રો કરશે જ એવી ભીતિ તો તેને હતી જ. આ વિરોધને પોતે શમાવી દેશે એવો પણ એને વિશ્વાસ હતો.

પણ એનો વિશ્વાસ ઠગારો નીવડ્યો હતો.

પતિ હવે રઘુવંશી લોહાણો નહિ પણ દિવસમાં સવાર-સાંજ બે વાર ઇબાદત કરતો ઇસ્માઈલી ખોજો છે એ વાત જાણતાંવેંત પૂંજાની પત્નીના માથે તો આભ તૂટી પડ્યું હતું. ગમે તેવી વિપત્તિના સમયમાં પણ ધૈર્ય રાખનારી આ સ્ત્રી માટે આ ધર્મપરિવર્તન તો અસહ્ય અને અકલ્પ્ય હતું. એનું ખાવું-પીવું હરામ થઈ ગયું. ઘરની બહાર પગલું ભરવું પણ એને વજ્રાઘાત જેવું લાગ્યું. પડોશમાં અને ગામમાં સહુ હવે એને જે રીતે જોશે એ દૃષ્ટિની કલ્પના કરતાં જ એનાં રૂંવાડાં જાણે સળગી ઊઠ્યાં.

આ ઘરની દીવાલો વચ્ચે એણે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' અને 'ઓમ્ નમો ભગવતે વાસુદેવાય'નો પાઠ સેંકડો વાર કર્યો હતો. મંગલાષ્ટક-સ્તોત્ર અને કેટલીય આરતીઓ એને કંઠસ્થ હતાં. શ્રીમદ્ ભગવદ્ગીતાની એક પ્રત એની સાસુએ એટલે કે પૂંજાની માતાએ છેલ્લા શ્વાસ લેતી વખતે એના હાથમાં સોંપી હતી. આ પ્રતને પૂજાસ્થાનકે એણે વરસોથી સાચવી હતી. જન્માષ્ટમી, રામનવમી, નૃસિંહજયંતી કે વામન-અવતાર જેવા કોઈ મોટા ઓચ્છવ હવે ઘરમાં થતા નહિ. પૂંજાના પિતા વાલજી ઠક્કર જ્યારે જીવતા હતા ત્યારે આ ચારેય ઓચ્છવ એના ગજા પ્રમાણે ઘરમાં આછા-પાતળા ઊજવાતા. આ ઉજવણીઓ પૂંજાની પત્નીએ પણ લગ્નજીવનનાં શરૂઆતનાં વર્ષોમાં જોઈ હતી. આ ઓચ્છવો તો ભલે હવે નહોતા ઊજવાતા, પણ આ તહેવારો નિમિત્તે ઉપવાસ-એકટાણાં તો હજુય થતાં હતાં. પૂંજો ખોજો બની જાય એનો અર્થ તો એ જ થયો કે હવે

આ ઉપવાસ-એકટાણાં પણ છોડી દેવાં પડે. પૂંજાની પત્ની સૂનમૂન થઈ ગઈ. એનું આક્રંદ વણથંભ્યું ચાલુ રહ્યું.

ગાંગજી અને નથ્થુની વાત તો દૂર રહી, પણ ઝીણિયાની જે વાતથી પોતે હલબલી ઊઠ્યો હતો એ વાતને વિસારે પાડીને ઝીણિયાએ સુધ્ધાં પિતાના આ પગલાથી ભારે આઘાત અનુભવ્યો. આ સહુના મનમાં મુસલમાન બનવું એટલે ચટ્ટાપટ્ટાવાળી ભડક રંગની લૂંગી, લાંબી દાઢી, અડધું ઉઘાડું બદન અને હાથમાં છરો લઈને બકરી કે ગાયને રહેંસી નાખવા તૈયાર થનારા કોઈક ઘાતકી કસાઈનું ચિત્ર જ નજર સામે હતું. આદમજી મુસલમાન હતો અને એનામાં આવું કોઈ તત્ત્વ નહોતું એ જાણવા અને સમજવા છતાં મુસલમાનો વિશે રૂઢ થઈ ગયેલી એમની માન્યતામાં તલપૂર ફેરફાર થઈ શકે એમ નહોતો. ગાયનું પૂજન થાય, એના દેહ ઉપર જમણો હાથ ફેરવીને એ હાથ આંખનાં બંને પોપચાંએ લગાડીને એને નમન કરાય. રસોઈ કરતી વખતે ગોગ્રાસની એક ચાનકી જુદી કાઢીને ભૂખી ગાયના મોંમાં શ્રદ્ધાપૂર્વક ધરાય. આ બધું એટલું સહજ હતું કે હવે આવતી કાલે જ પૂંજો અને ઘરનાં સહુ આ ગાયની કતલ કરવા તૈયાર થઈ જશે એ કલ્પના-માત્ર સહુને ધ્રુજાવી દેતી હતી.

પૂંજાની પત્નીએ રોટલા તો ઘડ્યા અને પૂંજાની થાળી પણ પીરસી, પણ એની એક જ થાળી પીરસાઈ હતી. પત્ની અને ત્રણ પુત્રોએ અન્નનો દાણો પણ મોંમાં નાખ્યો નહિ. પૂંજો પાટલે બેઠો તો ખરો, પણ જ્યારે એણે જાણ્યું કે ઘરમાં સહુએ અન્નત્યાગ કર્યો છે ત્યારે એ સડક થઈ ગયો. એ પત્નીને ચાહતો હતો. પોતાના પુત્રો પ્રત્યે એને અપાર પ્રેમ હતો. પોતાના ધર્મપરિવર્તનમાં વેરભાવના તો હતી જ, પણ પુત્રોના ઉજ્જવળ ભાવિની ચિંતા પણ ભારોભાર હતી જ. હવે જો આ પુત્રો અને પત્ની, સહુ આટલાં બધાં વ્યથિત થતાં હોય તો પોતે ભરેલું આ પગલું એમને સુખ શી રીતે પહોંચાડી શકે? એ ભાણા ઉપરથી ઊભો થઈ ગયો. જોકે પેઢીઓથી જે સંસ્કાર એના લોહીમાં હતા એ સંસ્કારે જાણે ઉછાળો માર્યો હોય એમ પીરસાયેલી થાળીને બે હાથ જોડીને તથા માથું નમાવીને જ એ ઊભો થયો.

જેવું ઘરમાં એવું જ બહાર બન્યું. ગામના જે વડીલોએ કે જ્ઞાતિજનોએ એના સૂકી માછલીના ધંધાને વખોડીને એને તિરસ્કાર્યો હતો એ સહુએ પણ, પૂંજો જાણે રક્તપિત્તનો દર્દી હોય એમ એની સામેથી મોં ફેરવી લીધું. મોં ફેરવતી વેળાએ આ સહુએ કહ્યું પણ ખરું:

"પૂંજા, પેટ ભરાતું ન હોય તો પેટ ફોડી નાખીએ. એકોતેર પેઢીના પિતૃઓ નર્કમાં જાય એવું આ પગલું ભરતાં તને શરમ ન આવી? જેના આંગણામાં તુલસીના ક્યારાનું રોજ પૂજન થતું હતું એના આંગણે હવે તું મરઘાં હલાલ કરીશ? ગાયનું પૂજન કરવાને બદલે હવે તું એનું ગોસ્ત ખાઈશ? ને ગંદવાડમાં આળોટતા ડુક્કરની હવે શું પૂજા કરીશ? ધિક્કાર છે, પૂંજા!"

પૂંજાએ આવું બધું તો ક્યારેય વિચાર્યું નહોતું. તુલસીનો છોડ તો એનેય કેટલો ગમતો હતો! પૂંજો નાનો હતો ત્યારે વાલજી ઠક્કરે આંગણે ગાય પણ બાંધી હતી. પૂંજો ગાયને નીરણ નીરતો, લીલોછમ રજકો ખવડાવતો અને રોજ સાંજે તબડકામાં ખોળ કે કપાસિયા ગાયના મોં સમક્ષ ધરવામાં આવતા ત્યારે એ રસપૂર્વક ખાવા માંડતી અને એ જ વખતે એનું વાછરડું જનેતાના આંચળે વળગીને વહાલથી માથું મારતું ચસચસ ધાવવા માંડતું. પૂંજાને તો આ ગાય પણ કેટલી બધી વહાલી હતી! ગાયને હલાલ કરવાની કલ્પના સુધ્ધાં એને અકળાવી મૂકે એવી હતી. મકરસંક્રાંતિના દિવસે પૂંજાની માતા બાજરાની ઘૂઘરી બનાવીને ગાયનું પૂજન કરતી અને આ ઘૂઘરી ગાયને અત્યંત શ્રદ્ધાથી તથા પ્રેમપૂર્વક ખવડાવતી. આ ગાયને હલાલ કરવી એટલે –

પૂંજો ધ્રૂજી ઊઠ્યો.

એ ઘરે પાછો ફર્યો ત્યારે પત્ની તથા પુત્રો એમ ને એમ સ્તબ્ધતાથી કોકડું વળીને બેઠાં હતાં. એ ચાર જણની આઠ આંખોએ ચહેરો ઘુમાવીને પૂંજાના આગમનને જોયું તો ખરું, પણ એ આઠેય આંખોમાં જેનાં સાતેય વહાણ ડૂબી ગયાં હોય એવો શૂન્યાવકાશ હતો. ચહેરા ઉપર વિષાદના વાદળ સિવાય કોઈ ભાવ કળાતો નહોતો. પૂંજાના આગમનની બીજી કશીય નોંધ લીધા વિના સહુ આડું જોઈ ગયાં.

પૂંજો ક્યાંય સુધી ઉંબરામાં ઊભો રહીને ફળિયાના રોપેલા તુલસીક્યારા સામે જોઈ રહ્યો. આ તુલસીના

છોડ વચ્ચેથી ગળાઈને આવતી હવા એણે ઊંડો શ્વાસ લઈને ફેફસામાં ભરી ત્યારે પહેલી જ વાર લાગ્યું કે આ હવામાં પણ માંજરની સુગંધ હોય છે.

બીજો દિવસ પણ લગભગ આવો જ વીત્યો.

બધું જ જાણે અચેત થઈ ગયું હતું. પરીકથા કે લોકકથામાં કોઈક શાપિત નગરીની વાત ક્યારેક સાંભળી હતી. આ શાપિત નગરીમાં નદી, નાળાં, વૃક્ષ, પશુ, પંખી, હવા અને માણસો સુધ્ધાં સહુ એક ક્ષણમાં, જ્યાં જેમ હતાં એમ જ કોઈક બદદુઆ કે શાપને કારણે સ્થિર થઈ જતાં હતાં. પૂંજાને લાગ્યું કે પોતાને માટે પણ આ શાપ જેવું જ કંઈક બની રહ્યું હતું.

એ આદમજી પાસે ગયો. આદમજી જ તો એકમાત્ર એનો માર્ગદર્શક બની શકે એમ હતો. આદમજી સમક્ષ એણે પોતાની વ્યથા વીતક ઠાલવી દીધી.

"પૂંજા, ભાઈ, મરદ થઈને તું આમ ઢીલો થઈ જાય એ તો બરાબર નહિ. સારા અને સાચા માર્ગે જનારા સહુને શરૂઆતમાં આવો કપરો અનુભવ થતો જ હોય છે. જો તું ઈમાનદારીથી ખુદાનું શરણ પકડી રાખશે તો  આ તો તારી ઇમ્તિહાનની ઘડી છે – ખુદા જરૂર તને આમાંથી ઉગારી લેશે. ધીરજ અને હિંમત રાખ, ભાઈ! ભાભીજાન અને બચ્ચાંઓને પણ કુનેહપૂર્વક ખુદાતાલાની દુઆની આ વાત ફરીફરીને સમજાવ્યા કર. ફતેહ થશે જ."

આદમજીની સલાહ સ્વીકારીને એણે વારંવાર પ્રયત્ન તો કર્યો જ, પણ કોણ જાણે કેમ, અચાનક જ હવે એના પ્રયત્નોમાં પહેલાં જેવી ઉગ્રતા કે વેરભાવના રહી નહોતી. છેલ્લેછેલ્લે તો એણે એવું પણ કહ્યું કે જે બનવાકાળ હતું એ બની ચૂક્યું છે. એ સારું હોય કે ખરાબ, જે હોય તે, પણ હવે પત્ની અને પુત્રોએ એને સાથ તથા સહકાર આપવો જોઈએ. જો એવું કંઈ નહિ થાય તો પોતાને માટે હવે જીવવું નિરર્થક બની જશે.

"બાપુ." મોટા પુત્ર ગાંગજીએ ધીમેથી કહ્યું: "તમને અમારા માટે ભરપૂર પ્રેમ છે એમાં કોઈ શંકા નથી. જો તમે પણ અમારી લાગણીને માનતા હોય તો –"

"તો શું, દીકરા?" પૂંજાએ ઉત્સુકતાથી પૂછ્યું.

"તો તમે પાછા હતા તેવા ને તેવા બની જાઓ!" બીજા પુત્ર નથ્થુએ મોટાભાઈ ગાંગજીની વાત પૂરી કરી.

પૂંજો ચોંકી ઊઠ્યો. એણે પત્ની તરફ જોયું.

"હા, અમારા સહુ માટે પણ તમે આ ભૂલ હવે સુધારી લ્યો. તમે કહેશો તો આપણે આ બાપીકું ગામ છોડીને બીજે જતાં રહીશું. છોકરાઓ પણ મોટા થઈ ગયા છે. કાલે સવારે કમાતા-ધમાતા થશે અને વહુ-બચ્ચાઓથી ઘર ભરાઈ જશે. આ સપનું બધાં ભૂલી જશે."

પૂંજાના અંતરમાં એક સબાકો ઊઠ્યો.

"મા ખરું કહે છે, બાપુ! તમે અમારી વાત માની લ્યો! એક આટલુંક અમારું વેણ રાખો! પછી અમે આખી જિંદગી તમે જે કહેશો એ કરીશું અને શ્રીનાથજીના સોગંદ ખાઈને કહીએ છીએ –"

પૂંજાએ અત્યંત આર્જવથી બોલાયેલા આ શબ્દોની દિશામાં જોયું. ઝીણિયાની બંને આંખમાંથી આંસુ વહેતાં હતાં અને એ પોતાનું મસ્તક ભોંય ઉપર ઢાળીને કપાળ ઘસી રહ્યો હતો.

પૂંજાના હોશકોશ ઊડી ગયા. એની જીભ જાણે સાવ સુકાઈ ગઈ. એના ગળામાં શોષ બાઝ્યો. અચાનક ધરતીકંપ થયો હોય એમ બધું જ જાણે કડડભૂસ થઈને ઢગલો થવા માંડ્યું. એણે પોતાની બેય હથેળીઓ વચ્ચે લમણાં દબાવ્યાં. ક્યાંય સુધી એ એમ ને એમ બેસી રહ્યો અને પછી ઊઠીને દોડી મેડી ઉપર ચડી ગયો.

એ આખી રાત પૂંજો ઊંઘી શક્યો નહોતો. પત્નીએ તો રસોડામાં ચૂલો ચેતાવ્યો જ નહોતો. આમ છતાં વરસોથી જે પ્રથા વાલજી ઠક્કરના આ આંગણે જળવાયેલી હતી એ મુજબ તુલસીક્યારે તો સાંધ્યદીપ પ્રગટ્યો જ. આ સાંધ્યદીપનો પ્રકાશ ઘડીવાર આંગણામાં તથા ઓશરીમાં પથરાયેલો રહ્યો. જેવો એ દીવો રામ થયો કે તરત જ પાછો અંધકાર વ્યાપી ગયો. એ પછી ફાનસ કે ટમટમિયું સુધ્ધાં ઘરમાં કોઈએ પેટાવ્યું નહિ.

પૂંજો રાતભર જાગતો રહ્યો હતો, પણ એને નીચેથી કોઈ હલચલ થતી હોય એવો અણસાર સુધ્ધાં આવ્યો નહિ. આખી રાત એણે ઉઘાડી બારીમાંથી દેખાતા

આકાશમાં મટકું પણ માર્યા વિના જોયા જ કર્યું.... જોયા જ કર્યું હતું. કાતયડાનું ઝૂમખું, હરણિયાના તારાઓ, સપ્તર્ષિ અને વહેલી સવારે શુક્રનો ભળકડિયો તારો – આ બધું જ આ ઉઘાડી બારીના આકાશના ટુકડામાંથી એક પછી એક પસાર થતું રહ્યું અને પૂંજો એની સામે જોતો રહ્યો. શુક્રનો તારો આંખથી સહેજ અદીઠ થયો કે તરત જ એણે મનોમન એક નિર્ણય કરી લીધો. એ હળવેકથી ઊભો થયો. પાણિયારે જઈને હળવેથી મોં ધોયું અને પછી બે ગ્લાસ પાણી એક ઘટકઘટક પી ગયો. એના ભૂખ્યા પેટમાં પાણીની આ ધાર કોઈક તીણા હથિયારની જેમ વાગતી રહી. દબાયેલા પગલે એ સંભાળપૂર્વક નીચે ઊતર્યો. સહેજ તીણી આંખ કરીને એણે જોયું તો પત્ની અને પુત્રો ઓસરીમાં ભોંય ઉપર જ ટૂંટિયું વાળીને ગોટો વળીને સૂતાં હતાં.

એ ધીમેથી બહાર નીકળી ગયો. રાજકોટ દોરી જતી કેડીએ એણે લાંબાં લાંબાં ડગલાં ભરવા માંડ્યાં.

પૂંજો રાજકોટ પહોંચ્યો ત્યારે દિવસ ખાસ્સો ચડી ગયો હતો. રાજકોટની બજારો હલચલથી ઊભરાઈ ગઈ હતી. અગાઉ પૂંજો જ્યારે જ્યારે રાજકોટ આવતો ત્યારે થોડોક સમય મળતાંવેંત જ એ હવેલીમાં દર્શન કરવા અચૂક જતો. ક્યારેક દર્શન ખૂલવાને થોડીક વાર હોય તો એ વાટ પણ જોતો. ઠાકરોજીની જુદી જુદી ઝાંખીનાં દર્શન વિશે તો એ કંઈ ખાસ જાણતો નહોતો, પણ જે કોઈ ઝાંખી થાય એ બધી તો એને મન એકસરખી જ હતી. એક ઝાંખી બીજી ઝાંખીથી કઈ રીતે જુદી પડે છે, એવોય એના મનમાં સવાલ થતો.

પણ આજે આ હવેલીમાં દાખલ થતી વેળાએ એના પગ સહેજ અટકી ગયા. હવેલી તો વૈષ્ણવોનું પૂજાસ્થાનક હતું અને પોતે તો હવે ઈસ્માઈલી ખોજો હતો. પોતાનાં પગલાં-માત્રથી આ હવેલી અપવિત્ર થઈ જાય. ગઈ કાલ સુધી તો પોતેય આમ ક્યાં નહોતો માનતો? આજે આ હવેલીમાં પગ મૂકવાનો અધિકાર એની પાસે નહોતો. કશુંક ગુનાહિત કૃત્ય આચર્યું હોય એમ એ અંદર દાખલ તો થયો, પણ પછી પોતાને કોઈ જોઈ તો નથી રહ્યું ને એવી આશંકાથી એણે ઝડપથી ચારેય બાજુ જોયું.

હવેલીના પ્રાંગણમાં અવરજવર સાવ પાંખી હતી. ઠાકોરજીની ઝાંખીને હજુ ખાસ્સી વાર હતી. થોડાક વૈષ્ણવો જુદી જુદી સેવામાં પરોવાયેલા હતા. પૂંજો દાદર પાસેના મુખિયાજીના ઓરડા તરફ વળ્યો.

"કોનું કામ છે, ભાઈ?" પૂંજાના સદ્ભાગ્યે મુખિયાજી ઓરડાના દરવાજા પાસે જ ઊભા હતા.

"જય શ્રીકૃષ્ણ." પૂંજાએ પારંપારિક રીતે હાથ જોડીને માથું નમાવ્યું તો ખરું, પણ આ વખતે એને એક જુદો જ અનુભવ થયો. આ અગાઉ, 'જય શ્રીકૃષ્ણ'ના ઉચ્ચાર સાથે આ રીતે એણે અનેક વાર માથું નમાવ્યું હતું, પણ આવી વિચિત્ર લાગણી તો ક્યારેય થઈ નહોતી. એણે એકદમ સભાન થઈને કહ્યું: "મારે મહારાજશ્રીની આજ્ઞા લેવી છે. જો એક મિનિટ માટે મને એમનાં દર્શન કરવાનો લાભ મળશે તો મોટો ઉપકાર થશે."

પૂંજાના સદ્ભાગ્યે મુખિયાજીએ વધુ કંઈ પડપૂછ કરી નહિ. એણે માત્ર એટલું જ પૂછ્યું: "તમારું નામ શું, ભાઈ? અને તમે ક્યાંથી આવો છો? મહારાજશ્રી હમણાં જ ઉપર પધાર્યા છે."

પૂંજાએ પોતાનાં નામ-ઠામ આપ્યાં.

મુખિયાજી ઉપર ગયા. પૂંજો ધડકતા હૈયે, જાણે કોઈ પરીક્ષાનું પરિણામ આવવાનું હોય એમ, મુખિયાજીની પીઠ પાછળ જોઈ રહ્યો.

પૂંજાનું ભાગ્ય આજે પાંસરું હતું. મહારાજશ્રીની આજ્ઞા એને તરત જ મળી ગઈ. મુખિયાજીએ એને ઉપર જવાનો સંકેત આપતાં કહ્યું પણ ખરું:

"તમે નસીબદાર છો, ભાઈ! નહિ તો મહારાજશ્રી જો સેવામાં બેસી ગયા હોત તો બે કલાક સુધી તમારો પત્તો લાગત નહિ."

પૂંજો ઉપર ગયો.

ફરજા જેવા વિશાળ ખંડમાં હીંચકા ઉપર મહારાજશ્રી બિરાજ્યા હતા. એમની બેઠકની ગાદી ઉપર રેશમી ગાલીચો પાથરેલો હતો. પગ પાસે પણ એક રેશમી વસ્ત્ર બિછાવેલું હતું. પૂંજાએ વૈષ્ણવ પરંપરા અનુસાર મહારાજશ્રીને વંદન કર્યાં. બીજો કોઈ વખત હોત તો એણે ચરણસ્પર્શ કર્યા હોત, પણ આજે એને થયું કે

પોતાના સ્પર્શથી ક્યાંક વલ્લભકુળના વારસદાર અપવિત્ર થઈ જાય તો એનું પાપ પોતાને લાગે. જોકે વંદન કરતી વખતે મહારાજશ્રીનાં ચરણ પાસે એણે રૂપિયાનો એક ગોળ સિક્કો ધરી દીધો.

પુષ્ટદેહી મહારાજશ્રીએ પૂજાની આ ક્રિયાની કોઈ નોંધ લીધી નહિ.

"મહારાજશ્રી!" હીંચકાથી પાંચેક ફૂટ દૂર એક તરફ હાથ જોડીને પૂંજો ઊભો રહ્યોઃ "મારી એક મૂંઝવણ છે. આ મૂંઝવણમાં મહાપ્રભુજીની જે કંઈ આજ્ઞા હોય એ આપ મને સુઝાડો."

કશું બોલ્યા વિના મહારાજશ્રીએ એની સામે પ્રશ્નાર્થ-દૃષ્ટિથી જોયું.

"જો કોઈ વૈષ્ણવ વટલાઈને ખોજા થઈ જાય અને પછી પાછા ખોજામાંથી વૈષ્ણવ થવું હોય તો મહાપ્રભુજીની કૃપા એને મળે ખરી?" પૂંજાએ ડરતાં-ડરતાં અને જાણે હાંફતાં-હાંફતાં પૂછ્યું.

"ના. એવું કદી બને નહિ. એક વાર વટલાયેલો હિંદુ પાછો ક્યારેય હિંદુ બની શકે નહિ. હિંદુઓ બનતા નથી, જન્મે છે. વટાળવૃત્તિ એ હિંદુઓ માટે અઘોર કૃત્ય છે." મહારાજશ્રીએ એકદમ દૃઢતાપૂર્વક કહ્યું.

પૂંજો સડક થઈ ગયો. એના ચહેરા ઉપરથી લોહી ઊડી ગયું. એ માંડમાંડ બોલ્યોઃ "મહારાજશ્રી, 'શ્રીમદ્ ભાગવત'માં કે પછી મહાપ્રભુજીએ રચેલી 'સુબોધિની'માં કોઈ મુસલમાનને હિંદુ થવાનો કોઈ રસ્તો સુઝાડ્યો હોય તો કૃપા કરીને મને કહો!"

"કોઈ મુસલમાન કે ઈસાઈને હિંદુ મંદિરમાં દાખલ સુધ્ધાં થવા માટે બીજો અવતાર લેવો પડે, ભાઈ! ભાગવતધર્મ કંઈ બોડી બામણીનું ખેતર નથી!" આત્મગૌરવથી ગરદન ટટ્ટાર કરીને મહારાજશ્રીએ કહ્યું અને પછી પૂછ્યુંઃ "પણ તમારે એનું શું કામ છે? તમે તો શ્રીનાથજીની કૃપાથી વૈષ્ણવ કુળમાં જન્મ્યા છો."

પૂંજો એક શ્વાસ ચૂકી ગયો. શ્રીનાથજીની આ કૃપા તો એણે ખોઈ નાખી હતી. હાથમાં આવેલા પારસમણિને એક અબુધ બાળકની જેમ એણે ફેંકી દીધો હતો. હવે એ વૈષ્ણવ ક્યાં હતો? હવે તો એ ખોજો હતો.

અને હવે ફરી વાર વૈષ્ણવ થવા માટે તો એણે બીજો અવતાર લેવો પડે એમ હતો.

મહારાજશ્રીએ કહ્યું એટલે પૂંજો ભાંગીને ભૂકો થઈ ગયો હતો એમ ન કહી શકાય. પાછા ફરવાની દિશાનાં દ્વાર દેવાઈ જતાં હતાં એ સમજવા છતાં, બીજે ક્યાંયથી જો કોઈ ડોકાબારી મળી જાય તો એને શોધી કાઢવા પણ એણે બનતા બધા પ્રયત્નો કર્યા. રાજકોટનાં કેટલાંય મંદિરોના પૂજારીઓ, આશ્રમોના કે મઠોના મહંતો અને સાધુ-સંતોને એ સતત મળતો રહ્યો. બધેથી એને એકસરખો જ જવાબ સાંપડતો હતોઃ

"વટવાયેલાઓને હિંદુધર્મ પાછો સ્વીકારતો નથી અને બીજા ધર્મીઓને વટલાવીને હિંદુ બનાવી શકાતા નથી. હિંદુ બનવા માટે તો નવો જન્મ જ લેવો પડે."

હતાશ થયેલો પૂંજો પાનેલી પાછો ફર્યો. હવે બીજો કોઈ માર્ગ બચતો નહોતો. પત્ની તથા પુત્રો સમક્ષ એણે દિલ ફાડીને આપવીતી કહી દીધી. પોતાનાથી જે થયું હતું તે ભૂલ હોય, અપરાધ હોય કે પાપ હોય, જે કંઈ હોય તે, પત્ની તથા પુત્રોએ એને ઉદારતાથી સ્વીકારી લીધા સિવાય બીજો કોઈ રસ્તો નહોતો. જો એમ નહિ થાય તો એકલા પૂંજા માટે વધુ જીવવું માત્ર દુષ્કર જ નહિ અશક્ય હતું. જો પત્ની તથા પુત્રો ધર્મપરિવર્તન કરીને પોતાને સાથ નહિ આપે તો પોતે નાછૂટકે ગૃહત્યાગ કરીને કાં તો ક્યાંક જતો રહેશે અથવા તો સ્વેચ્છા-મૃત્યુને વરશે.

પૂંજાના આ પશ્ચાત્તાપમાં પ્રેમની સચ્ચાઈ હતી અને પ્રેમની આ સચ્ચાઈને પ્રતિસાદ પણ પ્રેમનો જ મળ્યો. હવે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ એની પ્રતીતિ થઈ એટલે સહુએ ધર્મપરિવર્તન કરીને પૂંજાને સાથ આપવાનું સ્વીકારી લીધું.

પાનેલીમાં આદમજી ખોજાના ઘરની સાથે જ પૂંજા ખોજાના એક નવા ઘરનો ઉમેરો થયો.

('પ્રતિનાયક'માંથી સાભાર. પ્રકાશકઃ પ્રવીણ પ્રકાશન, રાજકોટ, બીજી આવૃત્તિઃ ૨૦૦૬, મૂલ્યઃ રૂા.૩૫૦, પૃષ્ઠઃ ૬૧૬)

(૧૦૨-એ, પાર્ક એવન્યૂ, દહાણુકરવાડી, મહાત્મા ગાંધી રોડ, કાંદીવલી પશ્ચિમ, મુંબઈ - ૪૦૦ ૦૬૭)

## કન્યાવિવાહની ઉંમર સોળ વર્ષ

**પારુલટીના દોશી**

(શિક્ષણમહર્ષિ ડૉ. સી.એલ. પટેલના વડપણ હેઠળના ચારુતર વિદ્યામંડળે ભારતીય મહિલા વિશ્વકોશ તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે. આ પ્રકલ્પ હેઠળ વેદકાલીન સ્ત્રીઓ વિશે સંશોધનકાર્ય શરૂ થઈ ચૂક્યું છે. અહીં વૈદિક યુગની સ્ત્રીનાં વિવિધ પાસાઓ શ્રેણીબદ્ધ કરાયાં છે. આપનાં સૂચનો અને પ્રતિભાવોની પ્રતીક્ષા છે. - તંત્રી)

**વિવાહવય:**

કન્યાના વિવાહની યોગ્ય વય કઈ?

જુદા જુદા કાળમાં, અલગ અલગ ધર્મગ્રંથોમાં, વિવિધ સમાજોમાં તથા વિભિન્ન કોમ અને જાતિઓમાં આ પ્રશ્નનો ભિન્ન ભિન્ન ઉત્તર મળશે. પરંતુ વેદગ્રંથોમાં આ સવાલનો એક જ જવાબ મળે છેઃ સોળ વર્ષ એ કન્યાના વિવાહની યોગ્ય વય છે!

ઋગ્વેદના ઉપવેદ આયુર્વેદમાં કન્યાના વિવાહની વય ઓછામાં ઓછી સોળ વર્ષ માનવામાં આવી છે. સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ વૈદિક કન્યાની વિવાહ આયુ સોળ વર્ષ નિર્ધારિત કરી છે.[૧] એ જ રીતે ડૉ. ભગવત સરણ ઉપાધ્યાય[૨] અને ડૉ. વિમલાદેવી રાય[૩] એવું માને છે કે વેદગ્રંથોમાં કન્યાના વિવાહની ઉંમર સોળ વર્થ હતી. ડૉ. એ. એસ. અલ્તેકર[૪]ના મતે વેદકાલીન કન્યાની વિવાહવય સોળથી અઢાર વર્ષ હતી... આ વિધાનો અને વિદ્વાનોના અવલોકનના આધારે એમ કહી શકાય કે, વેદકાળમાં કન્યાયના બાળવિવાહ થતા નહોતા!

'વેદગ્રંથોમાં કન્યાના બાળવિવાહનું એક પણ ઉદાહરણ જોવા મળતું નથી...' ડૉ. લીલા સમતાનીએ 'સ્ટેટસ ઑફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ'માં આ નિવેદન કર્યું છે. તેમણે નોંધ્યું છે કે, 'કન્યાનાં લગ્ન બાળપણમાં થતાં નહોતાં. કન્યા તેના પિતાના ઘરમાં શારીરિક અને માનસિક રીતે સંપૂર્ણ પરિપક્વ થઈ જાય ત્યાર પછી જ તેના લગ્નનો વિચાર કરાતો હતો. ઋગ્વેદમાં વિવાહયોગ્ય કન્યાના સંદર્ભમાં પત્ય શમશન્તિ શબ્દનો ઉલ્લેખ થયો છે. આચાર્ય સાયણે આ શબ્દનું અર્થઘટન પૂર્ણપણે પુખ્ત અને પ્રજનનને લાયક એવું કર્યું છે. તેના પરથી પુરવાર થાય છે કે કન્યા ઉંમરલાયક અને સમજણી થાય તે પછી જ તેના વિવાહ કરાતા હતા.'[૫]

ડૉ. કમલા આ વિધાન સાથે સંમત છે. તેમણે 'ઋગ્વેદ મેં નારી'માં કન્યાના વિવાહકાળ વિશે નોંધ્યું છે કે, 'ઋગ્વેદમાં કન્યાનાં બાળલગ્ન કરાતાં નહોતાં. આ ગ્રંથમાં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે કે સ્ત્રીપુરુષ માતાપિતા બનવા સમર્થ હોય ત્યારે જ તેમના વિવાહ કરવા જોઈએ. ખાસ કરીને ભણેલી કન્યા વિવાહયોગ્ય ગણાતી. શિક્ષિત, સુશીલ અને સદાચારી કન્યા ગર્ભધારણ માટે આદર્શ લેખાતી. કારણ કે તેનાથી ઉત્તમ સંતાન થાય છે એવી માન્યતા હતી.'[૬]

વૈદિક સાહિત્યમાં આ પ્રકારની વિવાહયોગ્ય કન્યાઓને યુવતી કહીને સંબોધવામાં આવી છે. વ્યાકરણ અનુસાર યુ ધાતુમાંથી બનેલા યુવતી શબ્દનો અર્થ 'મેળ કરવા યોગ્ય અવસ્થા ધરાવનારી'[૭] થાય છે. ડૉ. ઉપાધ્યાયે યુવતીનો અર્થ યુવાન કુમારિકા[૮] કર્યો છે. તેમણે એવું નોંધ્યું છે કે, 'વેદગ્રંથોમાં કન્યાની અપરિણીત અવસ્થાનો નિર્દેશ કરતા જે શબ્દો નોંધાયા છે તે તેની પરિપક્વ અને યુવાન ઉંમર દર્શાવે છે. દાખલા તરીકે કના, કનીનકા અને કન્યનાનો અર્થ યુવાન કુંવારિકા થાય છે. એ જ રીતે યોષા, યોષન, યોષના અને યોષિતનો અર્થ વિવાહયોગ્ય યુવા કન્યા થાય છે.'[૯]

વેદકાળમાં વિવાહયોગ્ય કન્યાની યુવા અવસ્થાનો નિર્દેશ કરતો અન્ય શબ્દ અર્ભ છે. ઋગ્વેદમાં ઈન્દ્રએ વૃદ્ધ કાક્ષીવાનને વૃચયા નામની અર્ભ કન્યા પરણાવી હતી. ડૉ. લીલાએ અર્ભનો અર્થ યુવાન[૧૦] કર્યો છે. ડૉ. એ. એસ. અલ્તેકરના મતે પણ અર્ભનો અર્થ યુવાવસ્થા જ થાય છે. તેમણે 'ધ પોઝીશન ઑફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન'માં નોંધ્યું છે કે, 'વૈદિક સાહિત્યમાં વરકન્યા માટે અર્ભ શબ્દનો ઉપયોગ થયો છે. આ શબ્દ યુવાન અવસ્થાનો સંકેત કરે છે. વિમદે વધૂ પ્રાપ્ત કરવા પ્રતિસ્પર્ધીઓ સાથે યુદ્ધ કરવું પડ્યું હતું. સંપૂર્ણ યુવાન માટે જ યુદ્ધ કરવું શક્ય છે.

એટલે વેદકાળના વિવાહયોગ્ય વરકન્યા યુવાન હતા તે પુરવાર થાય છે.'[૧૧]

વેદકાલીન વરકન્યા યુવાન હતા એટલું જ નહીં, તેમને પોતાનાં લગ્ન અંગે નિર્ણય કરવાનો અધિકાર પણ હતો. ખાસ કરીને કન્યાઓ પોતે જ પોતાનાં લગ્ન વિશેનો અંતિમ નિર્ણય લેતી. સૂર્યની પુત્રી સૂર્યાએ સ્વયં પ્રભુતામાં પગલાં પાડવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે જ તેના વિવાહ કરાવવામાં આવ્યા હતા.[૧૨] ઋગ્વેદના એક મંત્ર પ્રમાણે, સૂર્યા હૃદયથી પતિની કામના કરતી હતી ત્યારે જ સૂર્યએ તેને અશ્વિનીકુમારો સાથે પરણાવી હતી.[૧૩] પોતાનાં લગ્નનો નિર્ણય સ્વતંત્ર રીતે લેનાર વૈદિક કન્યા યુવાન હતી એવું આ મંત્રમાં સ્પષ્ટ થાય છે.

વૈદિક કન્યા લગ્ન સમયે યુવાન હતી એવું તો વિવાહમંત્રોમાં પણ સ્પષ્ટ થાય છે. ઋગ્વેદના એક વિવાહમંત્રમાં વધૂને ઉદ્દેશીને એવું કહેવામાં આવ્યું છે કે તું સાસુ, સસરા, નણંદ અને દિયરોની સમ્રાજ્ઞી બનીને રહેજે તથા સંપૂર્ણ પરિવાર તારાથી પ્રસન્ન રહે એવો વ્યવહાર કરજે.[૧૪] અન્ય એક વિવાહમંત્રમાં એવી કામના કરવામાં આવી છે કે, નવવધૂને ઉત્તમ પુત્રવાળી અને સૌભાગ્યવતી બનાવો. તેના ગર્ભમાં દસ પુત્રની સ્થાપના થાય અને પતિ સાથે તે અગિયાર મનુષ્યવાળી બને[૧૫] એવી પ્રાર્થના પણ કરવામાં આવી છે. આ મંત્રોના સંદર્ભમાં પંડિત રામગોવિન્દ ત્રિવેદીએ 'વૈદિક સાહિત્ય'માં નોંધ્યું છે કે, 'આ પવિત્ર મંત્રોનું આજે પણ હિન્દુઓના વિવાહમાં ઉચ્ચારણ કરવામાં આવે છે. સમજણી અને ઉંમરલાયક કન્યા જ આ મંત્રો સમજી શકે એ સ્વાભાવિક છે. સાવ નાદાન બાળા આ મંત્રોને સમજી ન શકે અને કોઈ બુદ્ધિશાળી વ્યક્તિ અબોધ બાળાને આવો ઉપદેશ આપી પણ ન શકે. એટલે વૈદિક કન્યા વિવાહ સમયે ઉંમરલાયક હતી એવો સ્પષ્ટ સંકેત આ મંત્રોમાં મળે છે.'[૧૬]

ઋગ્વેદના જ અન્ય એક મંત્રમાં પત્ની પતિને સીધેસીધું જ કહે છે કે, 'હું નાદાન નથી. મારું રોમ રોમ પરિપક્વ છે. હું દાંપત્યધર્મ અદા કરવા સક્ષમ છું.'[૧૭] આ મંત્ર પણ એવો જ નિર્દેશ કરે છે કે વિવાહિત વૈદિક કન્યા યુવાન હતી.

વૈદિક કન્યા યુવાનીમાં પગરણ માંડે ત્યારે વિવાહ કરતી એવો નિર્દેશ તો મળે જ છે, પરંતુ યુવાવસ્થા પાર કર્યા પછી પણ વેદકાલીન સ્ત્રીએ લગ્ન કર્યાનું દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. વિદુષી ઘોષાએ વૃદ્ધાવસ્થામાં વિવાહ કર્યા હતા. ઘોષાને રક્તપિત્તનો રોગ થયો હતો. એટલે મોટી ઉંમરે પણ એ કુંવારી હતી. પોતાના રોગનું નિવારણ કરવા તેણે અશ્વિનીકુમારોનું આવાહન કર્યું. અશ્વિનીકુમારો દેવોના વૈદ્ય હતા. કુશળ ચિકિત્સક હતા. તેમણે ઘોષાને રોગમુક્ત કરી. નવયૌવન પ્રદાન કર્યું. પરિણામે ઢળતી ઉંમરે ઘોષાનાં લગ્ન થયાં. તેણે અશ્વિનીકુમારોનો આભાર માનતાં કહ્યુંઃ 'હે દેવો, પિતાના ઘરમાં જ્યારે એક અસહાય નારી ઘડપણને મેળવી રહી હતી, ત્યારે આપ બન્નેના સહયોગથી તેને સૌભાગ્યરૂપ વરની પ્રાપ્તિ થઈ!'[૧૮] ઋગ્વેદના એક મંત્રમાં આ ઘટનાનું નિરૂપણ કરતાં કહ્યું છે કે, 'હે અશ્વિનીકુમારો, પિતાના ઘરમાં જ રોગી અને વૃદ્ધાના રૂપમાં રહેતી ઘોષાને રોગમુક્ત કરી નવયુવતી બનાવી સુયોગ્ય વર આપ બન્નેએ જ પ્રદાન કર્યો.' [૧૯]

મોટી ઉંમર સુધી પિતાના ઘરમાં જ રહેતી આવી વૈદિક કન્યાઓ માટે ત્રણ ઉપમા પ્રયોજવામાં આવી છેઃ જેણે સંતાનોત્પાદન દ્વારા ગૌરવ પ્રાપ્ત કર્યું નથી તેવી અગ્રૂ,[૨૦] પિતાના ઘરમાં નિવાસ કરનારી પિતૃષદ[૨૧] અને પતિ પ્રાપ્ત કર્યા વિના જ વૃદ્ધ થઈ જતી અમાજુર[૨૨]... આ ઉપમાઓ પુરવાર કરે છે કે વેદકાલીન કન્યાને અપરિણીત રહેવાની પણ પૂરેપૂરી મોકળાશ હતી. ઋગ્વેદના એક મંત્ર પ્રમાણે કન્યાને જીવનભર તેના પિતાના ઘરમાં રહેવાનો[૨૩] અધિકાર હતો. અથર્વવેદમાં પણ આજીવન પિતાના ઘરમાં રહેતી અવિવાહિત કન્યાના ઉલ્લેખ છે. અથર્વવેદના એક મંત્રમાં કન્યાને માતાપિતાના ઘરમાં ભયરહિત થઈને લાંબો સમય રહેવાનું સૂચન[૨૪] કરાયું છે. બીજા મંત્રમાં કન્યાને પતિ અથવા માતાપિતા કે ભાઈના ઘરમાં સુખેથી રહેવાના[૨૫] આશીર્વાદ અપાયા છે. ત્રીજા મંત્રમાં કન્યાને સતત સાસુસસરા અથવા માતાપિતાના સાંનિધ્યમાં રહેવાના શુભાશિષ[૨૬] અપાયા છે. આ મંત્રો પણ સાબિત કરે છે કે વૈદિક કન્યાને આજીવન અવિવાહિત રહેવાની સંપૂર્ણપણે છૂટ હતી.

એટલે ડોશી કુંવારી ન મરે એ કહેવત તો પાછળથી ઉદભવી, પણ વેદકાલીન કન્યાને તો ડોશી તરીકે જીવવાનો અને ડોશી તરીકે મરવાનો સંપૂર્ણ અધિકાર હતો.

કન્યા સ્વતંત્રતાનું આનાથી મોટું પ્રમાણ શું હોઈ શકે?

**પાદનોંધ:**

૧. ऋग्वेद में नारी, ડૉ. કમલા, પૃ. ૧૧૦

૨. વુમન ઈન ઋગ્વેદ, ડૉ. ભગવત સરણ ઉપાધ્યાય, પૃ. ૫૯

૩. વેદકાલીન સમાજ ઔર સંસ્કૃતિ, ડૉ. વિમલાદેવી રાય, પૃ. ૬૯

૪. ધ પોઝીશન ઓફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, ડૉ. એ.એસ. અલ્તેકર, પૃ. ૪૯

૫. સ્ટેટ્સ ઓફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, ડૉ. લીલા સમતાની, પૃ. ૬૪

૬. ઋગ્વેદ મેં નારી, પૃ. ૧૧૦

૭. એજન

૮. વુમન ઈન ઋગ્વેદ, પૃ. ૬૦

૯. એજન

૧૦. સ્ટેટસ ઓફ વુમન ઈન વૈદિક ટાઈમ્સ, પૃ. ૬૪

૧૧. ધ પોઝીશન ઓફ વુમન ઈન હિન્દુ સિવિલાઈઝેશન, પૃ. ૫૦

૧૨. ધ સ્ટેટસ ઓફ વુમન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા, ઈન્દ્ર, પૃ. ૪૧

૧૩. सोमो वधूयुरभवदश्विनास्तामुभा वरा ।
सूर्यां यत्पत्ये शंसन्तीं मनसा सवितादात् ॥ ઋગ્વેદ૧૦.૮૫.૯

- સૂર્યપુત્રી હૃદયથી પતિની કામના કરતી હતી. જ્યારે સૂર્યે પોતાની પુત્રી સૂર્યાને અશ્વિનીકુમારોને પ્રદાન કરી, ત્યારે સોમ પણ તેની સાથે વિવાહ કરવા ઈચ્છુક હતો, પરંતુ અશ્વિનીકુમારોને જ તેના વરરૂપમાં સ્વીકારવામાં આવ્યા.

૧૪. सम्राज्ञी श्वसुरे भव सम्राज्ञी श्वश्रूवां भव ।
ननान्दरि सम्राज्ञी भव सम्राज्ञी अधि देवृषु ॥ ઋગ્વેદ ૧૦.૮૫.૪૬

- હે વધૂ, આપ સાસુ, સસરા, નણંદ અને દિયરની સમ્રાજ્ઞી સમાન છો. આપ બધાની ઉપર સ્વામિની સ્વરૂપા થાવ.

૧૫. इमां त्वमिन्द्र मीढ्वः सुपुत्रां सुभगां कृणु ।
दशास्यां पुत्राना देहि पतिमेकादशं कृधि ॥ ઋગ્વેદ ૧૦.૮૫.૪૫

- હે ઈન્દ્રદેવ, આપ આ સ્ત્રીને સુસંતતિયુક્ત અને સૌભાગ્યશાળી બનાવો. એને દસ પુત્રવતી બનાવો તથા પતિ સાથે આ સ્ત્રીને અગિયાર પરિવાર સભ્યોથી યુક્ત કરો.

૧૬. વૈદિક સાહિત્ય, પંડિત રામગોવિન્દ ત્રિવેદી, પૃ. ૧૩૭

૧૭. उपोप मे परा मृश मा मे दभ्राणि मन्यथाः ।
सर्वाहमस्मि रोमशा गन्धारीणामिवाविका ॥ ઋગ્વેદ ૧.૧૨૬.૭

- હે પતિદેવ, આપ મારી પાસે આવીને વારંવાર મારો સ્પર્શ કરો. મારાં કાર્યોને બીજી રીતે ન લો. જે રીતે ગંધારનાં ઘેટાં ઊનથી ભરેલાં હોય છે એવી રીતે હું ગુણોથી યુક્ત પ્રૌઢ છું.

૧૮. अमाजुरश्चिद्भवथो युवं भगोऽनाशोश्चिदवितारापमस्य चित् । ઋગ્વેદ૧૦.૩૯.૩

- હે અશ્વિનીકુમારો, પિતાના ઘરમાં જ્યારે એક અસહાય નારી ઘડપણને મેળવી રહી હતી ત્યારે આપ બન્નેના સહયોગથી તેને પોતાના સૌભાગ્યરૂપ વરની પ્રાપ્તિ થઈ.

૧૯. घोषायै चित्पितृषदे दुरोणे पति जर्यन्त्या अश्विनावदत्तम् । ઋગ્વેદ ૧.૧૧૭.૭

- પિતાના ઘરમાં જ રોગી અને વૃદ્ધાના રૂપમાં રહેતી ઘોષાને રોગમુક્ત કરી, નવયુવતી બનાવી સુયોગ્ય વર અશ્વિનીકુમારોએ પ્રદાન કર્યો.

૨૦. ઋગ્વેદ મેં નારી, પૃ. ૮૦

૨૧. એજન

૨૨. વૈદિક ઈન્ડેક્સ, એ.એ. મેકડોનેલ, એ.બી. કીથ, પૃ. ૩૫

૨૪. महाबुध्न इव पर्वतो ज्योक् पितृष्वास्ताम् । અથર્વવેદ ૧.૧૪.૧

- આ કન્યા ભયરહિત થઈને માતાપિતાના ઘરમાં ઘણો સમય રહે.

૨૫. एषा ते राजन् कन्या वधूर्नि धूयतां यमासा मातुर्बध्यतां गृहेऽथो भ्रातुरथो पितुः ॥ અથર્વવેદ ૧.૧૪.૨

- હે રાજન, આ કન્યા આપની વધૂ બની આચરણ કરે. આ કન્યા આપના ઘરમાં રહે, માતાપિતા અથવા ભાઈના ઘરમાં સુખપૂર્વક રહે.

૨૬. एषा ते कुलपा राजन् तामु ते परि दद्मसि ।
ज्योक् पितृष्वासाता आ शीर्ष्णः समोप्यात् ॥ અથર્વવેદ ૧.૧૪.૩

- હે રાજન, આ કન્યા આપના કુળની રક્ષા કરનારી છે, તેને અમે આપના માટે સોંપીએ છીએ. તે સતત પોતાના અથવા તમારા માતાપિતાની વચ્ચે રહે. શીર્ષથી શાંતિ અને કલ્યાણના બીજ વાવે.

૨૭. अमाजूरिव पित्रोः स्त्वा सती समानादा सदसस्त्वामिये भगम् ॥ ઋગ્વેદ ૨.૧૭.૭

- જીવનભર પિતૃગૃહમાં રહેનારી સ્ત્રીની જેમ માતાપિતાની સાથે રહેતી પુત્રી પૈતૃક ઘર પાસેથી જ ધન માગે છે.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઈકાકા સ્ટેચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦, જિ. આણંદ. મો.: ૯૮૯૮૦૭૦૨૦૫)

## સવળા શબ્દોના અવળા અર્થ
*(ગતાંકથી ચાલુ...)*

### રતિલાલ બોરીસાગર

(ગુજરાતી ભાષા-સાહિત્યની આ અપૂર્વ સામગ્રી છે એમ મારે નમ્રપણે કહેવું છે. 'સાર્થ ગુજરાતી જોડણીકોશ'ની જૂન ૧૯૯૫ની પુનર્મુદ્રિત આવૃત્તિના પાના નં. ૩૪ પર 'અપૂર્વ'નો અર્થ 'પૂર્વે નહિ બનેલું એવું' એમ આપેલો છે. આ અર્થ મુજબ તો કોઈ પણ ભાષાનું કોઈ પણ પુસ્તક 'અપૂર્વ' જ કહેવાય. પરંતુ અહીં હું 'આ પ્રકારનું' પહેલું પુસ્તક છે એમ કહેવા માગું છું. 'સાર્થ જોડણીકોશ'ની ઉપરોક્ત આવૃત્તિના ઉપરોક્ત પાના પર 'અપૂર્વ'નો બીજો અર્થ 'અસામાન્ય' એવો પણ આપ્યો છે. આ અર્થમાં પણ આ સામગ્રી 'અપૂર્વ' છે એવો દાવો કરવાની લાલચ તો થાય છે – ઘણા લેખકો કલાકારોએ પોતાની કૃતિ અંગે આવું કહેવાની હિંમત દાખવી છે – પણ 'વિવેક' નામની ચીજ (કે 'ડર' નામની ચીજ) આડે આવતી હોવાથી એવું કહેવાની હિંમત હું કરી શકતો નથી, પણ આ સામગ્રીનું અધ્યયન કર્યા પછી (કે પહેલાં પણ) તમે એને 'અસામાન્ય'ના અર્થમાં 'અપૂર્વ' કહેશો તો મને તમારી વિવેકબુદ્ધિ અને હાસ્યવૃત્તિ માટે અવશ્ય માનની લાગણી થશે.)

**લ**

**લક્ષ્મણ** – રામના નાના ભાઈ, જેને જગતની પ્રથમ સીધી રેખા દોરવાનું શ્રેય જાય છે.

**લખ્યા લેખ** – વિધિનો અફર દસ્તાવેજ.

**લગ્ન** – બે વ્યક્તિઓનું એવું જોડાણ કે જોડાયેલાં છૂટાં પડવા અને વણજોડાયેલાં જોડાવા આતુર હોય!

**લગ્ને લગ્ને કુંવારા** – વારંવાર હારવા છતાં ચૂંટણી લડવા હંમેશાં આતુર હોય તેવા ઉમેદવાર.

**લગ્નપત્રિકા** – જુઓ, કંકોતરી.

**લગ્નવરો** – જેમાં લગ્ન કરનારાંનાં માતાપિતાઓનો મરો થાય છે તે.

**લટ્ટુ** – નારીવત્સલ પુરુષ.

**લપ** – આવ્યા પછી જવાનું નામ ન લે, બોલવા ઊભા થયા પછી બેસવાનું નામ ન લે એવી વ્યક્તિ.

**લપલપિયું** – મૌન વિશે પણ કલાક બોલી જાણે એવી વ્યક્તિ.

**લબલબિયું** – જુઓ, 'લપલપિયું'.

**લબ્ધા** – પત્ની લબ્ધ (પામેલું) થયા પછી ઊભી થતી બૈરીછોકરાંની જંજાળ.

**લહિયો** – 'કોપી ટુ કોપી ને માખી ટુ માખી' – જેનો આદર્શ છે તે – નકલ કરનાર.

**લાકડાની તરવારે લડવું** – બહુમતી વગર સરકાર ચલાવવી.

**લાકડાનો લાડુ – લગ્ન** – ખાય તે પસ્તાય ન ખાય તેય પસ્તાય.

**લાકડાં ભેગાં થવું, લાકડાંમાં જવું** – જિંદગીનું લાઈસન્સ પૂરું થવું.

**લાકડે માંકડું વળગાડવું** – પરસ્પર અનફિટ એવા સ્ત્રીપુરુષને લગ્નથી જોડી દેવાં.

**લાખના બાર હજાર કરવા** – જાહેર સાહસોના વહીવટનું એકસમાન લક્ષણ.

**લાગવગ** – લાગ જોઈને વગ લગાડી દેવી તે.

**લાંચ** – જુઓ, 'રુશવત'.

**લિખિતંગ** – લખીને તંગ કરનાર.

**લીખ** – મનુષ્યમાથામાં વસતી અત્યંત નબળી જાતિ.

**લૂલી** – (સતત દોડતી રહેતી) જીભ.

**લેવડદેવડ** – ઉછીનું લેવા-આપવાનો બેવડ વાળી દે તેવો સંબંધ.

**લેસન** – વિદ્યાર્થીઓ પરનો વધારાનો કર.

**લોચાલાપસી** – સરકારી વહીવટ.

**લોટરી** – નસીબની પરીક્ષા માટેનું લિટમસ પેપર.

**લોન** – ન લો એવું કહેવાવા છતાં લેવાતી રહે છે તે – ઉછીની રકમ.

**લોલુપ** – જુઓ, 'લટ્ટુ'.

(ક્રમશઃ)

(એફ-૬૭, રતિલાલ પાર્ક, દર્પણ છ રસ્તાના સર્કલ પાસે,
એસ.આર. માર્ગ,અમદાવાદ ૩૮૦ ૦૧૪.
ફોનઃ ૦૭૯-૨૭૬૮૦૨૬૪, મો.: ૯૯૨૫૧ ૧૧૩૦૧)

## સુધીર મુખરજી

'સેમકોમ' કૉલેજના આચાર્ય ડૉ. નિખિલ ઝવેરી વિદ્યાનગરની ધૂળમાં રમીને મોટા થયેલા. સેમકોમ એટલે સરદારગંજ મર્કેન્ટાઈલ કો-ઓપરેટીવ બેન્ક લિમિટેડ (આણંદ) ઈંગ્લિશ-મીડિયમ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ મેનેજમેન્ટ... 'કઈ ફન મૌલા' – સારા વક્તા, પૂર્વ અભિનેતા, મિમિક્રી કલાકાર... પચાસ વરસ પહેલાં તેમના પિતાશ્રી મહેન્દ્ર ઝવેરી નલિની એન્ડ અરવિન્દ આર્ટ્સ કૉલેજમાં સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે જોડાયા. ઈન્ટરવ્યૂમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ એચ.એમ. પટેલે પૂછ્યું, "મિસ્ટર ઝવેરી, બૉમ્બેમાં રહ્યા પછી અહીંયા ગામડામાં રહી શકશો?" "સર, હું તો ગુજરાતના શાંતિનિકેતનમાં આવ્યો છું..." વિદ્યાર્થી-વત્સલ મહેન્દ્રભાઈએ જવાબ આપ્યો. અમુક વર્ષો પછી સરદાર પટેલ યુનિવર્સિટીમાં જોડાયા... વાત્રકવાસમાં રહી નાના નિખિલે સ્કૂલ જવાનું શરૂ કર્યું. ચાલીને જવાનું. રસ્તામાં ઝાડ પરથી કાચી કેરી પાડવા ઈંટાળાનો ઉપયોગ મિસાઈલ તરીકે કરે. ઘેરથી મીઠું, મરચું લઈ જાય. એટલે મજા જ મજા. Unalloyed joy! રસ્તામાં ક્યારેક કૂતરા અને ગધેડાની પાછળ દોડે. એ જમાનામાં અહીં કૂતરા અને ગધેડા બહુ. Open, mobile zoo...

સહેજ મોટા થયા એટલે વડીલોએ નક્કી કર્યું કે આણંદની પ્રખ્યાત ડી.એન. હાઈસ્કૂલમાં ભણવા મોકલવો. આણંદ દૂર પડે. એટલે નવાબી સવારી ઘોડાગાડી નક્કી થઈ. સવારે દસ વાગ્યે આજુબાજુના છોકરાઓ વીરેશ, હિતેશ, અશ્વિન અને નિકુંજ નિનાદની જોડે બૂમો પાડતા, પાડતા, ગમ્મત કરતાં કરતાં સ્કૂલે જાય અને પાછા આવે. સારા પરિણામ સાથે સ્કૂલ પૂરી કરી આપણી ભીખાભાઈ જીવાભાઈ કૉમર્સ કૉલેજ તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીમાં જોડાયા. એમ.કૉમ. કરતાં કરતાં ખૂબ અઘરી ગણાતી સી.એ.ની પરીક્ષા પાસ કરી.

નિખિલભાઈ અને પત્ની રજની ભાગ્યે જ રાષ્ટ્રીય એકતાની વાત કરે. તેઓ બોલવા કરતાં અમલ કરવામાં માને... ગુજરાતીભાષી નિખિલ અને કન્નડભાષી રજની બંન્ને જોડે ભણેલા. એક બીજાને ખૂબ ગમી ગયાં અને લગ્નગ્રંથિથી જોડાઈ ગયાં... Made-for-each-other couple.

પરણ્યા પછી પણ રજનીએ વર્ષો સુધી નોકરી કરી. પણ સાસુ હંસાબેનના ગુજરી ગયા પછી નોકરી છોડી દીધી. પિતાતુલ્ય સસરાની સેવા કરવા. સારી એવી આવક ગઈ, પણ રજનીને તેનો જરાય અફસોસ નથી. ક્યા બાત હૈ!

નિખિલભાઈ જ્યારે સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક એમ.બી.એ. વિભાગમાં લેક્ચરર તરીકે કામ કરતા હતા ત્યારે યુનિવર્સિટીમાં ફોર્ડ ફાઉન્ડેશનના નેજા હેઠળ કેમ્પસ ડાયવર્સિટી ઈનિશિયેટિવ (CDI) પ્રકલ્પની શરૂઆત થઈ. પ્રકલ્પના ડાયરેક્ટર પ્રો. રોહિત પ્રભાકરે તેમની કોર ટીમમાં નિખિલભાઈની પસંદગી કરી. ત્રણ વરસ સુધી આ પ્રકલ્પ ખૂબ જ સારી રીતે ચાલ્યો. કેમ્પસ અનેકવિધ સહશૈક્ષણિક પ્રવૃત્તિઓથી ધમધમતું રહ્યું... જાણવા જેવી, માણવા જેવી એક વાત. પ્રો. પ્રભાકરની કોર ટીમમાં ચાર જણમાંથી ત્રણ જણ આંતરપ્રાંતીય પ્રેમલગ્નવાળા. પ્રો. પ્રભાકર પોતે, સુલભાબેન નટરાજ અને નિખિલભાઈ... કેરળ-બંગાળ, કર્ણાટક-મહારાષ્ટ્ર તથા ગુજરાત-કર્ણાટક. આને કહેવાય Socio-Cultural Integration.

આજથી ચૌદેક વર્ષ પહેલાં ચારુતર વિદ્યામંડળે સેમકૉમ કૉલેજની સ્થાપના કરી. કૉલેજ સ્થપાઈ તેના એક બે વરસ પછી આચાર્ય શનુભાઈ પટેલના પૂર્વવિદ્યાર્થી નિખિલભાઈની આચાર્ય તરીકે પસંદગી થઈ. આજે સેમકૉમ ખૂબ જાણીતી સંસ્થા છે. 'બ્રેન્ડ એમ્બેસેડર' તરીકે એની નામના છે. નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિટેશન કાઉન્સિલ(NAAC)એ તેને 'A' ગ્રેડની સંસ્થા તરીકે પ્રમાણિત કરી છે. તેને ISO સર્ટીફિકેશન પ્રાપ્ત થયેલું છે... સરદાર પટેલ યુનિવર્સિટીના યુવક મહોત્સવમાં વર્ષોથી ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરે છે. આ કૉલેજ ખૂબ સારા વક્તાઓની નર્સરી છે. અમુક વિદ્યાર્થીઓએ તો રાષ્ટ્રીયસ્તરના પુરસ્કારો જીત્યા છે. સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ, સિન્ડિકેટ અને સંખ્યાબંધ સમિતિઓમાં ઉત્તમ પ્રદાન કરતા રહ્યા છે. આ સિદ્ધિઓ નિખલભાઈની ખૂબ સફળ રાહબરી તેમજ સ્ટાફના દરેકે દરેક સભ્યે કરેલી મહેનતનો, સંઘ ભાવનાનો પડઘો પાડે છે.

(૧૮, માનસરોવર પાર્ક, સાબરમતીવાસ પાસે,
વલ્લભવિદ્યાનગર)

## -: સૂચના :-

૧ 'વિ-વિદ્યાનગર' વલ્લભવિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારવિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામાયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨ ।વિ। માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે લેખકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઈનલેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩ સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસાર જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત લેખકની જ રહેશે; તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪ ।વિ। માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઈએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી લેખકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે એક-બે માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. પ્રત્યેક કૃતિ નીચે લેખકે પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું.

૫ 'વિ-વિદ્યાનગર' દર માસની પચીસમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોક્સાઈથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૬ લવાજમ વાર્ષિક / આજીવન, રૂબરૂમાં - મનીઑર્ડરથી - બૅન્ક ડ્રાફ્ટ - ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું પૂરું નામ-સરનામું પિનકોડ સાથે લખવું. બહારગામના બૅન્ક ડ્રાફ્ટ / ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ કાર્યાલય'ના નામે મોકલવું. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૭ વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો :

- ***ડૉ. રાજેન્દ્રસિંહ જાડેજા, ચારુતર વિદ્યામંડળ, પો.બો.૨૨, વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦,જિ. આણંદ. ફોનઃ (૦૨૬૯૨) ૨૩૦૧૯૩***
- ***પ્રા. હરિ દેસાઈ, નિયામક : સેરલિપ, ભાઈકાકા લાયબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ.આણંદ. ફોન : (૦૨૬૯૨) ૨૩૩૧૯૧ મોઃ ૯૮૯૮૫ ૪૩૮૮૧***
  ***ઈ-મેઈલ :*** editor.vidyanagar@gmail.com

લવાજમ : વાર્ષિક : રૂ. ૧૫૦/- સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ રૂ. ૧૦૦/-
આજીવનઃ રૂ. ૧૫૦૦/-
વિદેશમાં ૨૫ ડૉલર અથવા ૧૫ પાઉંડ; આજીવન ૧૦૦ ડોલર અથવા ૭૦ પાઉંડ
છૂટક નકલની કિંમત રૂ.૧૫+ રવાનગી ખર્ચ રૂ.૧૦/-